Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI

# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦

₹ 50-00

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ જુન, ૨૦૨૫


Published on - 01 June 2025

એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઇ. પટેલ

Editor-Dr. Prabhudas I. Patel



# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

- ★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર
- ★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.
- ★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.
- ★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.
- ★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.
- ★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.
- ★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.
- ★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.
- ★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.
- ★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.
- ★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.
- ★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.
- ★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.
- ★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.
- ★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.
- ★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.
- ★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.
- ★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.
- ★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

20+ વર્ષથી સ્ત્રી આરોગ્યમાં નિષ્ણાત

# મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ

મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ, અમદાવાદની અગ્રણી મહિલાઓ માટેની વિશેષ હોસ્પિટલ છે, જ્યાં અમે એન્ડોમેટ્રિઓસિસ, ગર્ભાશય, આઈવીએફ, અને સ્ત્રી સ્વાસ્થ્ય માટે અદ્યતન સારવાર પ્રદાન કરીએ છીએ.

**ફર્ટિલિટી ક્લિનિક**
IVF, IUI અને માતૃત્વ માટે નવી આશા



**એન્ડોમેટ્રિયોસિસ ક્લિનિક**
એન્ડોમેટ્રિઓસિસ માટે વિશિષ્ટ સારવાર અને ઝડપી રાહત



**એસ્થેટિક ક્લિનિક**
સ્કિન અને હેર માટે એડવાન્સ બ્યુટી ટ્રીટમેન્ટ





ડૉ. સંજય પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



ડૉ. સ્મિત પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



ડૉ. જયા પટેલ,
ફર્ટિલિટી નિષ્ણાત



ડૉ. રવિના પટેલ,
સ્ત્રીરોગવિજ્ઞાન નિષ્ણાત

#1 મેફ્લાવર હાઉસ, હેલ્મેટ ક્રોસ રોડ, ડ્રાઈવ-ઇન, અમદાવાદ
#2 2જો માળ, સત્યમેવ એલિટ, આંબલી, જંકશન, સરદાર પટેલ રીંગ રોડ, બોપલ, અમદાવાદ

+91 79274 95001

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ એક વૈશ્વિક વિચારધારા

**જુન ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૪, **અંક : ૨૬**
**સળંગ અંક : ૩૭**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**June 01, 2025**
**Year :** 04, **Ank :** 26
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ — Padmashri-Dr. Kumarpal Desai
પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ — Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ: / Editor Board :**
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | ઓપરેશન સિન્દુરની સફળતાને સલામ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | મહર્ષિ યાજ્ઞવલ્ક્યજી | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | ઉમાસૃષ્ટિ એટલે દેવીસૃષ્ટિ | ચંદ્રકાન્ત પટેલ 'સરલ' | ૧૧ |
| ૬. | દેવર્ષિ નારદની ભવ્યતા | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૧૪ |
| ૭. | ભગવાન જગન્નાથની રથયાત્રા | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૮ |
| ૮. | ડો. પ્રભુદાસ પટેલને "ગુજરાત ગરિમા" એવોર્ડ એનાયત | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૨૨ |
| ૯. | હકારાત્મક અભિગમ | મૌલિક સોની | ૨૩ |
| ૧૦. | ફોરેન્સિક સાયન્સ : અનેક શક્યતાઓ | બંસી પટેલ "ધ્યાનમ્" | ૨૫ |
| ૧૧. | મમ્મા, તું પણ સારી થઈ જશે તે પછી આપણે મસ્તી કરીશું | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૨૭ |
| ૧૨. | "સ્વ"ને ચાહવું એટલે શું ? | શ્રીમતી સુનિતા ડી. વ્યાસ | ૨૯ |
| ૧૩. | લગ્ન એક સંસ્કાર | મનોરભાઈ એમ. પટેલ | ૨૯ |
| ૧૪. | વાણી સાચી જાણ | ડો. ભાવેશ જેતપરિયા | ૩૦ |
| ૧૫. | જો તમારૂં ભોજન અશુદ્ધ હશે... તો તમારૂં મન પણ અશુદ્ધ જ રહેવાનું | રસિક પટેલ | ૩૨ |
| ૧૬. | વસ્ત્રદાનની અવિરત સેવા - | અરૂણ આર. પંડ્યા | ૩૩ |
| ૧૭. | ભારતના વિશ્વ વિખ્યાત હિલ સ્ટેશનો | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૬ |
| ૧૮. | આપણાં ફેફસા | ડો. સૌરભ વણઝારા | ૩૮ |
| ૧૯. | પોત પોતાના ડોક્ટર ન બનો | ડો. જિતેન્દ્ર અઢિયા | ૪૦ |
| ૨૦. | વિજ્ઞાન સાથેની વિશિષ્ટ આવડતની ગૂંથણી "ભૂતળમાં પાણી કળણ" | હીરજી ભીંગરાડિયા | ૪૨ |
| ૨૧. | હોળી...લાલ-પીળીને ફૂલ ગુલાબી | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૪ |
| ૨૨. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૫ |
| ૨૩. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૭ |


⌘ ⌘ ⌘

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે


# વેદોનો દિવ્ય સંદેશ

**उद्दत्तमं मुमुग्धि नो वि पाशं मध्यमं चृत ।**
**अवाधमानि जीवसे ।।** (ઋગ્વેદ ૧/૨૫/૨૧)

**ભાવાર્થ :** પુત્રની ઈચ્છા, ધનની ઈચ્છા અને પ્રતિષ્ઠા મેળવવાની ભાવનાથી મુક્ત બની આપણે આગળ વધવું જોઈએ, કારણ કે એવી ભાવનાથી આપણો આત્મા કલંકિત થઈને દુઃખ ભોગવે છે.

**સંદેશ :** સંસારનાં બધાં જ પ્રાણીઓ સુખની ઈચ્છા રાખે છે અને તેઓ હંમેશા એવા જ પ્રયત્નો કરે છે કે ઉત્તરોત્તર તેમનાં સુખોમાં વૃદ્ધિ થતી રહે. વિવિધ પ્રકારનાં સાધનો અથવા સુવિધાઓ પ્રાપ્ત કરી લેવા એ જ સુખ છે એવી માન્યતા ભૌતિકવાદી સંસ્કૃતિનો આધાર છે. નીતિ-અનીતિ, યોગ્ય કે અયોગ્યનો વિચાર કર્યા વિના કોઈ પણ રીતે સંસારની બધી જ વસ્તુઓ માનવી પોતે એકલો જ હડપ કરી જવા ટાંપીને બેઠો હોય છે. આ રીતે વિવેકહીન બનીને, ભોગવિલાસમાં મગ્ન બનીને મનુષ્ય પોતાની જાતને કમજોર બનાવી રહ્યો છે. એના કારણે તેને મળેલું સુખ ભોગવવાની શક્તિ પણ તે ગુમાવી બેસે છે. સુખનો અતિરેક થાય એમાં પણ એક પ્રકારનું દુઃખ હોય છે.

ભારતીય અધ્યાત્મવાદી સંસ્કૃતિ સુખથી પણ આગળ જઈને સંતોષ તથા આનંદને વધારે મહત્વ આપે છે. સુખ અને સંતોષ એ બંનેની વચ્ચે રાતદિવસ અને આકાશપાતાળ જેટલું વિશાળ અંતર છે. સુખ ભૌતિક છે, જ્યારે સંતોષ આધ્યાત્મિક છે. સુખ ભોગવીને માણી શકાય છે, જ્યારે સંતોષ અનુભવીને પ્રાપ્ત કરી શકાય છે. મનુષ્ય હંમેશા આત્મસંતોષ અને આનંદપ્રાપ્તિની ઈચ્છા કરતો રહે છે. મનુષ્યને કેટલીક વખત સુખ




પ્રાપ્ત કરવાથી સંતોષ મળતો હોય છે, તો ક્યારેક સુખનો ત્યાગ કરવાથી સંતોષ થતો હોય છે. કોઈ રોગીની સેવામાં રાતદિવસ લાગેલા રહીને અપાર કષ્ટો સહન કરવા છતાં પણ ત્યાં આપણને આત્મિક શાંતિ અને સંતોષનો અનુભવ થાય છે. વાસ્તવમાં સુખનો આધાર ભૌતિક સાધનો પર નથી, પરંતુ માનવીના મનની સ્થિતિ ઉપર રહેલો છે. આથી જ તો સાધનસંપન્ન હોવા છતાં પણ મોટા ભાગના લોકો દુઃખી જોવા મળે છે, જ્યારે સાધનોના અભાવવાળો ખેડૂત કે મજૂરી કામ કરીને જીવતો માનવ સુખી, પ્રસન્ન અને પ્રફુલ્લિત રહેતો જોવા મળે છે.

આજે ચારેબાજુ મોટાભાગના લોકો સુખપ્રાપ્તિ માટેના અવળા રસ્તા પર ચાલી રહ્યા છે. માનવી જ્યારે માત્ર પોતાના જ સુખની ચિંતામાં પડે છે ત્યારે તે બીજાઓની લેશમાત્ર પરવા કરતો નથી. આવો મનુષ્ય ખૂબ જ સ્વાર્થી બની જાય છે એ બીજાઓને પણ દુઃખ પહોંચાડતો હોય છે, પરંતુ તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાઓ અનંત છે. સ્વાર્થની માયાજાળનો ખુબ ઓછા લોકોને લાભ મળે છે. મોટાભાગના લોકોનું તેના દ્વારા શોષણ થતું રહે છે. આવું આચરણ કરનારા લોકો અનૈતિક, તકવાદી અને શોષણખોરોના ઘૃણિત નામથી ઓળખાય છે. તેઓ પુત્રની ઈચ્છા, ધનની ઈચ્છા અને પ્રતિષ્ઠા મેળવવાની ભાવનાથી સંસારમાં ઘણી લૂંટફાટ કરે છે.

આવા લોકો બહારથી ખૂબ જ સુખી હોય તેવું લાગે છે, પરંતુ તેમની પાસે તમામ સાધનો હોવા છતાં અંદરથી તેમને સુખનો સ્વાદ ચાખવા મળતો નથી. તેવા લોકોના પુત્રો અને ઘરનો દરેક સભ્ય કુમાર્ગે ચાલતો થઈ જાય છે અને છેવટે ચારેબાજુથી તેમને અપયશ જ મળે છે.

આદર્શ સમાજ તેને કહેવાય છે કે જેમાં દરેક મનુષ્યને પોતાની સંપૂર્ણ પ્રતિભા અને ક્ષમતાનો વિકાસ કરી સુખનાં સાધનોની વૃદ્ધિ કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હોય. સાથે સાથે પ્રત્યેક મનુષ્ય બીજા મનુષ્યોની સ્વતંત્રતામાં આડે ન આવે, પરંતુ તેમને સહયોગ આપે. જો મનુષ્ય આ હકીકતને સમજીને લોભ, મોહ અને સ્વાર્થથી મુક્ત બની જાય તો તેનું જીવન ક્યાંથી ક્યાં પહોંચી જાય.

એના માટે મનુષ્યની આત્મશક્તિ જ તેને પ્રેરણા આપી શકે છે. જે મનુષ્ય આત્મબળથી જેટલો પરિપૂર્ણ હશે તેટલો જ તે આ મોહમાયાનાં બંધનોને તોડી નાખવા માટે સમર્થ બની શકશે. ■

## પ્રમુખશ્રીની કલમે

# ઓપરેશન સિન્દૂરની સફળતાને સલામ

મિત્રો, નમસ્કાર !

આચાર્ય ચાણક્ય નીતિ કહે છે કે, "सठे साठ्यम समाचरेत । अर्थात्" દુષ્ટ સાથે દુષ્ટતાનો વ્યવહાર કરવો જોઈએ. માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબે દેશની સુરક્ષા અને સ્વાભિમાનની રક્ષા માટે "ઓપરેશન સિન્દુર" દ્વારા પાકિસ્તાન પર કરેલી એરસ્ટ્રાઈક આ વાતની પૃષ્ટિ કરે છે. તે માટે "વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન" તેમને કોટિ કોટિ અભિનંદન પાઠવે છે.



પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના પહેલગાંવમાં ૨૭ જેટલા હિંદુ પર્યટકોની ધર્મ પૂછીને તેમની પત્ની અને બાળકો સામે ગોળી મારીને નિર્મમ હત્યા કરી. સમગ્ર દેશમાં આક્રોશની લાગણી ઉદ્‌ભવી. પાકિસ્તાનને ખતમ કરીને બદલો લેવાની માગ થઈ રહી હતી. દેશભરની સ્ત્રીઓની આંખોમાં આંસુ છલકાઈ ગયા હતા. જેના પ્રતિકાર રૂપે માનનીય વડાપ્રધાન મોદી સાહેબે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને નયા ભારતના મિજાજનો પરચો સમગ્ર દુનિયાને બતાવ્યો છે.




ભારતીય સૈન્યે પાકિસ્તાની સરહદ ઓળંગ્યા વિના જ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકીઓની ફેક્ટરી જેવા નવ અડ્ડાઓ પર માત્ર ૨૫ મિનિટમાં ૨૪ મિસાઈલ હુમલા કરીને ૧૦૦ થી વધુ આતંકીઓ અને ૪૦ જેટલા સૈનિકોને ઠાર કરી દીધાં. આ સાથે જ ભારતીય સૈન્યે માત્ર પહેલગાંવ જ નહીં. પણ અગાઉના બધા જ આતંકી હુમલાઓનો બદલો લઈ લીધો છે. સરહદથી ૧૦૦ કિમી. દૂર આતંકીઓના અડ્ડાઓને જમીન દોસ્ત કરીને ભારતીય સેનાએ અપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આતંકીઓ વિરુધ્ધ કરેલ જવાબી કાર્યવાહી ભારતની દરેક મહિલાઓના આક્રોશના પ્રતિકારનું પરિણામ છે.

આતંકવાદને હથિયાર બનાવીને ભારત સામે સતત પ્રોક્સિવોર ચાલુ રાખનાર પાકિસ્તાનને આ મોટી લપડાક છે. ૨૨ એપ્રિલના રોજ આતંકી હુમલો થયો. ભારતીય પ્રજા આ હુમલાનો બદલો લેવા અધીરી હતી. પરંતુ ભારતે તુરંત જ કોઈ મોટી પ્રતિક્રિયા આપવાને બદલે ધીરજથી કામ લીધું. તેની સામે કૂટનીતિક પગલાંઓ લેવાનું શરૂ કર્યું. સિંધુ જળસિંધ અટકાવી, પાકિસ્તાનીઓને પાછા કાઢ્યા, વેપાર બંધ કરી દીધો અને આંતરરાષ્ટ્રીય સ્તરે આંતકના આકાઓને ઉઘાડા પાડી દીધા. ૬ મેની રાત્રે ભારતના જાંબાઝ જવાનોએ પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને આતંકવાદીઓને માર્યા. પ્રધાનમંત્રીએ મહાસત્તાઓ સામે ઝૂક્યા વગર મક્કમ વલણ અપનાવીને દેશના નાગરિકોની સુરક્ષા કરવા માટે પાકિસ્તાનને જોરદાર તમાચો માર્યો છે.

આજે ૧૯૯૧ની હિન્દી ફિલ્મ "સૌદાગર"નો અનોખા અંદાઝમાં કહેવાયેલો રાજકુમારનો એ ડાયલોગ યાદ આવે છે. જે અહીં ખૂબ બંધ બેંસતો છે : "જાની... હમ તુમ્હેં મારેંગે ઔર જરુર મારેંગે, લેકિન વહ બંદુક ભી હમારી હોગી, ગોલી ભી હમારી ઔર વક્ત ભી હામારા હોગા, બસ જમીન તુમ્હારી હોગી" !

ભારતની સરહદ ઓળંગ્યા વિના આ હુમલામાં મળેલી સફળતામાં હેમર મિસાઈલ, સ્કૈલ્પ મિસાઈલ, રાફેલ ફાઈટર જેટ, મિરાજ -૨૦૦૦ ફાઈટર, સુખોઈ-૩૦ યુદ્ધ વિમાન, એસ - ૪૦૦ સુદર્શન બોમ્બ અને બ્રહ્મોસ સુપરસોનિક ક્રુજ મિસાઈલ જેવા આધુનિક શસ્ત્રો અને ભારતની ટેકનોલોજીનો ફાળો વિશેષ છે.

ભારતીય સેનાએ અદ્દ્ભુત શૌર્ય અને પરાક્રમનો પરિચય આપતા એક નવો ઇતિહાસ રચ્યો છે. સેનાએ સટીકતા, સતર્કતા અને સંવેદનશીલતા સાથે કાર્યવાહી કરી છે. આપણે જે લક્ષ્ય નક્કી કર્યા હતા, તેને સટિકતાથી ધ્વવસ્ત કર્યા અને કોઈ પણ નાગરિક ઠેકાણાને સહેજ પણ અસર ન થવા દેવાની સંવેદનશીલતા પણ બતાવી છે. આપણે કેવળ એમને જ માર્યા, જેમણે આપણા માસૂમોને માર્યા હતા. **"जिन्ह मोहि मारा ते मैं मारे....."** (હનુમાનજી-રાવણ સંવાદ)

ઈતિહાસ એ વાતની ગવાહી પૂરે છે કે, પાકિસ્તાન સાથેના અગાઉના યુદ્ધમાં ભારતે જીતેલો લાહોર સુધીનો પ્રદેશ મંત્રણાના મેજ પર પાછો ધરી દઈને ભારતીય સેનાએ દર્શાવેલી વીરતાને ઠંડો પ્રતિસાદ આપીને ભવિષ્યની સમસ્યાને જે-તે સમયની સરકારે જન્મ આપ્યો હોય તેવું ભારતની પ્રજા અનુભતી હતી. પરંતુ આજે ભૂતકાળની ભૂલોને વર્તમાન સરકાર સુધારવાની દિશામાં આગળ વધી રહી છે તેનું ગૌરવ સમગ્ર દેશ અનુભવી રહ્યો છે.

વર્તમાન ભારત એ નયા ભારતનો મિજાજ ધરાવે છે. જેના વિચારોમાં ભારોભાર રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝ પ્રવર્તે છે. શક્તિશાળી અને પ્રચંડ તાકાત ધરાવતું આજનું ભારત ક્યારેય ઝૂકશે નહીં અને દુશ્મનોને તેના ઘરમાં ઘૂસીને વીણી-વીણીને મારશે તેવો વિશ્વાસ ભારતની શક્તિશાળી સેના અને વર્તમાન સરકારે પ્રજામાં પ્રસ્થાપિત કર્યો છે.

આ એ બદલાયેલ ભારત છે કે જે પીઓકે પાછું લેવાની અને દુનિયાની ભૂગોળમાંથી દુશ્મનનું નામ ભૂંસી નાખવાની શક્તિ ધરાવે છે. પ્રધાનમંત્રી મોદી સાહેબના નેતૃત્વમાં આપણી સેનાના શૂરવીર જવાનોએ પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ભારતની અખંડતા અને એકતા સાથે ચેડાં નહીં ચાલે. આ ઓપરેશન સિન્દુર કરોડો દેશવાસીઓની લાગણી અને આક્રોશનો પડઘો છે.

સૌથી પહેલાં તો "ઓપરેશન સિંદૂર"નામ પસંદ કરવા માટે ભારતીય ફૌજને ધન્યવાદ આપવા પડે, કારણ કે આ નામમાં કરોડો ભારતીયોનો આક્રોશ ધબકે છે. ભારતીય સંસ્કૃતિમાં સિંદૂરનું વિશેષ મહત્વ છે અને તેના સન્માનની રક્ષા માટે રાજાથી માંડીને રંક માણસે પણ નિર્ણાયક પગલાં લીધાં છે. હિંદુ પરંપરા મુજબ પતિ એ સ્ત્રીનો સુહાગ છે. સ્ત્રીના લલાટ પર શોભતું સિંદૂર એ તેની તમામ ખુશહાલીનું પ્રતીક મનાય છે. આતંકવાદીઓએ ભારત માતાના મસ્તક પર હુમલો કરી સ્ત્રીઓના સિંદૂર મિટાવ્યા હતા. "ઓપરેશન સિંદૂર"ની ગૂંજ પુરી દુનિયામાં સંભળાઈ રહી છે. તેની કમાન સંભાળનારા સેનાની ત્રણેય પાંખના વડાઓ - થલ સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, એર ચીફ માર્શલ અમરપ્રિતસિંહ, નૌસેનાધ્યક્ષ એડમિરલ દિનેશકુમાર ત્રિપાઠીને આપણે કોટી કોટી અભિનંદન આપીએ છીએ. દેશને તેમના પર ગર્વ છે.

"ઓપરેશન સિંદૂર"અંગે સમગ્ર વિશ્વને પ્રેસ બ્રિફિંગ કરનાર બે પૈકી એક મહિલા કર્નલ સોફિયા કુરેશી વડોદરાના છે. તેમની ત્રણ પેઢી આર્મીમાં સેવા આપે છે. તેમને પણ આપણે અભિનંદન આપીએ છીએ. અને મોદી સાહેબના નિર્ણાયક નેતૃત્વમાં કામ કરતી વર્તમાન સરકારને રાષ્ટ્રીય ભાવના અને સનાતનના ઉત્થાનને વરેલી સંસ્થા "વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન" અભિનંદન પાઠવે છે અને સરકારના આ સરાહનીય પગલાનું ભરપૂર સમર્થન કરે છે.

ઓપરેશન સિન્દુર એ માત્ર પાકિસ્તાનને જ નહીં પણ વિશ્વના તમામ દેશો માટે એક સંદેશ છે. આ તકે આપણે એટલું જ કહીએ કે:

**"એક ચૂટકી સિંદૂર કી કિંમત તુ ક્યા જાનો શરીફબાબુ,**
**સિંદૂર તો સિર્ફ ઝાંકી હૈ, મહેંદી-હલ્દી અભી બાકી હૈ "**

**જય જવાન....જય ભારત..... જય હિંદ કી સેના**

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક જાણીતા કેળવણીકાર અને સરકાર દ્વારા
"ગુજરાત ગરિમા" એવોર્ડથી વિભૂષિત છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજીના રાજતિલકના સમાચાર સાંભળી હૃદયમાં ઘણા હરખાઈ રહ્યા છે, પરંતુ કૈકેયીના હૃદયમાં બળતરા થઈ રહી છે. કુસંગતિ પામીને કોણ નષ્ટ નથી થતું?

**હવે આગળ :**

सॉंझ समय सानंद नृपु गयउ कैकई गेहँ ।
गवनु निठुरता निकट किय जनु धरि देह सनेहँ ॥

સંધ્યા સમયે રાજા દશરથ આનંદ સાથે કૈકેયીના મહેલમાં ગયા. રાણી તો કોપભવનમાં હતાં. કોપભવનનું નામ સાંભળીને રાજા ડરી ગયા. ભયના કારણે તેમના પગ આગળ નથી વધતા. સ્વયં દેવરાજ ઈન્દ્ર જેમની ભૂજાઓમાં વસે છે; તે રાજા દશરથ સ્ત્રીની રીસ સાંભળીને સૂકાઈ ગયા.

सभय नरेसु प्रिया पहिं गयऊ ।
देखि दसा दुखु दारुन भयऊ ॥

રાજા બીતાં બીતાં પોતાની પ્રિય રાણી કૈકેયી પાસે ગયા. તેની દશા જોઈને તેમને ઘણું દુઃખ થયું. કૈકેયી જમીન પર પડ્યાં છે; જૂનાં કપડાં પહેર્યા છે, શરીર પરથી અલંકારો ઉતારીને ફેંકી દીધા છે રાજા રાણી પાસે જઈને કોમળ વાણીથી બોલ્યા.

केहि हेतु रानि रिसानि परसत
पानि पतिहि नेवारई ।
मानहुँ सरोष भुअंग भामिनि
बिषम भाँति निहारई ॥


હે રાણી ! કેમ ગુસ્સે ભરાયાં છો ? એમ કહી રાજા તેને હાથથી સ્પર્શ કરે છે તો રાણી ઝાટકો મારી હટાવી દે છે. તુલસીદાસજી કહે છે કે રાજા દશરથ ભાવિના વશમાં થઈને આને કામદેવની ક્રીડા જ સમજી રહ્યા છે. રાજા વારંવાર કહી રહ્યા છે, હે સુમુખી ! હે સુલોચની મને તારા ક્રોધનું કારણ તો સંભળાવ.

प्रिया प्रान सुत सरबसु मोरें ।
परिजन प्रजा सकल बस तोरें ॥

હે પ્રિયે ! મારી પ્રજા, કુટુંબ, પુત્ર મારા પ્રાણ આ બધું તારા વશમાં છે. જો હું તારાથી કંઈ કપટ કરીને કહેતો હોઉં તો હે ભામિની! મને, સો વાર રામના સોગંદ છે. તારી ઈચ્છા હોય તે માગી લે અને તારાં મનોહર અંગોને આભૂષણોથી સજાવ હે પ્રિયે ! જલદી આ ખરાબ વેશને ત્યજી દે.

यह सुनि मन गुनि सपथ
बडि बिहसि उठी मतिमंद ।
भूषन सजति बिलोकि मृगु
मनहुँ किरातिनि फंद ॥

આ સાંભળીને મનમાં રામજીના સોગંદનો વિચાર કરી મંદબુદ્ધિ કૈકેયી હસતાં હસતાં ઉઠી અને ઘરેણા પહેરવા લાગી. પોતાના ચિત્તમાં કૈકેયીને સુહદ જાણીને રાજા દશરથ પુલકિત થઈ કોમળ વાણી ફરી બોલ્યા.



रामहि देउँ कालि जुबराजू ।
सजहि सुलोचनि मंगल साजू ॥

હે ભામીની ! નગરમાં ઘેર ઘેર આનંદના વધામણાં વાગી રહ્યાં છે. હું કાલે જ રામને યુવરાજનું પદ આપી રહ્યો છું. એટલે હે સુનયની! તું મંગળ સાજ સજ. આ સાંભળતા જ તેનું કઠોર હૃદય ફાટી પડ્યું. છતાં આ ભારે પીડા તેણે હસીને છુપાવી લીધી અને બોલી.

जानेउँ मरमु राउ हँसि कहई ।
तुम्हहि कोहाब परम प्रिय अहई ॥

હે પ્રિયતમ! આપ માગ માગ તો કહી રહ્યા છો, પણ કશુંય આપતા નથી. આપે બે વરદાન આપવાનું કહ્યું હતું. પણ મને તો તેમાં પણ શંકા છે. ત્યારે રાજાએ હસીને કહ્યું; હવે હું તમારો મર્મ સમજ્યો. તમે એ વરદાન જમા રાખીને પછી કદી માગ્યાં જ નહીં, અને મારો ભૂલકણો સ્વભાવ હોવાથી મને પણ તે પ્રસંગ યાદ ન રહ્યો. ■

(ક્રમશઃ આવતા અંકમાં)




**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# મહર્ષિ યાજ્ઞવલ્કયજી

ગતાંકથી ચાલુ.....

**એક જ ઋષિએ વેદની સમગ્ર સંહિતાનું દર્શન કર્યું હોય એવા તો એકમાત્ર મહર્ષિ યાજ્ઞવલ્ક્ય જ છે - એકમેવ અદ્વિતીય !**



શ્રીમદ્ ભાગવત (૧૨-૬-૬૪)માં પણ યાજ્ઞવલ્ક્યજીને દેવરાત (મૂળ નામ શુનઃશેપ)ના પુત્ર ગણવામાં આવેલ છે.

યાજ્ઞવલ્ક્યજીએ વૈશંપાયનજી પાસેથી જે વેદ પ્રાપ્ત કર્યો હતો અને તેનો ત્યાગ કર્યો હતો તે કૃષ્ણ યજુર્વેદ ગણાય છે. યાજ્ઞવલ્ક્યજીને નવલાં દર્શનથી પ્રાપ્ત થયેલ શુક્લ યજુર્વેદ વિદ્વાનોમાં એટલા વ્યાપક પ્રમાણમાં સ્વીકૃત, માન્ય અને સેવ્ય બની ગયો કે કૃષ્ણ યજુર્વેદને સેવનારા સાવ અલ્પસંખ્ય બની ગયા. આજે પણ યજ્ઞો, પૂજા, અનુષ્ઠાન, સંસ્કારો આદિ કર્મોમાં મહદંશે શુકલ યજુર્વેદના મંત્રોનો જ વિનિયોગ થાય છે. 'રુદ્રાષ્ટાધ્યાયી' નામથી જે મંત્રો દ્વારા ભગવાન સદાશિવની ઉપાસના થાય છે, તે મંત્રો શુકલ યજુર્વેદ સંહિતામાં ઉપલબ્ધ છે. આમ, એક નવી સંહિતાનું દર્શન અને પ્રણયન કરીને મહર્ષિ યાજ્ઞવલ્કજીએ ભારતવર્ષની સમગ્ર પ્રજા પર મહાન ઉપકાર કર્યો છે અને એમ કરીને ભારતને ઘડવાના કાર્યમાં તેમણે વિરલ કહી શકાય તેવું અને તેટલું પ્રદાન કર્યું છે.

**મહાન જ્ઞાની વિદેહરાજ જનકના ગુરુ પણ યાજ્ઞવલ્ક્યજી છે. રામચરિતમાનસના એક પ્રવક્તા તરીકે પણ યાજ્ઞવલ્ક્યજી (જાગબલિકજી) છે. તેમણે પ્રયાગમાં ભરદ્વાજજીને રામચરિતમાનસ સંભળાવી છે.**

ગુરુપ્રણીત જીવનદર્શનને પચાવીને, તેને અતિક્રમીને વિકાસ સિદ્ધ કરવાનું મહાન સાહસ કરવાની હિંમત દાખવી શક્યા, તેથી જ યાજ્ઞવલ્ક્યના જીવનવિકાસમાં બહુવિધ આયામો ઉમેરાયા છે. યાજ્ઞવલ્ક્ય મંત્રદ્રષ્ટા છે, ઉપદેષ્ટા છે. યાજ્ઞવલ્ક્યજી મહાન અધ્યાત્મવેત્તા છે. યાજ્ઞવલ્ક્યજી યોગી અને યોગવિદ પણ છે. યાજ્ઞવલ્ક્યજી ધર્મશાસ્ત્રી પણ છે.

મહારાજ જનકની બૃહદ્ યજ્ઞસભામાં યાજ્ઞવલ્કયજી ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ પુરુષ ઘોષિત થાય છે. એક જ વ્યક્તિમાં એકસાથે કેટલું એકત્રિત થયું છે ! ભગવાન જ્યારે આપે છે ત્યારે આપવામાં પાછું વાળીને જોતા નથી !

યાજ્ઞવલ્ક્ય શુકલ યજુર્વેદની પ્રાપ્તિથી અટકી નથી ગયા. બ્રાહ્મણગ્રંથોમાં શિરમોર શતપથ બ્રાહ્મ પણ મહર્ષિ યાજ્ઞવલ્ક્યનું દર્શન છે. શતપથ બ્રાહ્મણમાં જે યજ્ઞમીમાંસા અને યજ્ઞદર્શન રજૂ થયાં છે અને તે રીતે આપણને સૌને મળ્યાં છે, તે પણ એક વિરલ ઘટના છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયે ભારતીય સંસ્કૃતિને અપરંપાર પ્રદાન કર્યું છે. શુકલ યજુર્વેદ તો યાજ્ઞવલ્ક્યનું સર્વોચ્ચ પ્રદાન છે, તે વિશે કોઈ શંકા નથી. આ ઉપરાંત યજ્ઞની આધ્યાત્મિક મીમાંસા રજૂ કરીને યજ્ઞના ગહન અર્થને પ્રગટ કરવાનું જે મહાન કાર્ય યાજ્ઞવલ્ક્યજીએ કર્યું છે, તેની મહત્તા પણ કાંઈ ઓછી નથી.

વેદ ભારતીય સંસ્કૃતિ, ભારતીય દર્શન અને ભારતીય અધ્યત્મવિદ્યાનો આદિસ્રોત છે. વેદ અને યજ્ઞ અન્યોન્ય એટલા પ્રગાઢ રીતે એકરસ છે કે તેમને અલગઅલગ સમજી શકાય તેમ નથી. યજ્ઞ વૈદિક અધ્યાત્મસાધન છે. ભારતીય અધ્યાત્મવિદ્યાની આ ગંગોત્રી છે, આદિસ્રોત છે. યજ્ઞ વૈદિક સાધનનું મૂળભૂત કેન્દ્ર છે. વેદમાં સર્વત્ર અનેક સ્વરૂપે અને અનેક પદ્ધતિથી યજ્ઞનું કથન થયું છે. આર્યોની સમગ્ર જીવનપદ્ધતિ યજ્ઞને કેન્દ્રમાં રાખીને યજ્ઞની આજુબાજુ ગોઠવાઈ છે.

ભારતીય સંસ્કૃતિ, ભારતીય દર્શન અને ભારતીય અધ્યાત્મવિદ્યાને સમજવા માટે યજ્ઞના સ્વરૂપની અને યજ્ઞના રહસ્યની સમજ અનિવાર્ય છે. યજ્ઞના બહિરંગ સ્વરૂપને તો સૌ જાણે છે, પરંતુ યજ્ઞના અંતરંગને, યજ્ઞના આધ્યાત્મિક રહસ્યને કોઈ વિરલા જાણે છે. આ વિરલા પુરુષોમાં પણ યજ્ઞનું રહસ્ય સૌને સમજાવી શકે તેવા પુરુષો તો વિરલાઓમાં વિરલ છે, અતિવિરલ છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય આવા વિરલાઓમાં પણ વિરલ, અતિવિરણ પુરુષ છે. યજ્ઞના રહસ્યને ગ્રંથસ્થ કરીને સૌથી પ્રથમ લોકોની સમક્ષ મૂકવાનું મહાન કાર્ય સિદ્ધ કરવાનું શ્રેય મહર્ષિ યાજ્ઞવલ્ક્યને ફાળે જાય છે.

ભારતીય અધ્યાત્મ વિદ્યાના ત્રણ સોપાન છે. તેમને જ ત્રણ કાંડ પણ કહેવામાં આવે છે. આ ત્રણે સોપાન કે ત્રણ કાંડ જ ભગવાન વામનનાં ત્રણ પગલાં છે.

**બ્રાહ્મણગ્રંથોમાં ક્રિયાકાંડ છે. આરણ્યક ગ્રંથોમાં ઉપાસનાકાંડ છે. ઉપનિષદોમાં જ્ઞાનકાંડ છે.**

# ધર્મ સૃષ્ટિ

ક્રિયાકાંડ અને ઉપાસનાકાંડનું યથાર્થ પરિશીલન કર્યા પછી જ્ઞાનકાંડમાં પ્રવેશ થાય છે. પ્રાચીન પરંપરા એવી છે કે જેણે યજ્ઞસાધનનું યથાર્થ પરિશીલન કર્યું છે, તે પરિશીલનથી જે સાધન-ચતુષ્ટય સંપન્ન થયો છે તેને જ ઉપનિષદોનાં અધ્યયન-સ્વાધ્યાય અને ચિંતનનો અધિકાર મળે છે.

આપણા દેશમાં યજ્ઞવિદ્યાનો અને તેથી યજ્ઞનાં ભિન્નભિન્ન સ્વરૂપોનો અપરંપાર વિકાસ થયો છે. અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ યજ્ઞ, ચતુષ્ટોમ, અશ્વમેધ, રાજસૂય, ચયનયાગ, સોમયાજ્ઞ, વિષ્ણુયાગ, રુદ્રયાગ, શ્રીયાગ આદિ અનેક સ્વરૂપના યજ્ઞો આપણી પાસે આજ સુધી છે. આ બધા યજ્ઞોની વિધિ તો છે જ, પરંતુ તેમનું આંતરિક રહસ્ય શું છે? તેમની આધ્યાત્મિક વ્યંજના શું છે? આ સર્વ તત્વોની મીમાંસા મહર્ષિ યાજ્ઞવલ્કયે શતપથ બ્રાહ્મણમાં કરી છે.

વૈદિક પરંપરાની અધ્યાત્મ-સાધનામાં બે તત્વો સૌથી વધુ મૂલ્યવાન છે. આ બે તત્વો છે અભિપ્સા અને સમર્પણ. આ બંને તત્વો અધ્યાત્મસાધનના પાયા છે. સાધકના જીવનમાં આ બંને તત્વોનો વિકાસ થતો જાય છે, તેમ-તેમ તેની અધ્યાત્મયાત્રા વિકસતી જાય છે. સાધકની અભિપ્સ જ્વલંત બને અને સમર્પણ વધુ ને વધુ પૂર્ણ બનતું જાય તે જ આધ્યાત્મિક વિકાસનો આધાર છે. આ બંને તત્વોના વિકાસ માટે કોઈ બહિરંગ સાધના, કોઈ અનુષ્ઠાન આપણી પાસે છે? હા, તે છે યજ્ઞ. અગ્નિ એટલે અભિપ્સા. યજ્ઞીય અગ્નિ તે જ અધ્યાત્મસાધકની અભિપ્સા છે. ભગવત્પ્રાપ્તિની જ્વાળા(અભીપ્સા)નું યજ્ઞીય અગ્નિની જ્વાળા પ્રતીક છે. તેથી યજ્ઞીય અગ્નિની ઉપાસના વસ્તુતઃ અભિપ્સાના વિકાસની સાધના છે. અંદરનો અગ્નિ પ્રજ્વલિત બને તે માટે બહારના અગ્નિની વિધિવત્ ઉપાસના સહાયક બને છે. બહારનો યજ્ઞીય અગ્નિ અંદરના અગ્નિનું પ્રતીક તો છે જ, પરંતુ તે મનઘડંત પ્રતીક નથી. બંને અગ્નિ વચ્ચે કોઈ રહસ્યપૂર્ણ તંતુ છે. પ્રતીક અને પ્રતીકમાન વચ્ચે જ્યારે આવો રહસ્યપૂર્ણ સંબંધનો તંતુ હોય છે, ત્યારે પ્રતીકોપાસના એક મહત્વપૂર્ણ અને સમર્થ સાધના બની જાય છે. યજ્ઞીય અગ્નિની ઉપાસનામાં કોઈક એવું તત્વ છે, જે આંતર અગ્નિને પણ પ્રજ્વલિત કરે છે.

વૈદિક અધ્યાત્મ-સાધનામાં બીજું મહત્વપૂર્ણ તત્વ છે સમર્પણ. યજ્ઞવિધિમાં અગ્નિમાં આહુતિ આપવામાં આવે છે. આ આહુતિ-અર્પણ સમર્પણની ઘટના છે. સમર્પણ એટલે અર્પણ કરવું તે. અધ્યાત્મપથ પર સાધકે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, શરીર તથા પ્રાણ પરમ ચૈતન્યને અર્પણ કરવાનાં હોય છે. આજ ઘટના યજ્ઞમાં ઉપાસનાના રૂપમાં બને છે. યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે, તે સમર્પણની ક્રિયા છે. આ યજ્ઞીય આહુતિ-અર્પણની ક્રિયા અને પરમ ચૈતન્યને જીવન-સમર્પણની ઘટના- આ બંને ઘટનાઓ વચ્ચે કોઈક સૂક્ષ્મ અને રહસ્યપૂર્ણ સંબંધ છે. આહુતિ અર્પણ કરવાની ક્રિયા સમર્પણ-ભાવના-વિકાસની ક્રિયા છે.

આમ, યજ્ઞસાધના મૂળભૂત સ્વરૂપે અભીપ્સા અને સમર્પણના વિકાસની સાધના છે.

**યજ્ઞમાં પ્રધાન તત્વો ચાર છે :**

**૧. મંત્ર ૨. દ્રવ્ય ૩. વિધિ ૪. ભાવ આ ચારેય તત્વો મળીને યજ્ઞોપાસના સિધ્ધ થાય છે.** બહિરંગ ઉપાસનાના પર્યાપ્ત અનુષ્ઠાનથી અંતરંગ ઉપાસના પ્રગટે છે.

વેદ અને યજ્ઞની સંરચનામાં પ્રતીકાત્મકતાનો ભરપૂર ઉપયોગ થયો છે. તેથી યજ્ઞોપાસનાને સમજવા માટે પ્રતીકોપાનાનો આ કેન્દ્રસ્થ સિદ્ધાંત સમજવો આવશ્યક છે. પ્રતીકની ગોઠવણ તે મનઘડંત કે મનની કલ્પના દ્વારા રચાયેલી વ્યવસ્થા નથી. પ્રતીક અને પ્રતીકમાન વચ્ચે કોઈક રહસ્યપૂર્ણ અને સૂક્ષ્મ તંતુ હોય છે. પ્રતીકોની ગોઠવણ બૌદ્ધિક રચના નથી. પ્રતીકોની ગોઠવણ ગહન આંતરદૃષ્ટિથી નિષ્પન્ન થતી વ્યવસ્થા છે. સૂક્ષ્મ જગતનાં રહસ્યોને ભેદનારી દૃષ્ટિથી પ્રતીક્યોજનાનું દર્શન થાય છે.

પ્રતીક અને પ્રતીકમાન વચ્ચે સંબંધ અંગેનો આ સિદ્ધાંત સમજાય તો યજ્ઞોપાસનાને સરળતાથી સમજી શકાય છે.

પીપળે પાણી રેડીએ તે પિતૃઓ સુધી પહોંચે છે. આ સૂક્ષ્મ જગતનું એક સત્ય છે. વિષ્ણુયાગમાં યજમાન વિષ્ણુગાયત્રીમંત્ર દ્વારા ભાવપૂર્વક અને વિધિવત્ ઘી-રૂપી દ્રવ્યની આહુતિ અર્પણ કરે તો તે આહુતિ વિષ્ણુ સુધી પહોંચે છે. વિષ્ણુતત્વ સજ્ઞાન શક્તિ છે અને તે યજમાન દ્વારા અર્પિત આહુતિનો સ્વીકાર કરે છે. આ ઘટનાને સ્થૂળ રીતે સાબિત કરવાનો આપણી પાસે કોઈ ઉપાય નથી. શ્રદ્ધાપૂર્વક ઉપાસના દ્વારા આ ઘટનાને અનુભવી શકાય છે. અધ્યાત્મપથ પર તો અનુભૂતિ અને શ્રુતિ જ પ્રમાણ છે.

યજ્ઞની વિધિ, યજ્ઞવિધિના પ્રકારો, યજ્ઞનો અર્થ, યજ્ઞનાં ફળ, યજ્ઞ, યજ્ઞનું તત્વ, યજ્ઞનું આધ્યાત્મિક રહસ્ય, યજ્ઞનું જીવનમાં સ્થાન, યજ્ઞનો વિનિયોગ, અપૂર્વનું સ્વરૂપ અને પરિણામ - આ સર્વ યજ્ઞવિષયક તત્વોની શસ્ત્રીય વિચારણા સૌપ્રથમ મહર્ષિ યાજ્ઞાવલ્ક્ય આપણને સૌને આપે છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય યજ્ઞવિદ્યાનો સમર્થ જ્ઞાતા છે; મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અધ્યાત્મવિદ્યાના પણ સમર્થ જ્ઞાતા છે અને મહર્ષિ યાજ્ઞવલ્ક્ય યજ્ઞવિદ્યા અને અધ્યાત્મવિદ્યાના અન્યોન્ય સંબંધના પણ સમર્થ જ્ઞાતા છે. ભારત આવા મહાપ્રતાપી પુરુષોથી ઊજળું છે. ■

## ધર્મ સૃષ્ટિ




**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**
દ૪ મેગેઝીનના નિયમિત લેખક તથા
જાણીતા અખબારના કોલમિસ્ટ


# ઉમાસૃષ્ટિ એટલે દેવીસૃષ્ટિ

ભારતવર્ષમાં શક્તિ એટલે કે દેવીઓ-માતાજીની પૂજા વેદકાળથી પ્રચલિત છે. ગણતરી ન કરી શકાય તેટલી દેવીઓ ભારતમાં પૂજાય છે. ઘણાં વર્ષો પૂર્વે મેં આદ્યશક્તિપુરાણ વાંચ્યુ હતું. તેમાં ૬૪(ચોસઠ) હજાર દેવીઓનું વર્ણન છે. આમાંની મોટા ભાગની દેવીઓ ભગવતી સતીનાં અંશસ્વરૂપોવાળી જ છે.

ભારતમાં દેવોના કરતાં દેવીઓની પૂજા વધારે થઈ રહી છે. દેવીઓનાં મઢ, મંદિરો, પાટ, ઓટા વગેરે પણ ઠેર ઠેર દેખાય છે. આ દેવીઓની પૂજાનો જે સંપ્રદાય છે. તેને "શાક્તસંપ્રદાય" કહેવાય છે. ભારતમાં શક્તિપૂજાનો પ્રસાર ક્યાંથી થયો અને શક્તિની વિભાવના કેવી રીતે પાંગરી એ બાબતે મતમતાંતરો છે. પણ એટલું સ્પષ્ટ છે કે આદિ-માનવસમાજોમાં સ્ત્રીઓનું ખાસ પ્રાધાન્ય હતું. સ્વાભાવિક રીતે સ્ત્રીત્વના સૌથી અગત્યના પાસારૂપ માતાને પ્રકૃતિ (પૃથ્વી) સાથે એ કાળના આપણા ઋષિ-મુનિઓએ એકરૂપ ગણી હતી. દેવતાઓને સામર્થ્યમાન બનાવનાર પણ આ સ્ત્રીશક્તિ જ છે. દેવો સર્જન, પાલન અને સંહાર કરે છે તેની પાછળ શક્તિ જ ઊભી છે.

ભારતમાં સિંધુખીણ સભ્યતામાંથી માતૃદેવીની પૂજાના પ્રાચીનતમ પુરાવા ઉત્ખનન સમયે સાંપડ્યા છે. તેમાં કેટલાક સિક્કાઓ, મુદ્રાઓ મળી આવી છે. જેના ઉપર દેવીઓની આકૃતિઓ છે. આ આકૃતિઓવાળી દેવીઓમાં સૌમ્ય અને ઉગ્રસ્વરૂપની પણ ઝાંખી થાય છે. સૌમ્યસ્વરૂપ માતા વસુંધરા (પૃથ્વી) દેવીની પણ કેટલીક માટીની પકવેલી મૂર્તિઓ પણ હાથ લાગી છે. વૈદિક દેવી-દેવતાઓ અને લોક દેવતાઓ એ બંનેને પરસ્પરમાં એક કરવાની અર્થાત કે બેયને એકરૂપ કરવાની પ્રક્રિયા વૈદિકયુગમાં જ શરૂ થઈ ગઈ હતી. દેવ-દેવીઓનો આખો સમાજ ઊંચનીચના ભેદભાવ વિના એક જ પંગતે બેઠો હતો. આ એકતા એક પ્રકારનો ભાઈચારો સૂચવે છે.

વર્તમાન સમયમાં ગુજરાતમાં જે જે દેવીઓની પૂજા-અર્ચના થાય છે, તે તે દેવીઓનાં નામો વેદોમાં મળતાં નથી. ગુજરાતમાં - ખોડિયાર, ઉમિયાજી, અન્નપૂર્ણા, ચામુંડા, દુર્ગા, રાંદલ, બહુચરાજી, કાલિકા, ભવાની, જગદંબા, વાઘેશ્વરી, હરસિધ્ધિ અને એવાં બીજા નામો ધરાવતી દેવીઓની પૂજા થાય છે. નોરતામાં તો દુર્ગા અને અંબાજીને મુખ્ય દેવી મનાય છે. વેદના સમયમાં આવાં નામો નહોતાં. વેદકાળમાં પુરુષ-દેવતાઓનું મહત્વ વધારે જોવા મળે છે. એમાં દેવીઓ પુરુષ દેવતાઓની પત્ની, પુત્રી, માતા, પ્રિયા કે બહેન તરીકે જણાય છે.

'ભારત દર્શન' ગ્રંથમાં ઉલ્લેખાયા પ્રમાણે ઋગ્વેદમાં અદિતિ, ઉષા, ઈલા, સરસ્વતી, રાત્રિ, વાક વગેરેનો ઉલ્લેખ મળે છે. અદિતિમાં શક્તિનો માતૃભાવ ગૂંથ્યો છે. એ દેવો અને દૈત્યોની માતા છે. ઉષામાં એ શક્તિનો કુમારીભાવ અને સૂર્યામાં પત્નીભાવ નિરૂપાયો છે.

ઋગ્વેદ કાલીન આર્યો શક્તિના ઉપાસક નહોતા, પરંતુ ભારતમાં સ્થાયી થતાં સ્થાનિક પ્રજાઓના પ્રભાવથી તેમનામાં પણ શક્તિની ઉપાસના લોકપ્રિય થવા લાગી. શતપથ બ્રાહ્મણમાં અંબિકાને રુદ્રની બહેન કહેવામાં આવી છે. તૈત્તિરીય આરણ્યકમાં રુદ્રની પત્ની પાર્વતીનો ઉલ્લેખ છે. કેન ઉપનિષદમાં ઉમાને વિદ્યાદેવી માનીને તેને 'હેમવતી' ગણાવી છે. પ્રવીણચંદ્ર પરીખ લખે છે કે મહાભારતયુદ્ધમાં વિજય મેળવવા માટે શ્રી કૃષ્ણની સલાહથી અર્જુન દેવી દુર્ગાની સ્તુતિ કરે છે. તે વખતે તે કાલી, કુમારી, કપાલી, મહાલક્ષ્મી, ઉમા, કાત્યાયની, ચંડી રચનાકાલ સુધીમાં ઉમા કે દુર્ગાએ એક શક્તિમતી દેવીની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હતી.

શાક્ત સંપ્રદાય શૈવ ધર્મ સાથે પહેલેથી જ ગાઢ રીતે સંકળાયેલો હતો. મહાભારતમાં 'ઉમા'ને 'દુર્ગા' નામ અપાયું છે અને તેને શિવની અર્ધાંગિની બતાવેલ છે. 'હરિવંશ'માં એને 'વિંધ્યાવાસિની' કહી છે. શિવની પત્નીના રૂપમાં ઉમાને 'મહેશ્વરી', 'મહાદેવી', 'મહાકાલી', 'શિવા' અને 'શિવાની' કહેવામાં આવી છે. શિવની જેમ શક્તિના પણ ઉગ્ર અને સૌમ્ય એ બે રૂપ મનાવા લાગ્યા હતા. ઉગ્રરૂપમાં મહિષાસુરમર્દિની, ચામુંડા, દુર્ગા, કાલી, ચંડી અને ભૈરવી વગેરે નામે એ પ્રસિધ્ધ છે. તો ઉમા, પાર્વતી, લક્ષ્મી, ગૌરી, અન્નપૂર્ણા વગેરે દેવીનાં સૌમ્ય સ્વરૂપ છે. જનસમાજમાં આ સૌમ્ય સ્વરૂપોની પૂજા વિશેષ જોવા મળે છે.

વાયુપુરાણમાં કહ્યું છે કે મહાદેવી (સતી-પાર્વતી)નાં પ્રજ્ઞા અને શ્રી એટલે કે શ્રી અને સરસ્વતી એ જ બે મૂળ સ્વરૂપો છે. એમાંથી હજારો દેવીઓ ઉત્પન્ન થઈ છે. દેવીઓના અનેક નામો અને સ્વરૂપોનો અભ્યાસ કરતાં એ જણાય છે કે તેઓ બે ભાગમાં વહેંચાયેલી જણાય છે. એક ઘોર અને બીજી શિવ.

પૃથ્વીના આદિકાળમાં પ્રકૃતિ અને પુરુષ બે જ હતાં. પુરુષરૂપે નિરાકાર એવા શિવની શિવપૂજા શરૂ થઈ તે પછી લાંબા કાળ બાદ પ્રકૃતિરૂપે શક્તિપૂજાનો પ્રારંભ થયો.

સર્વ દેવીઓમાં મહાલક્ષ્મી મુખ્ય છે અને તે બ્રહ્માદિ દેવોનું આદિસ્થાન મનાય છે. શક્તિ સંપ્રદાયમાં તેની સ્વતંત્ર દેવી તરીકે કલ્પના કરવામાં આવી છે. પરંતુ મૂળમાં તે સતી-પાર્વતી એવી ઉમાની સૃષ્ટીમાંની

# ધર્મ સૃષ્ટિ

જ એક છે. ઉમાસૃષ્ટિ એટલે જગત આખામાં વિહરતી દેવીઓની દુનિયા કે સૃષ્ટિ. ચોસઠ હજાર, દેવીઓની જે સૃષ્ટિ છે તેના મૂળમાં ઉમિયા જ રહ્યાં છે, સતી-પાર્વતીનાં એ બધાં સ્વરૂપો છે. એક ઉમિયાને પૂજાઈ જાય તો ચોસઠ હજાર દેવીઓની પૂજા આરોઆપ થઈ જાય છે. કારણ કે બધી દેવીઓ એમાંથી જ પ્રગટ થઈ છે.

વેદમાં ઉષા, સરસ્વતી, ઈડા, સૂર્યા, રાકા, સિનીવાલા અને ભારતી. એ બધી શક્તિઓને માતૃદેવીઓ તરીકે ઓળખાવાઈ છે. વેદકાળ પછી આ બધી જ માતૃદેવીઓ સિવાય વધારાની બીજી માતૃકાઓ પણ ગુજરાતમાં પુજાઈ રહી છે. જેનાં નામો આ પ્રમાણે મળે છે. ૧. બ્રહ્માણી ૨. વારાહી ૩. વૈષ્ણવી ૪. માહેશ્વરી ૫.એન્દ્રી ૬. ચામુંડા વગેરેને માતૃકાઓ કહી છે. આ માતૃકાઓની સંખ્યા સાત કે નવ સુધીની છે. તેમાં મુખ્ય દેવી બ્રહ્માણી છે. આ તમામ દેવીઓ પોતાના તાત્વિક ગુણના સત્વથી જુદી જુદી રીતે આરાધાય છે.

મૂળ દેવી સતી (ઉમિયા) એ સતીમાંથી ઉદ્ભવેલાં હજારો સ્વરૂપોની પૂજા તરીકે શક્તિપૂજા ઓળખાય છે. ગુજરાતમાં મૈત્રકકાળ દરમિયાન શક્તિપૂજા વધારે જોરમાં આવી અને ગુજરાતનાં ગામડે ગામડે તેનાં મઢ, મંદિરો, દેરીઓ, પાટઓટા અને થાપા (સ્થાપા)માં ભારે ઉછાળો આવ્યો હતો. સ્કંદ-દેવતાની બહેન ષષ્ઠીદેવી એ પ્રભાવશાળી દેવી મનાય છે. ષષ્ઠીના ત્રણ સ્વરૂપ થયાં. તેમાં જેની પૂજા બાળકો બાલિકાઓ માટે પહેલાં થતી અને ખાસ કરીને જાતકના જન્મના છ દિવસે જે દેવી પૂજાય છે તે 'સુતિકાષ્ઠી' કે 'સુતકોષષ્ઠી' દેવી એ ષષ્ઠીદેવીનું જ એક સ્વરૂપ છે. આ ષષ્ઠીનું બીજું નામ 'બીમાતા' છે. જેને સૌરાષ્ટ્રમાં 'વિધાતા' દેવી તરીકે ઓળખવામાં આવે છે.

'બીમાતા' એ સંસ્કૃત વિધિમાતા અને 'બિહાઈ' સંસ્કૃત વિધાત્રીનું રૂપ લાગે છે. ષષ્ઠીનાં અર્થાત છઠ્ઠમાતાનાં છઠ્ઠીના દિવસે ગવાતાં ગીતોને બિહાઈનાં ગીતો પણ કહેવાય છે. આ સિવાય 'જાતમાતૃદેવી'ની પણ પૂજા થાય છે. જાત માતૃદેવીનું ચિત્ર ષષ્ઠીપૂજનમાં વસ્ત્ર કે લાકડાંના પાટિયાં પર બનાવાય છે. આ દેવીની મુખાકૃતિ બિલાડીનાં જેવી હોવાથી તેને 'માર્જરમુખી' પણ કહેવાય છે. આ દેવીનું વધારાનું નામ 'ચર્ચાદેવી', 'ચર્ચિકા' પણ મળે છે.

ઘણાં રાજ્યોમાં વિધાતાદેવીને 'બહુપુત્રિકા' કહેવાય છે. આ દેવીનું છઠ્ઠના દિવસે પૂજન થાય છે. અને તેને બાળકોનું રક્ષણ કરતી દેવી માનવમાં આવે છે. હું માનું છું ત્યાં સુધી 'બહુપુત્રિકાદેવી' એ 'રેવતીમાતા'નું સ્વરૂપ છે તે ઘણાં બાળકો સાથે રહેતી હોવાથી 'બહુપુત્રિકા' કહેવાઈ છે. કેટલાક ઈતિહાસનાં અને પુરાણોના જ્ઞાતા તેને જાતહારિણી દેવી ગણાવે છે.

ભીમાદેવી, જાતમાતૃકા, પૂતનાદેવી, મુખમંડિકા, ભીમળાદેવી, જરાદેવી એ બધી દેવીઓને રોગભોગની દેવીઓ તરીકે ઓળખાવાઈ છે. જોકે, આ બધાં સ્વરૂપો 'રેવતીમાતા'નાં જ છે. ઉત્તર- પશ્ચિમની ભીમાદેવી જ પ્રાચીનકાલીન 'હારિતા' અથવા 'હરિતદેવી'ના રૂપમાં ફેરવાઈ ગઈ છે. એ દેવીને જીતીને ભગવાન બુદ્ધે તેને સૌમ્ય બનાવી છે. માર્કેન્ડેય પુરાણના મતે તે હિમાલય - કૈલાસ પર્વત ઉપર નિવાસ કરતી હતી.

શક્તિનાં ૬૪ હજાર સ્વરૂપોનું વર્ણન 'આદ્યશક્તિ - મહાપુરાણ' નામના એક દળદાર અને મહાન ગ્રંથમાં કરવામાં આવ્યું છે. તેમાં નગ્ન રહેનારી દેવી તરીકે 'કોટરાદેવી' નો ઉલ્લેખ મળે છે. આ કોટવીદેવીની પૂજા આદિજાતિ નિષાદ (નિઃષહાદ) વગેરે જાતિમાં ચાલતી હતી. ને ત્યાંથી લોકમાં અનેક નામવાળી ઘોર કે રુદ્રરૂપેણી દેવીઓની સાથે એનો સમન્વય થઈ આ દેવી દક્ષિણમાંથી ઉત્તર સુધી ફેલાઈ ગઈ છે. પણ ગુજરાતમાં તેની પૂજા થતી નથી.

આ કોટરાદેવી રાક્ષસી દેવી ગણાય છે. અને તે દક્ષિણ ભારતની માતૃકા છે. 'લાઈફ ઈન એન્સ્યન્ટ' નામના અંગ્રેજી ગ્રંથમાં પણ કોટવીનો ઉલ્લેખ થયો છે. આ ગ્રંથમાં તેને રાક્ષસી દેવી ગણાવાઈ છે. જે પાછળથી દુર્ગા કે ઉમા રૂપે પૂજાવા લાગી હોવાનું લખાયું છે. તો ઈ.સ.૧૬૬૦માં પ્રગટ થયેલ 'કલ્પ-દ્રુમકોશ' માંના ૧૨૭માં શ્લોકમાં પણ નગ્ન રહેનારી દેવી તરીકે કોટવીદેવી બતાવાઈ છે. અને એ 'અંબિકામાતા'નું સ્વરૂપ હોવાનું કહેવાયું છે.

વાસુદેવશરણ અગ્રવાલ નોંધે છે કે, નગ્ન રહેનારી દેવી કોટરા કે કોટવી અને દક્ષિણની દેવી 'કોટ્ટવાઈ' કે 'કોટવઈ' એ બંને એક જ દેવીનાં નામ હતાં. બાણભટ્ટે 'હર્ષચરિત' ગ્રંથમાં પણ કોટવીદેવીનો ઉલ્લેખ કર્યો છે. કાશી વિસ્તારમાં એનું નાનકડું મંદિર આવ્યું છે. ત્યાંથી આવતા લોકો ગુજરાતમાં 'કોટરાદેવી'ને લાવ્યા છે. આ દેવી મૂળે સતી-પાર્વતી-ઉમિયાજીના અંશ સ્વરૂપ પ્રગટ થયેલ છે. મૂળમાં તે 'ઉમા' જ છે.

### ઉમાનામની ઉત્પતિ

હિમાલયના રાજા હિમવાન અને મેનાને ત્રણ પુત્રીઓ હતી. તેમાં મોટી એકપર્ણા, બીજી 'એકપાટલા' અને સૌથી નાની 'અપર્ણા' આમાં તપશ્ચર્યા સમયે એકપર્ણા પોતાના ખોરાકમાં દરરોજ એક પાદડું જમતી હતી. જ્યારે એકપાટલા પોતાના ખોરાકમાં કેવળ એક લોદરિયું ગાજર જ ખાતી. નાની દીકરી 'અપર્ણા' ભોજનમાં જળ સિવાય કશું જ ન લેતી. આ ત્રણે પુત્રીઓનાં આવા કડક અને કઠિન તપ જોઈ તેની માતા મેનાથી બોલાઈ જવાયું -'ઉ...હે..મા' એટલે કે 'નહિ....નહિ' 'ઓ...મા' એમ કહી માતા મેનાએ ત્રણેને તપ કરતાં રોકી તે ઉપરથી તેમના નામ 'ઉમા', 'ઓમા' પડ્યાં.

# ધર્મ સૃષ્ટિ

**આપણા લોકસાહિત્યમાં ઉમાનું આ પ્રમાણે દર્શન કરાવાયું છે**


પ્રથમ પાય નમું માતને, ઉમા સુખકારી, પ્રથમ પહેલાં પ્રગટ્યાં, માત જગત મોજારી. રૂપધર્યુ શક્તિતણું, શોભા રસિક હે મા તારી; પહેર્યાં ચણિયા ચૂંદડી, કચવો જરૂકારી. મુખ ચંદ્ર-સૂરજ દેખ, દાંતમેં મેખ સોનારી, દસે આંગળિયે વેઢ, ભુજ એક હજારી

**જાતિઓની કુળદેવીઓ**

આદિ-અનાદિકાળથી આદ્યશક્તિઓને માનવે પોતાની કુળદેવી તરીકે સ્થાપી છે. મારા પરમ મિત્ર અને ઇતિહાસવિદ- લેખક શ્રી જોરાવરસિંહ જાદવ નોંધે છે કે લોકજીવનમાં જેટલી જાતિઓ છે એ તમામ જાતિઓને પોતાના કુળદેવ ને કુળદેવી હોય જ છે. જેમાં જાડેજા પરિવારની કુળદેવી આશાપુરા, જાદવોની બૂટમાતા, ગોહિલોની ખોડિયાર, કપોળની લક્ષ્મી, જેઠવાઓની સિંધવાઈ, બ્રહ્મક્ષત્રિય અને ભવાયાની હિંગળાજ, બહુચરાજી, ખારવાની શિકોતર, દેવીપૂજકની શેત્રુંજી, વાંઝાની વીરમાતા, વાળંદની લીંબજ કે લીંબોઈ, બ્રાહ્મણોની વળાવડી, નટની વિસાંત, ભીલોની ચાવંડ, વાઘેરની આલબાઈ, ભોપાની વંકોડમાતા, કુંભારની વારાહી કે વારાઈ, રાવળની જોગણી, મેરની વાઘેશ્વરી, ભાટની માંગળ, સરાણિયાની વત્રાક, રબારીની બરેજ, કડવા પાટીદારોની ઉમિયા, આહીરોની જામઆઈ, મહુઆઈ, ગધઈની માંગલદેવી, ચારણોની આવડ, હોલ, વરવડી અને ચાંપબાઈ વગેરે તેમની કુળદેવી છે. તો આદિવાસીઓની કુળદેવી તરીકે કંસારી, ખોખલી, પેટફોડી, મરકીમાતા, અંકાશીમાતા, ચુલદેવી, હોળીમાતા, ધંતરીઆઈ, પંખીદેવી, દેવલીમાડી, શીડબાઈ, ઈરુ-પીરુ અને હમ્વાઈ વગેરે દેવીઓ આદિવાસીઓની છે અને તેઓ તેની માનતા-બાધા રાખે છે.

ગુજરાતમાં જુદા જુદા સ્વરૂપે રહેલી અને પૂજાતી પ્રાચીનકાળની દેવીઓમાંથી ઘણી દેવીઓના મઢ-મંદિર-સ્થાનક તથા પાટ-ઓરડા જર્જરત હાલતમાં ઊભા છે. જેમાં ઘણી દેવીઓની મૂર્તિઓ તો વાવ,, તળાવ, કૂવા અને કુવાઓમાં કોતરાયેલા દેવકુલિકાઓમાં મૂકવામાં અકે કોતરવામાં આવી છે. આ બધી દેવીઓના મૂળમાં ઉમિયા માતાજી એટલે પૂર્વની સતી-પાર્વતીનાં સ્વરૂપ - અંશ રહ્યાં છે. ઉમાસૃષ્ટિ એટલે દેવીસૃષ્ટિ. સ્થળ સંકોચને કારણે આ લેખ લંબાવી શકાય તેમ નથી. ટૂંકમાં છતાં ઘણી માહિતી આવરી લીધી છે. (અસ્તુ).

મો. ૯૯૨૫૧ ૭૪૧૭૬






**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# દેવર્ષિ નારદની ભવ્યતા

કેટલીક પ્રજા પોતાના દેશના સમર્થ પુરુષોની ભવ્ય પ્રતિમા ખડી કરીને પ્રેરણા પામે છે, તો કેટલીક પ્રજાને પોતાની ભવ્ય પ્રતિમાઓને ખંડિત કરવાનો વાયરસ લાગુ પડ્યો હોય છે. એ ભૂતકાળના સમર્થ પુરુષોની ભવ્યતાનો સમાદર કરવાને બદલે કોઈ નાનકડો દોષ કલ્પીને એ મૂર્તિઓને સતત ખંડિત કરવા માટે પ્રયાસ કરે છે. સરદાર વલ્લભભાઈ પટેલ પર એમના સમયે આક્ષેપોની કેવી ઝડી વરસી હતી ! મહાત્મા ગાંધીજીની ભવ્ય પ્રતિમાને શત્ શત્ ખંડિત કરવામાં આપણે ક્યાં પાછા વળીને જોયું છે ? જે પ્રજા પોતાના પ્રતાપી વ્યક્તિત્વની પૂજા કરતી નથી, એ પ્રજા સમય જતાં પોતે નિર્બળતામાં નકારાત્મકતામાં જીવે છે.

આપણી કથાઓ, ધાર્મિક ચલચિત્રો અને ધારાવાહિકોએ કોઈ ભવ્ય પાત્રની પ્રતિમા સદંતર ખંડિત કરી નાખી હોય, તો તે નારદના પાત્રની છે. નારદ દેવર્ષિ હતા જ્યારે એમને આપણે ત્યાં સાવ નગણ્ય જ નહીં, બલ્કે નગુણા બતાવવામાં આવ્યા. ક્યાંક જુદી જુદી વ્યક્તિઓને ભંભેરીને એમને પરસ્પર લડાવી મારતા હોય તેવું નારદનું ચિત્ર દોરવામાં આવ્યું અને તેઓ કલહપ્રિય ગણાયા. કોઈકે ડબલ ઢોલકી વગાડનાર કહ્યા. આથી જ લોકવ્યવહારમાં કલહ જગાડનારી વ્યક્તિને માટે 'નારદવેડા' શબ્દ પ્રચલિત બની ગયો છે. ક્યાંક એ વિદૂષક જેવી ભૂમિકા ભજવતા જોવા મળે છે. એમના પ્રકાંડ પાંડિત્ય અને વિરાટ વ્યક્તિત્વને થયેલો આ ઘોર અન્યાય છે.

હકીકતમાં તો નારદજીનો ઉપહાસ કરનારા શ્રીહરિના અંશાવતારની અવમાનના




કરે છે. સૃષ્ટિકાર્યમાં સહાય કરવા માટે બ્રહ્માજીએ પોતાના મનમાંથી જે પુત્ર પ્રગટ કર્યો, તે નારદ. ભગવાનની અધિકાંશ લીલાઓમાં એમના અનન્ય સહયોગ તરીકે નારદ જોવા મળે છે. તે ભગવાનના પાર્ષદ હોવાની સાથોસાથ દેવતાઓનાં પ્રવક્તા છે. આજના સમયમાં આપણે જાણીએ છીએ કે પ્રવક્તાઓનો કેટલો મોટો મહિમા છે, ત્યારે દેવલોકનાં આ પ્રવક્તા એ હકીકતમાં તો દેવર્ષિ છે.

આ નારદ દસ પ્રજાપતિઓમાંના એક હતા, વિષ્ણુના પરમભક્ત હતા, દેવો અને મનુષ્યો વચ્ચે સંદેશાવાહક હતા, તો સાથોસાથ વિશ્વહિતની ચિંતા માટે સમર્થ ઋષિ હતા. પૌરાણિક સાહિત્યમાં નારદ ત્રિલોકમાં નિત્ય પ્રવાસી બને છે. મસ્તક પર ઊભી શિખા, હાથમાં વીણા અને હોઠ પર અને હૈયામાં ભગવદ્ નામનું રટણ - આ નારદનું લોકપ્રતિષ્ઠિત વર્ણન છે. એ ઘટના ભુલાઈ ગઈ કે રત્નાકર ભીલનું એમણે વાલ્મિકીમાં પરિવર્તન કર્યું હતું. જે વાલ્મિકી પાસેથી આપણને 'વાલ્મિકી રામાયણ' પ્રાપ્ત થયું.

તેઓ વિશ્વનાં પ્રતિપાલક વિષ્ણુના પ્રતિપાત્ર તો હતા જ, સ્વયં વિષ્ણુ એમની અંગત વાતો એમને કહેતા હતા અને એ પ્રશ્નોમાં એમની સલાહ પણ લેતા હતા. હવે તમે વિચારો કે આપણે આવા ઋષિપાત્રની કેવી અવદશા કરી. જેમ 'રામાયણ'ની પાછળ એ પ્રેરક બળ છે, તો 'મહાભારત'ના સંદર્ભમાં પણ એમનો ઉલ્લેખ જોવા જેવો છે. મહાભારતનાં આદિ પર્વમાં એવો ઉલ્લેખ છે કે ત્રીસ લાખ શ્લોકવાળું મહાભારત એમણે દેવોને સંભળાવ્યું હતું. તો વળી એક દાર્શનિક તરીકે એમણે તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો અને દક્ષપુત્રોને સાંખ્ય તત્વજ્ઞાનનો અને ધૌમ્યમુનિને સૂર્યનાં અષ્ટોત્તરશતનામનો એમણે ઉપદેશ આપ્યો હતો.

વનવાસ સેવતા પાંડવો કામ્યક વનમાં હતા, ત્યારે એમણે આ પાંડવોને આપત્તિ વેળાએ હૂંફ અને હિંમત આપ્યા હતા. ભીષ્મને પરશુરામ પર પ્રસ્થાપનાસ્ત્રનો પ્રયોગ કરતા અટકાવનાર પણ આ નારદ જ હતા. જ્યારે બાણશૈયા પર સૂતેલા પિતામહ ભીષ્મના દર્શને અનેક ઋષિઓ આવ્યા હતા, તે સમયે નારદ પણ ત્યાં પધાર્યા હતા. એ જ રીતે 'મહાભારત'માં રાજસૂય યજ્ઞમાં યુધિષ્ઠિરનો અભિષેક પણ એમણે કર્યો હતો અને યુધિષ્ઠિરે યોજેલા અશ્વમેધ યજ્ઞમાં પણ તેઓ ઉપસ્થિત હતા. શુકદેવ જેવા મહાન વૈરાગીને પણ એમણે જ્ઞાન-વૈરાગ્યનો ઉપદેશ આપ્યો હતો. ભારતનાં મહાન ગ્રંથોમાં નારદની ભૂમિકા કોઈને કોઈ રીતે જોવા મળે છે.

# ધર્મ સૃષ્ટિ

વાલ્મિકીને રામકથા સંભળાવીને રામાયણના આલેખનની પૂર્વભૂમિકા નારદે રચી આપી હતી. એવો સ્પષ્ટ ઉલ્લેખ આ મહાકાવ્યનાં પ્રારંભમાં જ મળે છે. તો બીજી બાજુ નારદ કુશળ સાયકોલોજીસ્ટ હતા અને એટલે જ મહર્ષિ વ્યાસને એમણે મનની વ્યાધિમાંથી સમુચિત ચિકિત્સા કરીને મુક્ત કર્યા હતા અને તેમને 'ભાગવત' ગ્રાંથ રચનાની પ્રેરણા આપી હતી, એ વાત સ્વયં મહર્ષિ વ્યાસે નોંધી છે.

નારદની પ્રતિભા તો જુઓ, એમનો જન્મ દેવયોનિમાં થયો, પણ ઋષિકાર્ય કરવાને કારણે એ દેવર્ષિ કહેવાયા. દેવલોકમાં વસવાટ કરવાને બદલે વનમાં આશ્રમ બાંધીને એમણે સહુને આત્મકલ્યાણનો બોધ આપ્યો. બાળભક્ત ધ્રુવને ભક્તિનો માર્ગ બતાવ્યો, તો દુષ્ટ કંસને ઉશ્કેરીને એનો વહેલો સંહાર કરાવ્યો. ભક્ત પ્રહલાદની માતા કયાધુ સગર્ભા હતી, ત્યારે નારદના આશ્રમમાં રહી હતી અને અહીં ગર્ભવાસી પ્રહ્લાદનાં ભક્તિ સંસ્કાર દઢ થયા. ભક્તિનો ઉપદેશ એ નારદની ભવ્યતા છે અને નારદ ભક્તિસૂત્ર એ આપણો ભક્તિમાર્ગનો મૂલ્યવાન ગ્રંથ છે અને એ જ રીતે દક્ષ પ્રજાપતિનાં અગિયાર હજાર પુત્રોને નારદે નિવૃત્તિનો ઉપદેશ આપ્યો, તેથી ક્રોધે ભરાઈને દક્ષ પ્રજાપતિએ કહ્યું કે, 'નારદ ક્યાંય બે ઘડીથી વધારે સમય રોકઈ શકશે નહિં' અને તેથી નારદ ત્રણેય લોકમાં પરિવ્રાજકની માફક ફર્યા છે.

દેવ અને દાનવ સહૂ કોઈ એમને આદર આપતા હતા અને એમનો હેતુ જગત કલ્યાણનો હતો. 'નારદ-પાંચરાત્ર', 'નારદસંહિતા', 'નારદસ્મૃતિ', 'નારદપુરાણ', 'બૃહન્નારદીય-ઉપપુરાણ' વગેરે ગ્રંથોનું કર્તૃત્વ એમને નામે ચઢ્યાની એક અસમર્થિત પરંપરા પણ પ્રચલિત છે. વિદ્વાનોનું અનુમાન છે કે નારદ નામની એક વ્યક્તિ થઈ હશે અને પછી એ વ્યક્તિનો ધર્મમાં અથવા સિધ્ધાંતોને આધારે એક સંપ્રદાય સ્થપાયો હશે. એ સંપ્રદાયનાં લોકો નારદ કહેવાતા હશે, કારણ કે સૃષ્ટિનાં પ્રારંભથી લઈને છે ક શ્રીકૃષ્ણના જીવન સુધી નારદ નામના દવર્ષિનો ઉલ્લેખ મળે છે.

આ નારદ ભક્તિમાર્ગનાં બાર આચાર્યોમાંના મુખ્ય ગણાય છે. આયુર્વેદ, જ્યોતિષ, નીતિ, સંગીત આદિ શાસ્ત્રોનાં પણ તે મોટા આચાર્ય છે. એમણે લખેલી સંહિતાઓ આજે પણ માર્ગદર્શક ગણાય છે. અહીં નારદસ્મૃતિનો ઉલ્લેખ કરું, કારણ કે એમાં ન્યાયશાસ્ત્રની ઘણી મહત્વની સામગ્રી પ્રાપ્ત થાય છે. એમાં લખ્યું છે કે ન્યાયાલય સર્વોપરિ છે, તેમજ એમાં દેવું પાછું કેવી રીતે મેળવવું, જમાનત કઈ રીતે આપવી અને જુદા જુદા કામો કરે તો કેવો અપરાધ ગણવો તેની વાત કરી છે.

નારદની ભવ્યતા એ છે કે એ વૈદિક અને હિંદુ ગ્રંથોમાં તો એમનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, પણ એથીયે વિશેષ આશ્ચર્યજનક બાબત એ છે કે જૈન સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યમાં પણ નારદનો ઉલ્લેખ મળે છે. આને માટે 'ઋષિભાષિત' નામના અર્ધમાગધી પ્રાકૃતનું અતિ પ્રાચીન રૂપ ધરાવતા જૈન ધર્મનાં મહત્વપૂર્ણ ગ્રંથ તરફ ભગ્યે જ કોઈની દષ્ટિ ગઈ છે. આ ગ્રંથની વ્યાપકતા અનોખી છે અને આ જૈન ધર્મનો ગ્રંથ હોવા છતાં અન્ય ધર્મોનાં ઋષિઓનો સમાદરપૂર્વક ઉલ્લેખ મળે છે. આમાં વૈદિક પરંપરામાં પ્રસિધ્ધ એવા દેવ નારદ, અંગિરથ ભારદ્વાજ, યાજ્ઞવલ્ક્ય, બાહુક, વિદુર, વારિષેણ કૃષ્ણ જેવા નામો આ ગ્રંથમાં મળે છે અને આ ઋષિઓના ઉપદેશ ઉપનિષદ, મહાભારત અને પુરાણોમાં જોવા મળે છે. આ ગ્રંથની એ વિશેષતા છે કે એમાં જે ઋષિઓની નામાવલિ છે તેમાં પાંચેક ઋષિ સિવાય બીજા બધા પ્રાગૈતિહાસિક કાળમાં થયેલી વ્યક્તિઓ છે. આ બધાને કારણે આ ગ્રંથ માત્ર જૈન પરંપરાનો જ નહિં, પણ સમગ્ર ભારતીય પરંપરાનો એક અતિ મહત્વનો ગ્રંથ છે, જેમાં ધાર્મિક ઔદાર્યનું વિશાળ અને મનોરમ દર્શન થાય છે.

આ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં દેવ નારદની વાત આવે છે. હિંદુ, બૌદ્ધ અને જૈન એ તમામ પરંપરામાં નારદ વિશેના ઉલ્લેખો મળે છે. બહુ ઓછાને ખ્યાલ હશે કે આ ગ્રંથ ઉપરાંત 'સમવાયાંગ', 'જ્ઞાતાધર્મકથા', 'આવશ્યક ચૂર્ણિ', 'ઋષિમંડલ' જેવા જૈન ગ્રંથોમાં પણ નારદનો ઉલ્લેખ મળે છે અને આ ગ્રંથોમાં નારદનાં વ્યક્તિત્વનાં જુદા જુદા પાંસાઓ જોવા મળે છે. જેમ કે 'ઔપપાતિક' ગ્રંથમાં નારદને ચાર વેદ અને અનેક વિદ્યાઓના જ્ઞાતા દર્શાવ્યા છે.

જૈન પરંપરામાં પણ નારદનું વ્યક્તિત્વ ઘણું પ્રભાવશાળી આલેખાયું છે અને બળદેવો અને વાસુદેવોની સાથોસાથ નવ નારદોની કલ્પના કરવામાં આવી છે. એટલું જ નહીં પણ નારદને માનનારા પરિવ્રાજકોનો એક સ્વતંત્ર પંથ હોવાની નોંધ પણ મળે છે. જ્યારે બૌદ્ધ પરંપરામાં પણ ઘણા નારદોનો ઉલ્લેખ મળે છે. ચોવીસ બૌદ્ધની જે અવધારણા કરવામાં આવી છે એમાં નવમાં બૌદ્ધ નારદ છે. વળી ભગવાન બુદ્ધના સમકાલીન એવા નારદ નામના બ્રાહ્મણનો પણ ઉલ્લેખ મળે છે. આવા ભવ્ય અને સર્વવ્યાપી વ્યક્તિત્વની આપણે કેવી અવહેલના કરી છે ! જરા વિચારીએ ! ■




# ZEN GARDEN

4 BHK & 4 BHK ++ FLATS

SAMPLE FLAT READY

**Carpet Area**

**2079** Sq. Ft.
**2665** Sq. Ft.

**Huge Height**

Slab Top to Slab Top

- **Basement** | 13′
- **Ground Floor** | 13′3″
- **First Floor** | 14′9″

- 70% Open Area & 30% Typical Construction
- Superior Build & Work Quality
- Lavish Amenities For All Age Groups
- 26000 Sq Ft Podium Garden
- 2 Allotted Car Parking
- 2nd Plot From Ring Road Purely Residential Project
- Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi

Our Associate Projects

36 Avenue · 48 Avenue · The Vibe · Silver Avenue · Silver Square

**Rera Number**
**PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229**

**New 150 Feet Ring Road,**
**Near Sky Diamond Apartment, Rajkot**

Contact : **77000 53000**


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++
FLATS
SAMPLE
FLAT
READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
• East - West Open Flats
• Large Beam & Column Less Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact: 77000 53000

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ભગવાન જગન્નાથની રથયાત્રા

## આભે ઝબૂકી વીજ અને આવી અષાઢી બીજ

ભારત એ તહેવારોની ધરતી છે, જ્યાં દરેક ઉત્સવની પાછળ કોઈ ન કોઈ ધર્મગાથા અને ઐતિહાસિક સંદર્ભ છુપાયેલો હોય છે. આ પરંપરાઓમાં ભગવાન જગન્નાથની રથયાત્રા એક વિશેષ મહત્વ ધરાવે છે. ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ધામધૂમથી મોટા ઉત્સવ સાથે કાઢવામાં આવે છે. આ યાત્રા ઓરિસ્સાના પુરીમાં આવેલ વિશ્વ વિખ્યાત જગન્નાથજીના મંદિરેથી નીકળે છે. આ મંદિર હિંદુઓના ચાર ધામના તીર્થોમાંનું એક મહિમાવાન તીર્થ છે. શાસ્ત્રોમાં કહેવાયું છે

**"અયોધ્યા મથુરા માયા કાશી કાંચી અવંતિકા। પુરી દ્વારાવતી જ્ઞેયાઃ સપ્તૈતા મોક્ષદાયિકા :॥"**

જે સાત નગરી મોક્ષદાયિની છે તેમાં આ જગન્નાથપુરીનો સમાવેશ થાય છે. ભગવાન જગન્નાથ વિષ્ણુના એક અવતાર ગણાય છે, જો કે પુરાણોમાં આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. 'જગન્નાથ' એટલે એકલા જગન્નાથ (શ્રી કૃષ્ણ) નહી, પણ એમની સાથે ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજી પણ છે. તે ત્રણેયની એકતાનું અને નિર્મળ પ્રેમનું દૈવી પ્રતીક છે. પુરીના અમદાવાદના જગન્નાથ મંદિરમાં જે અર્પણ થાય છે, તેના અડધો ભાગ બહેન સુભદ્રાનો ગણાય છે. ભારતીય સંસ્કૃતિમાં તો પરાપૂર્વથી બહેનને આ વિશેષાધિકાર અપાયો છે.

**રથયાત્રાનું મહત્વ :** રથયાત્રાના દિવસે ભગવાન શ્રી કૃષ્ણ, એમના મોટાભાઈ બલરામ અને બહેન સુભદ્રાને રથ પર બિરાજમાન કરી ગુંડીચા મંદિરમાં લઈ જવામાં આવે છે. ત્રણેયના રથોને ભવ્ય રીતે શણગારવામાં આવે છે. આ રથયાત્રાનું સુંદર વર્ણન આદિ શંકરાચાર્યજીએ એમના "જગન્નાથ અષ્ટકમ"માં કર્યું છે. એક એવી અદ્‌ભુત માન્યતા પ્રવર્તે છે કે ભગવાન શ્રી વિષ્ણુ આ ધામોમાં જુદી જુદી દિનચર્યાની ક્રિયાઓ કરે છે. હિમાલયના ઉન્નત શિખરો પર બનેલા બદ્રીનાથ ધામમાં ભગવાન જગન્નાથજી સ્નાન કરે છે. પશ્ચિમમાં ગુજરાતના દ્વારિકા ધામમાં ભગવાન વસ્ત્રાભૂષણ, અલંકાર વગેરે ધારણ કરે છે. પૂર્વમાં પ્રસિદ્ધ જગન્નાથપુરીમાં ભોજન કરે છે અને દક્ષિણમાં રામેશ્વરમાં વિશ્રામ કે શયન કરે છે. દ્વાપર યુગ પછી ભગવાન શ્રી કૃષ્ણ પુરીમાં નિવાસ કરવા લાગ્યા અને જગન્નાથ નામથી ઉદ્‌બોધિત કરાયા. પુરીમાં આવેલુ જગન્નાથ મંદિર નાગર શૈલીમાં બંધાયેલું અને કલિંગ સ્થાપત્યના શ્રેષ્ઠ બચેલા નમૂનાઓમાંનું એક છે.

રથયાત્રા એ ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાજી સાથે સંકળાયેલો એક હિન્દુ તહેવાર છે, જે ભારતભરમાં અષાઢ સુદ બીજના દિવસે મનાવવામાં આવે છે. ભગવાન જગન્નાથનું મૂળ મંદિર ઓરિસ્સાના પુરી શહેરમાં આવેલું છે. આમ તો દરરોજ ભક્તોએ ભગવાનના દર્શન કરવા મંદિરમાં ભગવાન પાસે જવું પડે છે, પરંતુ રથયાત્રાના દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભક્તો પાસે જાય છે. લોકો આંગણે પધારેલા પ્રભુના દર્શન કરવા ઉમટી પડે છે. રથયાત્રાનો ઉદ્‌ભવ ઓરિસ્સામાં આવેલા પુરીમાં થયો હોવાનું મનાય છે. પુરીનું શ્રી જગન્નાથ મંદિર પ્રાચીન હિંદુ મંદિર છે, જે ભગવાન શ્રી કૃષ્ણને સમર્પિત છે. ભાઈ બહેનના અનોખા પ્રેમનો મહિમા કરતી રથયાત્રા પાછળની કથા ખૂબ જ રસપ્રદ છે. ભગવાન પણ બહેનને લાડ લડાવવા ઉત્સુક રહેતા હતા.

**પૌરાણિક કથા :** ભગવાન કૃષ્ણ અને તેમના મોટાભાઈ બલરામ દ્વારકાની બહાર ગયા હતા, ત્યારે કૃષ્ણ ભગવાનની ૧૬૧૦૮ રાણીઓએ બલરામની માતા રોહિણીને પૂછ્યું કે અમે કૃષ્ણની આટલી સેવા કરીએ છીએ છતાં કૃષ્ણ આખો દિવસ રાધાનું નામ કેમ લે છે. ત્યારે રોહિણી માતા બોલ્યા કે જો કૃષ્ણ અને બલરામ રાજ મહેલમાં ન પ્રવેશે તો હું કહું. રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા. પછી રોહિણી માતાએ કથા ચાલુ કરી. સુભદ્રા દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે કૃષ્ણ અને બલરામ પાછા આવ્યા. સુભદ્રાજીએ તેમને રાજમહેલમાં પ્રવેશતા રોક્યા. તેઓ પણ સુભદ્રાની જેમ અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે અચાનક ભક્તિના ભાવને લીધે ત્રણેયના હાથ અને પગ સંકોચવા લાગ્યા તથા આંખો મોટી થઈ ગઈ. ત્યારે કૃષ્ણ ભગવાનને મળવા નારદ મુનિ આવ્યા. નારદ મુનિએ કહ્યું કે તમારું આ રૂપ જગતને બતાવો. તો કૃષ્ણ ભગવાને નારદ મુનિને આ રૂપ કળિયુગમાં બતાવવા વચન આપ્યું.

એક અન્ય રસપ્રદ કથા પ્રમાણે એકવાર દેવી સુભદ્રા પોતાના સાસરેથી પોતાના પિયર દ્વારિકા આવ્યા હતા. તેમણે પોતાના બંને ભાઈઓને નગરદર્શનની ઈચ્છા જણાવી. શ્રી કૃષ્ણ અને બલરામે તેને એક રથ પર બેસાડ્યાં અને તેઓ અલગ અલગ રથ પર સવાર થઈ ગયા. સુભદ્રાના રથને વચ્ચે રાખવામાં આવ્યો અને ત્રણેય નગરની યાત્રા પર નીકળી પડ્યાં. ત્યાર બાદ સુભદ્રાજીની નગરયાત્રાની ઈચ્છાની સ્મૃતિમાં જગન્નાથપુરીમાં દર વર્ષે રથયાત્રા નીકળે અને દસ દિવસ સુધી ઉત્સવ ચાલે છે. આ રથયાત્રાના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવે છે.

**પુરીમાં ભગવાન જગન્નાથની સ્થાપના :** એક અન્ય કથા મુજબ એવું કહેવાય છે કે ભગવાન શ્રી કૃષ્ણએ દેહોત્સગ કર્યા પછી તેમના શરીરને પાંડવોએ અગ્નિદાહ આપી અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા હતા. પરંતુ શ્રી કૃષ્ણના સ્થૂળ દેહના માત્ર હાથ, પગ, કાન અને મુખ એટલાં જ અંગો અગ્નિથી ભસ્મ થયાં. શ્રી કૃષ્ણના બાકીના દેહને પાંડવોએ દરિયામાં તરતો મુકી દીધો. તે દેહાત્મા લાકડાનો મોટો ટુકડો બનીને પૂર્વમાં પુરીના દરિયા કિનારે આવીને અટક્યો. તે સમયે ઓરિસ્સાના રાજા ઈન્દ્રધુમ્નને જગન્નાથ, બલરામ અને શુભદ્રાજીની મૂર્તિ બનાવવાની ઈચ્છા થઈ. એ દરમિયાન એક દિવસ તેણે



સમુદ્રમાં મોટું કાષ્ઠ(લાકડું) તરતું જોયું. તેમને આંતરિક પ્રેરણા થઈ કે આ કાષ્ઠમાંથી જ મૂર્તિઓનું નિર્માણ કરીએ. તે સમયે જગન્નાથ સ્વામીએ દેવતાઓના શિલ્પી વિશ્વકર્માને વૃદ્ધ, શિલ્પીનો સ્વાંગ રચીને રાજા પાસે મોકલ્યા. મૂર્તિ ઘડી કાઢવા માટે રાજાએ વિનંતી કરી. આ શિલ્પીએ રાજા સમક્ષ એક શરત મૂકી કે, તે ઓરડાના દ્વાર બંધ કરીને મૂર્તિ બનાવશે. આ દરમિયાન કોઈ ઓરડો ઉઘાડી અંદર આવશે તો મારું કામ બંધ કરી દઈશ. રાજાનો પરિવાર જાણતો નહોતો કે આ વૃધ્ધ શિલ્પી કોણ છે.

શિલ્પી મૂર્તિ ઘડવા લાગ્યો, પરંતુ ઘણા દિવસો વીતી જવાથી રાજા રાણીને ચિંતા થઈ. તેમણે ઓરડાનાં દ્વાર ખોલાવ્યા અને જોયું તો શિલ્પી અદ્રશ્ય થઈ ગયેલો અને ત્રણ મૂર્તિઓ અર્ધ ઘડેલ સ્વરૂપે પડી હતી. જગન્નાથ અને બલરામની મૂર્તિઓને હાથ હતા પણ આંગળીઓ નહોતી. સુભદ્રાની મૂર્તિને તો હાથ જ નહોતા. ત્રણેયની ગોળ-ગોળ મોટી આંખો હતી. રાજા રાણી દુઃખી થયા. પરંતુ ભવિષ્યવાણી થઈ કે "અમે આ રીતે જ રહેવા માંગીએ છીએ. મૂર્તિની સ્થાપના કરાવો". રાજા ઈન્દ્રદ્યુમ્ને એ અપૂર્ણ અંગોવાળી મૂર્તિઓને રંગ લગાવી ધામધૂમથી તેમની સ્થાપના કરી અને ત્યારથી પુરી "જગન્નાથપુરી" ધામ બન્યું. તથા જગન્નાથ બલરામ અને બહેન સુભદ્રાની પૂજા પ્રવર્તિત થઈ. અષાઢી બીજે રથયાત્રાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાવા લાગ્યો. જગન્નાથ પુરીનું હાલનું ભવ્ય મંદિર ઈ.સ.૧૨૧૧ થી ૧૨૩૮ના સમયમાં રાજા અનંગ દેવ બીજાએ બંધાવ્યું છે. આ મંદિર ગંગદેવ ચૌલ કે અનંગવર્માએ બંધાવેલું એવો પણ મત છે. આ મંદિરમાં નાત-જાત કે વર્ણના કોઈ ભેદ નથી. મંદિરમાં અને રથયાત્રામાં સૌને સમાન રીતે પ્રસાદ વહેંચાય છે.

મહાભારત અને ભાગવતની કથાઓમાં એમ પણ કહેવાયું છે કે શ્રી કૃષ્ણનો સંહાર કરવાના પ્રયોજનથી મામા કંસે અક્રૂરને આદેશ આપ્યો કે બંને ભાઈઓને કપટ કરીને મથુરામાં તેડી લાવો. એ રીતે બંને ભાઈઓએ રથમાં બેસી મથુરા જવા પ્રસ્થાન કર્યું. ગોપ-ગોપીઓએ તેમને ભાવભીની વિદાય આપી. મથુરાના નગરજનોએ તે બન્નેનું સામૈયું કર્યું. શ્રી કૃષ્ણ અને બલરામે ગોકુળથી મથુરાની રથયાત્રા કરી, તે દિવસ અષાઢ સુદ બીજનો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં દેશભરમાં જ્યાં જ્યાં ભગવાન જગન્નાથજીના મંદિરો છે ત્યા રથયાત્રા ઉજવવાની પરંપરા પ્રવર્તિત થઈ. આમાં ઓરિસ્સા અને અમદાવાદની રથયાત્રા સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ થઈ છે.

**ભારતમાં રથયાત્રા :** ભારતમાં મુખ્ય રથયાત્રા જગન્નાથપુરીની છે. આ ઉપરાંત આ જ દિવસે ભારતના અનેક શહેરોમાં રથયાત્રાનું આયોજન થાય છે. ગુજરાતના અમદાવાદમાં જગન્નાથ મંદિરેથી નીકળતી રથયાત્રા ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે. બીજા ક્રમે વડોદરામાં ઈસ્કોન મંદિર દ્વારા થાય છે. સુરતમાં પણ ઈસ્કોન દ્વારા દર વર્ષે આયોજન થાય છે. ભાવનગર તથા રાજકોટમાં પણ રથયાત્રાનું આયોજન થાય છે.

જગન્નાથ, સુભદ્રા અને બલરામની મૂર્તિઓનું આખું વર્ષ પૂજન-અર્ચન થાય છે પણ વર્ષમાં એકવાર અષાઢી બીજના દિવસે ત્રણ મોટા રથમાં પધરાવી પુરીની મુખ્ય બજારમાં થઈ ત્રણેક કિ.મી. દૂર ગુંડિચા મંદિરે લવાય છે. જેથી આ રથયાત્રાને ગુંડીચા યાત્રા પણ કહેવામાં આવે છે. જાહેર જનતાને દર્શનનો ખૂબ લાભ મળે છે. આ રથ કાષ્ઠના બનેલા હોય છે અને દર વર્ષે નવા બનાવાય છે. જગન્નાથની આ રથયાત્રા છેક પુરાણ કાલિન હોવાનું જણાય છે, બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણમાં આ રથયાત્રાનું આબેહુબ વર્ણન જોવા મળે છે. ૧૮મી સદીમાં રાજસ્થાનના રાજા રામસિંહે પણ પુરીની રથયાત્રાનું વર્ણન કરેલું છે. હિંદુઓના આ તહેવારનું વિશ્વના પ્રસિધ્ધ પ્રવાસીઓએ પોતાની યાત્રાનોંધમાં વર્ણન કરેલું છે.

**પહિન્દ વિધિ શું છે ? :** રથયાત્રા સાથે સંકળાયેલ આ વિધિ ખાસ નોંધપાત્ર છે. જેમાં રાજા ગજપતિ એક વિશેષ ઝાડુ લઈને ભગવાનના રથના આસપાસના માર્ગ અને પગથિયા સાફ કરે છે. રાજા પણ સેવક બની જાય છે. ત્યારબાદ પવિત્ર ગંગાજળ અને પાવડર માર્ગ પર છાંટવામાં આવે છે. આ કાર્ય પૂર્ણ ભક્તિ અને નમ્રતા સાથે કરે છે, જેને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. રાજા હોય કે રંક ભગવાન સામે દરેક ભક્ત સમાન છે. પહિંદનો અર્થ છે મંચ અથવા માર્ગ સાફ કરવો. આજે રાજા નથી તો રાજ્યની સત્તામાં જે મુખ્ય વ્યક્તિ હોય તેના દ્વારા આ વિધિ થતી હોય છે. ત્યારબાદ મૂર્તિઓને શ્રી મંદિરમાંથી લાવીને રથમાં પધરાવવામાં આવે છે.

**ભગવાનના ભવ્ય રથ :** ભગવાન જગન્નાથના રથનું નામ "નંદી ઘોષ" છે. જેને બનાવવા માટે ૮૩૨ લાકડાનો ઉપયોગ થાય છે. આ રથના ૧૬ પૈડા છે. ઉંચાઈ ૪૫ ફૂટ અને લંબાઈ ૩૪ ફૂટ છે. સારથિનું નામ 'દારુક' છે, જ્યારે રક્ષકનું નામ 'ગરુડ' છે. રથને ખેંચતા દોરડાનું નામ 'શંખચૂર્ણ નાગુની' છે અને તેના પર "ત્રૈલોક્ય મોહિની"નામનો ધ્વજ લહેરાતો હોય છે. રથને ખેંચતા ચાર ઘોડાઓના નામ શંખ, બહુલક, સુવેત અને હરિદાશ્વ છે, આ રથ આધ્યાત્મિક ઉર્જાનું એક અનોખું પ્રતીક છે.

**દર્પદલન રથ અને દેવી સુભદ્રા :** ભગવાન શ્રી કૃષ્ણની બહેન દેવી સુભદ્રાજીના રથનું નામ દેવદલન છે, જેને લોકો દર્પદલન તરીકે ઓળખે છે. આ રથ બનાવવામાં ૫૯૩ લાકડાના ટુકડાનો ઉપયોગ થાય છે. આ રથ ૧૨ પૈડા પર ઉભો છે. જેની લંબાઈ ૩૧ ફૂટ અને ઉંચાઈ ૪૩ ફૂટ છે. એવું માનવામાં આવે છે કે આ રથના સારથિ અર્જુન પોતે છે. રથના રક્ષક જયદુર્ગા દેવી છે. રથના ધ્વજને નાદમ્બિકા કહેવામાં આવે છે. રૂચિકા, મોચિકા, જીત અને અપરાજિતા નામના ચાર ઘોડા આ રથને ખેંચે છે. આ રથને સુભદ્રાની શક્તિ, સૌમ્યતા અને વિજયનું પ્રતીક માનવામાં આવે છે.

**બલભદ્રજીનો તાલધ્વજ રથ :** બલભદ્રજીના રથને તાલધ્વજ કહેવામાં આવે છે. તેમાં ૭૬૩ લાકડાના ટુકડાનો ઉપયોગ થાય છે. આ રથ ૧૪ પૈંડા પર ઉભો છે, જેની ઉંચાઈ ૪૪ ફૂટ અને લંબાઈ ૩૨ ફૂટ છે. આ રથના સારથિનું નામ માતાલી છે, જ્યારે રક્ષક વાસુદેવ છે. રથ સાથે બાંધેલા દોરડાને વાસુકી નાગ કહેવામાં આવે છે. તેનાં પર લહેરાતા ધ્વજને ઉન્નાની કહેવામાં આવે છે. બલરામના રથને તીવરા, ઘોર, દીર્ઘાશ્રમ અને સ્વર્ણભ નામના ચાર ઘોડાઓ



ખેંચે છે. આ રથને બલરામની શક્તિ, ધૈર્ય અને નેતૃત્વનું પ્રતીક માનવામાં આવે છે. આ ત્રણેય રથ લીમડા અને નારિયેળના લાકડામાંથી બને છે વનદેવીની પૂજા અને ગ્રામદેવીની પરવાનગી પછી જ લાકડા પુરી પહોંચે છે. પુરીના રથ બનાવનારા સદીઓથી એક જ પેઢીના છે. આ રથ દર વર્ષે નવા બનાવાય છે.

**રથયાત્રામાં મગના પ્રસાદનું કારણ શું ? :** ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામ મામાને ઘરે જાય છે, ત્યાં ખુબ કેરી અને જાંબું ખાય છે. જેના કારણે ભગવાનને આંખો આવે છે (કંઝકટીવાઈટીસ). આથી ભગવાનને મગ ખવડાવવામાં આવે છે. ત્યારથી જ આ પરંપરા ચાલી આવે છે. મગ શક્તિદાયક અને આરોગ્યવર્ધક છે. બીમાર વ્યક્તિને પણ ડોક્ટર મગનું પાણી પીવાની સલાહ આપે છે. લાંબા ઉપવાસ પછી મગના પાણીથી પારણા કરવામાં આવે છે.

**અમદાવાદ જગન્નાથ મંદિરનો ઇતિહાસ :** લગભગ ૫૦૦ વર્ષ પહેલા હનુમાનદાસજી નામના સાધુ અહીં આવ્યા હતા અને તેમણે સાબરમતી નદી પાસે જંગલની વચ્ચે હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી હતી. ત્યારબાદ મંદિર તૈયાર કરવામાં આવ્યું. તેમના અનુગામી સારંગદાસજી ભગવાન જગન્નાથના ભક્ત હતા. તેઓ કેટલાંક ભક્તો સાથે પુરી ખાતે દર્શને ગયા. કહેવાય છે કે તેઓ પુરીની ધર્મશાળામાં સૂતા હતા ત્યારે ભગવાને તેમને સપનામાં દર્શન દીધા અને ત્રણેય મૂર્તિ સ્થાપિત કરવાની પ્રેરણા આપી. ત્યારબાદ હનુમાનજીનું મંદિર જગન્નાથ મંદિર બન્યું.

અત્યાર સુધીમાં આ મંદિરમાં ૧૩ ગાદીપતિ થયા છે, જેમાંથી વર્તમાન મહંત દિલીપદાસજી અને નરસિંહદાસજી સિવાયના તમામ પરપ્રાંતિય હિંદીભાષી હતા. દિલીપદાસજીનો જન્મ અમદાવાદમાં જ થયો છે, તેમના દાદાની મંદિર પરિસરમાં ચાની કિટલી હતી.

**અમદાવાદમાં રથયાત્રા :** મંદિરની સતાવાર વેબસાઈટ મુજબ અમદાવાદમાં ૧૮૭૮થી રથયાત્રાનું આયોજન થાય છે. જેમાં સૌ પહેલા ભરૂચના "ભોઈ સમાજે" રથયાત્રા કાઢી હતી. પહેલાના સમયમાં તત્કાલિન મહંત નરસિંહદાસજીએ આ શરૂઆત કરાવી હતી. પહેલાનાં સમયમાં બળદગાડામાં રથયાત્રા કાઢવામાં આવતી હતી. અમદાવાદમાં જમાલપુરમાં આવેલ ૪૦૦ વર્ષ જુના જગન્નાથ મંદિરથી અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન થાય છે. કુલ ૧૪ કિ.મી. નું અંતર કાપી સાંજે ફરી મંદિરે આવે છે. રથયાત્રાના એક પખવાડિયા પહેલાં એટલે કે જેઠ માસની પૂનમને દિવસે જગન્નાથજીનો સ્નાન ઉત્સવ (જલયાત્રા) યોજાય છે. આ પ્રસંગે મંદિરમાં રહેલી મૂર્તિઓ સરઘસ સ્વરૂપે પવિત્ર સ્નાન માટે સાબરમતી નદીના કિનારે લઈ જવાય છે. સ્નાન પછી મૂર્તિઓને સરસપુરના રણછોડ રાયના મંદિરે લઈ જવાય છે. ત્યાં વિરામ પછી જગન્નાથ મંદિરે પરત લવાય છે, ત્યાં મહાભિષેક કરવામાં આવે છે. એકાદશીએ ભગવાનની નેત્રોત્સવ વિધિ થાય છે. અષાઢી બીજના દિવસે વહેલી સવારે ચાર વાગ્યે ભગવાનની આંખેથી પાટા ખોલવામાં આવે છે. ત્યારપછી મંગળા આરતી થાય છે.

અષાઢી બીજના દિવસે રથયાત્રા સવારે ૭.૦૦ વાગ્યાની આસપાસ શરૂ થાય છે. શરૂ થતાં પહેલાં પરંપરાગત રીતે ગુજરાતના મુખ્યમંત્રી મંગલા આરતીમાં હાજર રહે છે, અને રથયાત્રાના માર્ગની સફાઈના પ્રતીકરૂપ "પહિંદ વિધિ" કરે છે. રથયાત્રા બપોરે સરસપુર ખાતે (મામાને ત્યાં) રોકાય છે. અહીં તમામ શ્રધ્ધાળુઓને પ્રસાદીરૂપે મહાભોજ કરાવાય છે. સાંજે ૮.૩૦ આસપાસ રથયાત્રા જગન્નાથ મંદિરે પરત આવે છે. આ રથયાત્રામાં ત્રણ મુખ્ય રથો ઉપરાંત ૧૮ થી ૨૦ શણગારેલા હાથી, વિવિધ અખાડાઓના સાધુઓ અને તેમના મહંતોની સવારીઓ પણ હોય છે. **અમદાવાદની રથયાત્રા પુરીની રથયાત્રા પછીની બીજા નંબરની સૌથી મોટી અને જુની રથયાત્રા છે.** આ રથયાત્રા અમદાવાદની ઓળખ બની ગઈ છે. સમગ્ર શહેર "જય રણછોડ... માખણ ચોર.."ના નાદથી ગૂંજી ઉઠે છે. આ વર્ષે ૨૭ મે ૨૦૨૫ને અષાઢી બીજના દિવસે ૧૪૮મી રથયાત્રા નીકળશે. આ તહેવાર ગુજરાત રાજ્યના લોકોત્સવ (જાહેર તહેવાર) તરીકે ઉજવાય છે. હિંદુઓ આ જનપર્વને મહાપર્વ તરીકે ઉજવે છે. દરેક લોકો પોતાની અલગ-અલગ પ્રવૃત્તિઓ થકી સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક રીતે રથયાત્રામાં જોડાય છે. બહેન સુભદ્રા જ્યારે મોસાળ સરસપુર ખાતે પધારે છે, ત્યારે તેમનું મોસાળું કરવામાં આવે છે, તેમને વસ્ત્રો સહિત સોનાના દાગીના ભેટ આપવામાં આવે છે. સરસપુર ખાતે જમવાની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે છે. અમદાવાદનો મુસ્લિમ સમાજ પણ ભાવ પૂર્વક સામેલ થઈને સર્વધર્મ સમભાવની ભાવનાનું વાતાવરણ પેદા કરે છે.

**વિશ્વના બીજા દેશોમાં રથયાત્રા :** ભારતની બહાર પણ અનેક દેશોમાં રથયાત્રાના આયોજનો થાય છે. જેનો શ્રેય ઈસ્કોનના સ્થાપક આચાર્ય ભક્તિ વેદાંત સ્વામી પ્રભુપાદને જાય છે. અમેરિકાના લોસ એન્જેલિસ, ન્યૂયોર્ક, સાનડિયેગો, સાનફ્રાન્સિકો વગેરે શહેરો ઉપરાંત ઈંગ્લેન્ડના લંડન, બર્મિંગહામ, કો વેન્ટ્રી, બ્રાઈટન વગેરે શહેરો તથા પેરિસ, ટોરેન્ટો, બુડાપેસ્ટ વગેરે અનેક શહેરોમાં ઈસ્કોન દ્વારા જુન-જુલાઈ મહિનામાં રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. પાશ્ચાત્ય દેશોના કાયદાઓના પરિપાલન માટે મોટેભાગે શનિ-રવિવારે યોજવામાં આવે છે. બાંગ્લાદેશમાં આવેલ ઘરમરાઈ જગન્નાથ રોથ ખાતે દર વર્ષે રથયાત્રા યોજાય છે.

**વિશ્વ ઉમિયાધામ દ્વારા રથયાત્રા :** અમદાવાદમાં વર્ષ ૨૦૨૪થી અષાઢી બીજના દિવસે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બલરામની મૂર્તિઓ સાથે વિશાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખ શ્રી આર. પી. પટેલે "પહિંદ વિધિ" કરી હતી, ત્યારબાદ યાત્રામાં પણ સામેલ થયા હતાં. સવારે ૯ વાગે વિશાળ મેદની સાથે શરૂ થયેલી રથયાત્રા અદાણી શાંતિગ્રામ થઈ શહેરના રાજમાર્ગો પરથી વાજતે ગાજતે પસાર થઈ સાંજે વિશ્વ ઉમિયાધામ (જાસપુર) ખાતે પરત ફરી હતી. અદાણી શાંતિગ્રામ સહિત અનેક જગ્યાએ રથયાત્રાનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે આપણે સૌ પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરીએ કે, **"जगन्नाथस्वामी नयन पथगामी भवतु मे।"**

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)

: હેડ ઓફિસ :

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ₹ ૩૮૮.૭૮ | કામકાજનું ભંડોળ | ₹ ૧૦૯૯૧.૫૦ |
| રીઝર્વ ફંડ | ₹ ૧૦૦૦.૫૦ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૨૪૭.૯૬ |
| ધિરાણ | ₹ ૬૧૧૭.૯૪ | નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૧૨૨.૯૫ |
| ડિપોઝીટ | ₹ ૯૧૮૬.૭૦ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજૂરીની અપેક્ષાએ) | ૧૫%* |



58 શાખાઓ

### થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

**1,16,646 સભાસદો**

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| શ્રી કે.કે.પટેલ | શ્રી જી.કે.પટેલ | શ્રી એમ.એસ.પટેલ |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | ચીફ એક્ઝીક્યુટીવ |

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | | | |
|---|---|---|---|
| શ્રી ચંદુભાઈ આઈ. પટેલ | શ્રી ખોડાભાઈ એન.પટેલ | શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ | શ્રી કાનજીભાઈ એસ.પટેલ |
| શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ | શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ | શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ | શ્રીમતી કોકીલાબેન એન.પટેલ |
| શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ | શ્રી અમૃતભાઈ જી.પટેલ | શ્રી વિનોદભાઈ બી.પટેલ | શ્રીમતી દીપીકાબેન આર.પટેલ |
| શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ | શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર) | શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.) | |
| શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર | શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર) | | |

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

## શિક્ષણ સૃષ્ટિ



**ડૉ. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર

# ડૉ. પ્રભુદાસ પટેલને "ગુજરાત ગરિમા" એવોર્ડ એનાયત

એક કર્મઠ અને નિષ્ઠાવાન સારસ્વત પ્રિ. ડૉ. પ્રભુદાસ પટેલ ગુજરાતના સર્વોચ્ચ સન્માન "ગુજરાત ગરિમા" એવોર્ડ ૨૦૨૫ થી ગુજરાત સરકાર દ્વારા તા. ૧ મે, ૨૦૨૫ના રોજ પુરસ્કૃત થયા છે.

પ્રિ. ડૉ. પ્રભુદાસ પટેલ ૮૦ના દાયકામાં શેરથા જિ. ગાંધીનગરમાં આચાર્ય તરીકે નિમાયા. સમગ્ર ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક અને શ્રેષ્ઠ સામાજિક પ્રવૃત્તિઓને ધ્યાને લઈને **ગુજરાત સરકારે "શ્રેષ્ઠ શિક્ષણ"ના એવોર્ડ (૧૯૮૬)થી સન્માનિત કર્યા.** તે જ પ્રમાણે **ભારત સરકારે "શ્રેષ્ઠ શિક્ષક"ના નેશનલ એવોર્ડ (૧૯૮૮)થી મહામહિમ રાષ્ટ્રપતિજીના હસ્તે સન્માનિત કર્યા.**

ત્યારબાદ ૯૦ના દાયકામાં અમદાવાદની શ્રેષ્ઠ સ્કૂલ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ-ઉસ્માનપુરા-અમદાવાદમાં આચાર્ય તરીકે નિમાયા. ઉત્તમ પરીણામો માટે જાણીતી આ સ્કૂલના ટ્રસ્ટી તરીકે પણ તે જ વર્ષે નિમાયા, જે આજ સુધી ટ્રસ્ટી તરીકે ચાલુ છે. આ શાળાએ ઉત્તમ કક્ષાના ૧. એન્જીનિયર્સ ૨. ડોક્ટર્સ ૩. ઉદ્યોગપતિ ૪. નાટ્યકારો ૫. લેખકો ૬.નૃત્યાંગનાઓ ૭. કલાકારો ૮. રમતવીરો અને ૯. ખાસ કરીને ક્રિકેટર્સ (પાર્થિવ પટેલ, બુમરાહ, મુકુંદ પરમાર, પ્રિયાંક પંચાલ, નિરજ પટેલ) જેવા રત્નો ખેલ જગતને ભેટ આપ્યા છે.

એક મૂલ્યનિષ્ઠ પ્રાધ્યાપક અને આચાર્ય તથા કેળવણીકાર તરીકેની ૩૬ વર્ષની સેવાઓને ધ્યાને લઈ ગુજરાત સરકારે ડૉ. પટેલની (G.P.S.C.) ગુજરાત પબ્લીક સર્વિસ કમિશનમાં નિમણૂંક કરી (૧૯૯૮ થી



**ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વરદ્ હસ્તે ડો.પ્રભુદાસ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.**

૨૦૦૪). આ મોભાદાર કમિશનમાં ડૉ. પ્રભુદાસ પટેલે ગુજરાત સરકાર માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની ભરતી કરવાનું કાર્ય ઔદાર્યપૂર્વક બજાવ્યું.

ડૉ. પ્રભુદાસ પટેલે ગુજરાતના પ્રથમ પંક્તિના આધ્યાત્મિક કવિ "શ્રી મકરંદ દવે" ઉપર તૈયાર કરેલાં શોધ નિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી, પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરી, આ શોધ નિબંધ ગુજરાતી સાહિત્યમાં બી.એ. અને એમ.એ. ના વિદ્યાર્થીઓ માટે મહત્વનો સાબિત થયો છે.

નિવૃત્તિ બાદ (૨૦૦૬ થી ૨૦૧૬) સ્ત્રી કેળવણી ઉત્તેજક મંડળ, અમદાવાદમાં કેમ્પસ ચેરમેન તરીકેની સેવાઓની સાથે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના મેગેઝીન "ઉમિયા જ્યોત"ના ચીફ એડીટર તરીકે રહી એક્સો (૧૦૦) અંકો પ્રકાશિત કર્યાં. જે સામયિકોની દુનિયામાં ઉત્તમ અને અદભૂત સાબિત થયા છે.

અત્યારે "વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન" જે વિશ્વમાં ઉમિયા માતાજીનું સૌથી ઉંચુ (૫૦૪ ફૂટ) શક્તિ મંદિર નિર્માણ કરે છે તેમાં ટ્રસ્ટી તરીકે અને એ સંસ્થાના મેગેઝીન "ઉમાસૃષ્ટિ"ના મેનેજીંગ એડીટર તરીકે સેવાઓ આપે છે. અત્યારે ૮૪ વર્ષની ઉંમરે પણ નિરામય આરોગ્ય ધરાવતા ડૉ. પટેલ અમદાવાદ અને ગુજરાતની નામાંકિત સંસ્થાઓમાં સક્રિય સેવાઓ આપે છે.

ડૉ. પટેલ ગામ-સાન્થલ જિ. મહેસાણાના કેળવણી મંડળના ૨૫ વર્ષથી પ્રમુખ, ધરતી વિકાસ મંડળ અમદાવાદના ટ્રસ્ટી, સરસપુર નાગરિક કો.ઓ.બેંકના ડિરેક્ટર, ૪૨ સમાજ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટમાં ટ્રસ્ટી, સ્ત્રી કેળવણી ઉત્તેજક મંડળના ટ્રસ્ટી સહિત અનેક સંસ્થાઓમાં સક્રિય છે.

આમ ડૉ. પ્રભુદાસ પટેલ એક મૂઠી ઉંચેરા મૂલ્યનિષ્ઠ શીલભદ્ર સારસ્વત તરીકે સૌના દિલમાં ગૌરવ ઉપજાવે છે. આ અસાધારણ માણસ પ્રખર રાષ્ટ્રભાવના અને દેશભક્તિના રંગે રંગાયેલ છે. ડૉ. પટેલ પૂર્વ શંકરાચાર્ય અને ભારતમાતાના આરાધક સ્વામી સત્યમિત્રાનંદ ગીરીજીના પરમ કૃપાપાત્ર રહ્યા છે. આ કર્તવ્યબધ્ધ કેળવણીકાર અને શિક્ષણકાર ડૉ. પ્રભુદાસ પટેલ ગુજરાત સરકારના પ્રતિષ્ઠિત સર્વોચ્ચ નાગરિક સન્માન "ગુજરાત ગરિમા એવોર્ડ"થી વિભૂષિત થયા છે, તેમાં તેમની તથા એવોર્ડની ગરિમા વધી જાય છે. આ વિશિષ્ટ સિધ્ધિ બદલ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

**સંકલન : પ્રો.ડૉ. જે. એમ. પનારા**



**મૌલિક સોની**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
બેસ્ટ સેલિંગ લેખક અને મોટીવેશનલ સ્પીકર

# હકારાત્મક અભિગમ

## જીવનમાં કોઇપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય


જ્યારે મને આ રહસ્ય સમજાયું ત્યારે હું માત્ર એક જ શબ્દ બોલ્યો હતો.... વાઉવ...! તે રહસ્ય હતું, કે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે મુખ્ય ત્રણ બાબતો જ ઉપયોગી હોય છે : જ્ઞાન, આવડત અને વલણ.

૧. **જ્ઞાન** એટલે તમારે શું મેળવવું છે, કેમ મેળવવું છે અને ક્યારે મેળવવું છે...? તેનું ચોક્કસ જ્ઞાન.

૨. **આવડત** એટલે જે મેળવવું છે તે કેવી રીતે મળે અને તે માટે કઈ આવડતો કેળવવી..?

૩. **વલણ** એટલે ચોક્કસ જ્ઞાન દ્વારા જરૂરી આવડતને અમલમાં મૂકીને પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટેની તીવ્ર ઈચ્છા...

જો આ ત્રણ બાબતોને લઈને એક ત્રિકોણની કલ્પના કરીએ તો સફળતાનો ત્રિકોણ બને, જે નીચે મુજબ છે :




જરા વિચારી જુઓ કે જો ત્રિકોણનો પાયો એટલે કે માત્ર જ્ઞાન વધારવામાં આવે તો શું સફળતાનો ત્રિકોણ મોટો થાય? 'ના' જ થાય. યુ આર રાઈટ ! એટલે કે માત્ર જ્ઞાન વધારવાથી ક્યારેય સફળતા મળતી જ નથી. સફળતા મેળવવા માટે જ્ઞાનની સાથે સાથે યોગ્ય આવડત અને હકારાત્મક વલણ પણ કેળવવાની જરૂર હોય છે. આ માટેનું એક સુંદર ઉદાહરણ મને યાદ આવે છે :

રમેશ, એક કરિયાણાની દુકાનમાં નોકરી કરતો યુવાન છે. તે ખૂબ જ લગન અને મહેનતથી કરિયાણાની દુકાનમાં બે વર્ષથી નોકરી કરી રહ્યો છે. આ દરમ્યાન તેનામાં કરિયાણાની દુકાનને સફળતાપૂર્વક ચલાવવાનું જ્ઞાન અને આવડત પૂરતા પ્રમાણમાં આવી ગયું છે. હવે તેના પિતાજી તેને પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવાનું કહે છે. રમેશને તો નોકરી કરવામાં જ રસ છે, પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવામાં જરાય રસ નથી. આમ છતાં તેના પિતાજી તેને કરિયાણાની દુકાન કરી આપે છે. શું આપને લાગે છે, રમેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? 'ના' , કારણ કે તેનામાં દુકાન સંભાળવાનું સંપૂર્ણ જ્ઞાન અને આવડત તો હતું જ, પરંતુ તેની આંતરિક ઈચ્છા એટલે કે તે માટેનું હકારાત્મક વલણ ન હતું. પરિણામે સફળતા મળવાના ચાન્સ ખૂબ જ ઓછા થઈ જાય છે.

જ્યારે બીજી તરફ, મહેશ એક ખૂબ જ ઉત્સાહી અને હાકારાત્મક વિચારસરણીવાળો યુવાન છે. તેને પોતાની એક કરિયાણાની દુકાન શરૂ કરવાની તીવ્ર ઈચ્છા છે. આ માટેનું જ્ઞાન અને આવડત તેનામાં સામાન્ય જ છે. તે પોતાની કરિયાણાની દુકાન શરુ કરે છે. શું આપને લાગે છે કે મહેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? યસ, યુ આર રાઈટ ! એ દુકાન સંભાળી જ શક્યો અને સફળ પણ રહ્યો, કારણ કે એક મનોવૈજ્ઞાનિક તારણ અનુસાર જો હકારાત્મક વલણ સાથે કોઈ નવું કામ શરૂ કરવામાં આવે તો તે કામને લગતું જ્ઞાન અને જરૂરી આવડતો આપણામાં આપોઆપ જ આવી જાય છે.

શું તમે ક્યારેય કોઈના માટે, એ પછી તમારો દીકરો હોય કે અન્ય કોઈ, એવું બોલ્યા છો કે, ''આનામાં ખૂબ જ જ્ઞાન છે, ખૂબ જ આવડત છે, પરંતુ ઉપયોગ કરે તો સફળ થાય.''

હું જાણું છું તમે અત્યારે વિચારી રહ્યાં હશો, કે આવું તો ઘણી વખત બોલ્યાં હશે. આપણે જો આ વાક્યને સફળતાના ત્રિકોણ સાથે સરખાવીએ તો ખ્યાલ આવશે કે મોટાભાગની વ્યક્તિઓમાં જ્ઞાન અને આવડતની કમી હોતી જ નથી. કમી હોય છે, તો માત્ર 'હકારાત્મક વલણ' ની ! જો ફક્ત હકારાત્મક વલણ કેળવવામાં આવે તો સફળતા મેળવવા માટેનું ચોક્કસ જ્ઞાન અને જરૂરી આવડત આપણામાં આપોઆપ જ વધી જતું હોય છે.

હાર્વર્ડ યુનિવર્સિટીમાં હાથ ધરાયેલા એક સર્વે અનુસાર, જ્યારે યુવાન ગ્રેજ્યુએટ થઈને નોકરી મેળવે છે ત્યારે તેમાં ૮૫% મહત્ત્વ તો માત્ર વલણ અને આવડતનું હોય છે, જ્યારે માત્ર ૧૫% જ મહત્ત્વ તેનામાં રહેલા જ્ઞાનનું હોય છે, મોટા ભાગે આપણે કૉલેજ સુધીના અભ્યાસમાં બધો જ સમય અને પૈસા ફક્ત 'જ્ઞાન' મેળવવા પાછળ ખર્ચ્યા હોય છે, જે સફળતામાં માત્ર ૧૫% જ મહત્ત્વ ધરાવે છે. જ્યારે જીવનમાં સફળતા મેળવવા માટે 'હકારાત્મક વલણ' એ સૌથી

# શિક્ષણ સૃષ્ટિ

અગત્યની બાબત છે. તે અંગત અને વ્યાવસાયિક ક્ષેત્રે પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરતું ઉદાહરણ આ પ્રમાણે છે :

એક વખત એક વિદ્યાર્થીએ વૈજ્ઞાનિક બ્લેઈઝ પાસ્કલ (૧૬૨૩-૧૬૬૨) ને પૂછ્યું, 'સર, જો હું તમારા જેટલું સારું જ્ઞાન અને સારી આવડતો ધરાવતો હોત તો હું પણ સારો માણસ હોત.'' ત્યારે બ્લેઈઝ પાસ્કે હસતાં-હસતાં ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો, કે જો દીકરા, તું પહેલાં સારો માણસ બની જા, ત્યારબાદ તારામાં પણ મારા જેટલું જ્ઞાન અને આવડતો આપોઆપ જ આવી જશે !

આ ઉદાહરણથી પરથી સ્પષ્ટ રીતે સમજાય છે, કે જો આપણું વલણ હકારાત્મક હોય તો જ્ઞાન અને આવડત મેળવવાં કે કેળવવાં પડતાં જ નથી, તે તો આપોઆપ જ કેળવાઈ અને મેળવાઈ જાય છે.

જરા કલ્પના કરી જુઓ કે...

- શું કોઈ વિદ્યાર્થી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો વિદ્યાર્થી હોઈ શકે ?
- શું કોઈ કર્મચારી કે અધિકારી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો કર્મચારી કે અધિકારી હોઈ શકે ?
- શું કોઈ બિઝનેસમેસ હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો બિઝનેસમેન બની શકે ?
- શું કોઈ પરિવારનો સભ્ય, શિક્ષક ડૉક્ટર કે પાડોશી હકારાત્મક વલણ ધરાવતા ન હોય તો તેઓ પોતે સારી વ્યક્તિ તરીકે છાપ પાડી શકે ?

આપનો જવાબ ચોક્કસ 'ના' જ હશે. તો શું દરેક વ્યક્તિએ પોતાના વલણમાં જરૂરી પરિવર્તન લાવવું જોઈએ ? 'હા'...! તો આ રહ્યા તેના બે ઉકેલ...

**૧. રોજ સવારે જાગતાં સાથે જ માઈન્ડને હકારાત્મક સૂચનો આપો. જેવાં કે,**

- આજે મારો દિવસ ખૂબ જ સારો જશે.
- ગઈકાલ કરતાં આજે હું વધારે સારું પર્ફોમ કરી શકીશ.
- દિવસે ને દિવસે મારી આધ્યાત્મિક, માનસિક અને આર્થિક પ્રગતિ થઈ રહી છે.
- જીવન ખૂબ જ સુંદર છે અને મને જીવનમાં ખૂબ જ મજા આવે છે.
- હું દિવસે ને દિવસે જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સફળતા અને તંદુરસ્તી મેળવી રહ્યો છું.

આવા શક્તિશાળી હકારાત્મક સૂચનો પોતાના મનને વારંવાર અને નિયમિત આપવાથી તમે જોશો કે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જ જશે.

**૨. આ ઉપરાંત આ 'સાત દિવસની ચેલેન્જ' પણ આપણને ખૂબ જ હકારાત્મક કરી દેશે.**

સાત દિવસની ચેલેન્જ : આથી સાત દિવસ સુધી તમે દરેક પરિસ્થિતિમાં, દરેક વ્યક્તિમાં અને પોતાનામાં માત્ર હકારાત્મક બાજુઓ જ જોવાનું શરૂ કરી દો. આ ઉપરાંત તમે જેને પણ મળો તેની સાથે માત્ર સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્તીની જ વાતો કરો. ધીમે - ધીમે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જશે, પરિણામે આમ કરવું એ તમારી મજબૂત ટેવ બની જશે.

આમ કરવાથી તમારા જીવનમાં એક જબરજસ્ત હકારાત્મક પરિવર્તન આવી જશે. જે દ્વારા તમે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી શકશો. ■

અસ્તુ..

મો. : ૯૮૨૫૬ ૦૧૩૪૦૪

## "પંથ ભૂલેલી દીકરી"

પ્રેમના નશાના નીર ઓસરી જતાં, ભાનમાં હું કિનારે આવી ગઈ.
ભણતર ગણતર મારું એળે ગયું, કુસંસ્કારોના વમળમાં ડૂબી ગઈ.
ડુંગરા જેવડો ઉંબરો ઓળંગતા, ભાન તો હું ભૂલી ગઈ.
મીઠા જળની માછલડી હું તો, ગટરના ગંદા પાણીમાં આવી ગઈ.
માવતરની આબરૂ ખોઈ, બધું ધૂળધાણી કરતી ગઈ.
ગામને પાદર તજ્યા, કુટુંબને પરિવાર ત્યાજતી ગઈ.
ભાઈભાંડુ, સખીઓ ત્યજી, ત્યાજતી ગઈ મામાને મોસાળ.
રક્ષાબંધને દલડુ બાંધવુંનું દુભાવ્યું, કિયા વિરલને બાંધુ રાખલડી.
પ્રેમના તાંતણે હું રંગાઈ ગઈ, પણ આબરૂના ધજાગરા ઉડાડતી ગઈ.
મન ટોડલે બાંધ્યા ઊંચા-મિનારા, ધાર્યું કંચન ને નીકળ્યું કથીર.
મેં અભાગણીએ ન જાણ્યું, ભર ચોમાસે સરોવર સુકાયું.
ગાવલડી બિચારી નિસાસા નાખે, હવે નીરણ એને કોણ નાખે.
ડુંગરે ડુંગરે દવરે લાગ્યો, જીવ મારો ટુંપાવા લાગ્યો.
ઈંટ ઈમારતની હું હતી, હું ઈંટમાંથી એક રોડું બની ગઈ.

રામભાઈ એસ પટેલ (ચવેલી)
અમેરિકા(શિકાગો) ૩૧૩૨૬૫૮૬૫૧



બંસી પટેલ - "ધ્યાનમ્"
(Msc. Forensic) મોરબી

# ફોરેન્સિક સાયન્સ : અનેક શક્યતાઓ

બાળક ભણવામાં હોશિયાર હોય, ભણીને સારી જોબ પર સેટ થાય એવા વાલીના અરમાન હોય છે. અરમાનો ભરેલ બાળપણ ઝડપથી પસાર થઈ જાય. ધોરણ ૧૦ ની માર્કશીટ થોડીક મૂંઝવે છે. બીજી બાજુ એન્જિનિયરીંગની સીટો ખાલી છે. IIT ના સપના સેવ્યાં હોય અને ITI પાસે અટકી જવાનું થાય એવું પણ બને. આર્ટ્સ અને કોમર્સ ફેકલ્ટીને ગૌણ માનીને માત્રને માત્ર સાયન્સ તરફ જવાનું મનોવલણ વિશેષ હોય છે.

ધોરણ-૧૨ પછી શું કરવું ? એ વિશે મોટીવેશનર દ્વારા સેમિનાર યોજાય છે. ઈન્ટરનેટ પર પુષ્કળ માહિતીઓ મળે છે. અનેક પ્રકારના કોર્ષની ક્ષિતિજો ઊઘડે છે. કોઈપણ ભોગે ડૉક્ટર બનવું એ પહેલી પસંદગી હોય. સી.એ. થવું એ બીજો વિચાર આવે. સાયન્સ વિષય રાખનારાઓને ફોરેન્સિક વિષય લઈને આગળ કારકિર્દી ઘડી શકાય એ બાજુ ઓછું ધ્યાન અપાતું હોય એવું લાગે છે.

ફોરેન્સિક સાયન્સમાં માસ્ટર કર્યા પછી મારો અનુભવ છે કે આ ક્ષેત્રનો વ્યાપ બહુ વિશાળ છે. સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં નોકરી મેળવવા માટે વર્તમાન સમયમાં આ અભ્યાસક્રમ ખૂબ ઉપયોગી છે. ગમે તેવી ફાલતું ડીગ્રી લઈને જિંદગીના મહત્ત્વના વરસો ખર્ચી નાખવા યોગ્ય નથી. ગમે તે રીતે ગમે તે ડીગ્રી વેચાતી કે મહેનત કરીને મેળવી હોય પણ એ ડિગ્રી રોટલો રળતા ન શીખવે તો મેરેજના બાયોડેટામાં ટીંગાડવા સિવાય એનો કોઈ ઉપયોગ થતો નથી.

ગમે તેમ કરીને સાયન્સ ગ્રેજ્યુએટ થાય પછી નાના મોટા વ્યવસાયમાં લાગી જાય છે. એનાથી સારો વ્યવસાય તો ઓછું ભણેલા કરતા હોય છે એવું બનવા જોગ છે. ઘણીવાર સર્ટિફિકેટ કોર્ષ કરીને ડાળે વળગી જતા હોય છે. ફોરેન્સિક સાયન્સમાં બી.એસ.સી., માસ્ટર ડિગ્રી/પી.જી કે પી.એચ.ડી. અભ્યાસ કરી શકાય છે. પી.જીમાં ફોરેન્સિક બાયોલોજી, ફોરેન્સિક સીરોલોજી, ફોરેન્સિક કેમિસ્ટ્રી, ફોરેન્સિક ટોક્સિકોલોજી, ફોરેન્સિક બેલિસ્ટિક્સ, ફોરેન્સિક એન્ટોમોલોજી, ફોરેન્સિક બોટની વગેરે રસરૂચિ મુજબ વિષય નિષ્ણાંત બની શકાય છે. ભારતમાં ફોરેન્સિક સાયન્સ, યુનિવર્સિટીઓમાં પંજાબ યુનિવર્સિટી ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, મણિપાલ યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી, લખનઉ યુનિવર્સિટી, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને ગાંધીનગરમાં ગુજરાત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને ઈન્સ્ટિટ્યૂશન ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો ગૌરવમય દરજ્જો પ્રાપ્ત થયેલો છે. જે હવે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત થયેલી છે. લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે આ યુનિવર્સિટીના દરવાજા ખુલ્લાં જ છે.

ડૉક્ટર અને સી.એ. સિવાય ગ્રેજ્યુએટ થયા પછી GPSC અને UPSC તરફ નજર હોય છે. એ સિવાય ઘણી શક્યતાઓ છે. એ તરફ જવાનું ઓછું વિચારે છે. ફોરેન્સિક વિષયની ડિગ્રી એવી છે જે પૂર્ણ કર્યા પછી સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી શકાય છે. ફોરેન્સિક સર્વિસ ઓફિસ પણ ખોલી શકાય. નોકરી માટે ફોરેન્સિક લેબ, ડિટેક્ટીવની ઓફિસ, બેન્ક અને અન્ય સરકારી કે ખાનગી એજન્સીઓમાં નોકરી મેળવી શકાય છે. દેશ અને વિદેશમાં અનેક તકો મળે છે. જ્યાં વધારે ગુનાહિત ઘટનાઓ બને છે તે મહાનગરમાં સ્થાયી થવા માટે આ ડિગ્રી ઉપયોગી છે.

CID સિરિયલ આપણે જોયેલી હશે જ. ગુનેગારોને પકડવાની વિવિધ ટેક્નિકને પણ જોઈ હશે. એમાં એની લેબનું કાર્ય નિર્ણાયક હોવાનું જોયેલું છે. આપણે સિરિયલ અને એની સાથે જોડાયેલી જાહેરાતો સાથે જોડાયેલા રહીએ છીએ. એની લેબ કામગીરી જોયા પછી સવાલ થવો જોઈએ કે આવા ફોરેન્સિક એક્સપર્ટ કઈ રીતે બની શકાય ? તો એનો ઉત્તર છે. હા. બની શકાય. સાયન્સ શાખાનો વિદ્યાર્થી તેનું સ્વપ્ન સાકાર કરી શકે છે. આ શાખા ફોજદારી કેસો અને કાનૂની પ્રક્રિયાની તપાસ માટે થાય છે. એટલે જવાબદારી વધારે હોય છે. એના માટે પગાર ધોરણ પણ ઊંચા હોય છે. આ શાખાનો વ્યાપ વિસ્તૃત છે. વિવિધ વિદ્યાશાખાઓ એની સાથે જોડાયેલી છે. રસયાણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન એન્જિનિયરીંગ વગેરેનું જોડાણ થાય છે.

ક્રિમિનલ કેસમાં ફોરેન્સિક રિપોર્ટ મહત્ત્વનો હોય છે. નામ તો સાંભળ્યું જ હશે, તેની મદદથી એ જાણી શકાય છે. ગુનેગારની શોધમાં ફોરેન્સિક વૈજ્ઞાનિકોની વૈજ્ઞાનિક તપાસ સબળ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ન્યાયસહાયક વિજ્ઞાન તરીકે જુદા-જુદા ગુનામાંથી ગુના અને સ્થળને અનુરૂપ વિવિધ પ્રકારના ભૌતિક નમૂનાઓ મળી શકે છે. અસ્તિત્વ ધરાવતા પદાર્થ ગમે તે પુરાવા માટે આવી શકે છે. કાચ કે રંગકણો, માટી કે કાગળ, કાપડ, તાંતણા કે રસાયણો, ઔષધો કે માદક દ્રવ્યો, લોહીવાળાં કપડાં કે હથિયાર, લાળ, વાળ, વનસ્પતિ, હાડકાં, વિવિધ હથિયારના નમૂનાઓ, સ્ફોટક પદાર્થ કે તેના અવશેષો વગેરે અનેક પ્રકારના નમૂનાઓ પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક પૃથક્કરણ માટે આવે છે અને તેથી આ પ્રયોગશાળામાં વિજ્ઞાનની વિવિધ વિદ્યાશાખાઓનું જોડાણ ધરાવે છે.

અત્યારે સફેદ કોલર જોબ અને ટેબલ વર્ક તરફનું આકર્ષણ વધારે છે. આ વિષય લેબોરેટરી સાથે જોડાયેલો છે. આવશ્યકતા અનુસાર નમૂના કે નમૂનાઓનું એક અથવા એકથી વધારે વિભાગમાં પૃથક્કરણ કરવું અને વિજ્ઞાનની બધી વિજ્ઞાનશાખાઓ સાથે જોડાઈને આધુનિક વિશ્લેષણ અને કાર્યપદ્ધતિઓ અપનાવવામાં આવે છે. પ્રવર્તમાન કાનૂની જરૂરિયાતો સંતોષાય

# શિક્ષણ સૃષ્ટિ



તે રીતે નમૂનાઓના યોગ્ય પૃથક્કરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. એ રીતે એક રસિક વિષય છે. માણસ એકધારા કામથી કંટાળી જતો હોય એવું બને. આ વિષયમાં દરરોજ નવું નવું આવ્યા જ કરે છે. લેબમાં વર્ક કરનારનો એક મોભો હોય છે. કોઈપણ જોબ હોય કે વ્યવસાય વર્ક કરવું જ પડે છે.

ગ્રુપ - B માટે આગળ અભ્યાસ કરવા અનેક બારીઓ ખૂલે છે. મેં એ માટે ડેટા મેળવવા કોશિશ કરી તો એમાં ફોરેન્સિક સાયન્સ વિશે બહુ જૂજ જાણકારી આપવામાં આવી છે. જે ડેટા મળે છે એમાં બેચલર ઓફ મેડીસીન એન્ડ સર્જરી, બેચર ઓફ ડેન્ટલ સર્જરી, બેચલર ઓફ આર્યુવેદિક મેડીસીન એન્ડ સર્જરી, બેચલર ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ સર્જરી, બેચલર ઓફ ફાર્મસી, ડીપ્લોમા ઈન ફાર્મસી વગેરે વિશેની માહિતી મળી. બીએસ.સી એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, હોમ સાયન્સ ફિશરિઝ સાયન્સ, ફૂડ ક્વોલિટી ઈન્સ્યોરન્સ, બાયો કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી વિશે માર્ગદર્શન અને માહિતીઓની સાપેક્ષમાં ફોરેન્સિક સાયન્સ વિશેની માહિતીઓ જૂજ મળે છે.

ફોરેન્સિક ફિલ્ડ વ્યાપક છે. GPSC અને UPSC ફોરેન્સિક વિષયવાળા ઘણા વિદ્યાર્થીઓ પાસ થયા છે. તપાસ અધિકારી, કાનૂની સલાહકાર, ફોરેન્સિક નિષ્ણાત ફોરેન્સિક વૈજ્ઞાનિક, ક્રાઈમ સીન ઈન્વેસ્ટીગેટર વિષયમાં શિક્ષક કે પ્રોફેસર બની શકાય છે. પત્રકાર ક્ષેત્રે ક્રાઈમ રીપોર્ટર તેમજ ફોરેન્સિક એન્જિનીયર, કાયદા સલાહકાર, હસ્તલેખન નિષ્ણાત વગેરે બની શકાય છે. મહેનત કરવાની જરૂર છે. **પુરુષાર્થ એ જ પારસમણિ છે.** હરિફાઈ ગમે તે સ્થિતિમાં રહેવાની જ, આપણને માર્ગ શોધીને લક્ષ્ય મેળવતા આવડવું જોઈએ. ઈન્ટેલિજન્સ બ્યુરો, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન, કેન્દ્ર સરકાર ફોરેન્સિક સાયન્સ લેબ, હોસ્પિટલ ખાનગી ડિટેક્ટીવ એજન્સી, લૉ ફર્મ, પોલીસ વિભાગ, યુનિવર્સિટી ડિફેન્સ / આર્મી વગેરે સ્થળોએ આ ડિગ્રીધારીઓની જરૂર છે. એ માટે સજ્જ થવું જરૂરી છે. એટલે જ કહ્યું છે :

મહેનતનું ફળ અને સમસ્યાઓનું સમાધાન, સમય આવ્યે આપણી સામે હાજર થઈ જાય છે. કૉલેજકાળ સુવર્ણકાળ કહેવામાં આવે છે. આ સમયમાં કરેલી મહેનત ભવિષ્ય બનાવવામાં ઉપયોગી થાય છે. આ ગાળામાં ભટકી જનારાઓને આખી જિંદગી રડવાનો, કૂચે મરવાનો વારો આવે છે. કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે કઠોર પરિશ્રમ જરૂરી છે. દિશા વિહિન મહેનત હવામાં ગોળીબાર કરવા જેવું લાગે. સાચી દિશામાં મહેનત કરીએ એટલું જ પૂરતું નથી પણ યોગ્ય ક્ષેત્રની પસંદગી હશે તો મહેનતનું સુફળ મળશે અને લાઈફ બની જશે. જિંદગી બદલી જશે. એક શાયરે સરસ કહ્યું છે : **ખુદ કો યૂં ખોકર જિંદગી કો માયૂસ ન કર, મંજિલે ચારોં તરફ હૈ રાસ્તોં કી તલાશ કર.** ■


SR LOGS®
Worldwide Express
Multi Model Logistics Solutions
ISO 9001 : 2015 Certified Company

**SHREE RANG LOGISTICS PVT. LTD.**
We Are Authorised Lease Holder Western Railway

**પરદેશ પાર્સલ સેવા**



We Are Certified Custom Courier & Cargo Agent In Ahmedabad Ariport

**UK - U.S.A. - CANADA - AUS. - EUROPE**

વિદેશમાં રહેતા તમારા સગા-સંબંધીઓને
તદ્દન વ્યાજબી ભાવે ડોક્યુમેન્ટ, મંદિર, મીઠાઈ, કપડા, ઘરવખરી, હેન્ડીકાફ્ટ, ગારમેન્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ આઈટમ મોકલવા માટે

+91-9227767700
+91-9328517911
Mr. Sunil Valera

We Are Authorised Courier Custom Agent
DHL FedEx Express DTDC International UPS

F3 Sumel Business Park - 6, Dudheshwar Road, Opp Hanumanpura
BRTS Bus Stand, Ahmedabad - 380004, support@srlogs.com, www.srlogs.com

## નારી સૃષ્ટિ



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# મમ્મા, તું પણ સારી થઈ જશે તે પછી આપણે મસ્તી કરીશું

## "જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ...."

ગરિમા ઘરમાં કામ કરતાં કરતાં ટીવી પર આવી રહેલું ગીત ગણગણતી હતી. કામ કરતાં કરતાં થોડો થાક વર્તાયો. એણે આરામ કરવા વિચાર્યું. વૃંદા ક્રિસમસનું વેકેશન માણી રહી હતી. મમ્મીને શયનખંડ તરફ જતી જોઈ એ બોલી 'મમ્મા, સૂઈ જવાની ? ચાલને, થોડીવાર લુડો રમીએ.'

'ના બેટા, હમણાં નહીં. હું જરા આરામ કરી લઉં ને પછી રમશું હો' મમ્મી બોલી.

પલંગ પર આડાં પડીને એણે બામ લીધો. કપાળે, ગળે લગાવ્યા બાદ છાતીએ લગાવતાં જ... ગરિમાનો હાથ છાતી પર બામ લગાવતો હતો ત્યાં જ અટકી ગયો. પળવાર માટે તો એણે જે સ્પર્શ્યું હતું એના કારણે એનું મગજ પણ સુન્ન મારી ગયું. એ એક સોપારી જેવી ગાંઠ હતી પણ સહેજે ય પીડાદાયક નહોતી તેથી એણે મનના સંશયોને ખંખેરી નાંખ્યાં. એને ક્યાં ખબર હતી કે આ એમ સહેલાઈથી ખંખેરી દેવાય એવું નહોતું ! એને કોઈ જાતની અશક્તિ થાક, તાવ કે નીપલમાંથી પાણી વહેવાની ફરિયાદ નહોતી. આમ ને આમ વૃંદા સાથે હસવા-રમવામાં પાંચ-છ દિવસ નીકળી ગયા. પણ એ દરમિયાન પેલો ખંખેરાયેલો સંશય ઘડીક માથું ઊંચકી લેતો તેથી એણે એક વખત ડૉક્ટરને બતાવી દેવાનું નક્કી કર્યું. આખરે મેમોગ્રાફીનો રિપોર્ટ પૉઝિટિવ આવતાં જ સંશયે હકીકતનું રૂપ લીધું.

ડૉક્ટરે રિપોર્ટ જોઈને ગરિમાને કહ્યું, 'યસ, Triple positive breast cancer- કેન્સર બિટવીન ફર્સ્ટ અને સેકન્ડ સ્ટેજ.' સાંભળતાં જ ગરિમાને દુનિયા ડૂબતી લાગી. અનાયાસ એની આઁખો છલકી ઊઠી.

'રડવાથી કશું નહીં થાય, મેડમ. ટ્રીટમૅન્ટ ચાલુ કરો.' ડૉક્ટરના આ શબ્દ ઘરે આવ્યાં પછી પણ કાનમાં પડઘાંતાં રહ્યાં. ડૉક્ટરે પણ હિંમત આપતાં શબ્દો ન કહ્યાં.

'હું શું કરું ? ના, આ પીડા મારાથી નહીં જીરવાય. આમ પળ પળ મરવા કરતાં હું મારી જાતે જ એનો અંત લાવી દઉં તો ? હા, એ જ સારું રહેશે. ક્યું મૃત્યુ સરળ રહેશે ? ઉપરથી નીચે પડતું મૂકું કે ટ્રેન નીચે ઝંપલાવી દઉં ?' રાત-દિવસ આ વિચાર એનો કેડો નહોતો મૂકતો. જેને પોતાના માનતી હતી એવા આત્મીય જનો પણ જાણે-અજાણે એવું જ કહેતાં હતાં, 'હવે તમે શું કરશો ? ઘરમાં કોણ કરશે? તમારે તો બહુ ખર્ચો થઈ જશે !' એવી નકારાત્મક વાતો એના મનમાં ભરતાં રહેતાં એટલે ગરિમાએ ધીરે ધીરે પોતાની જાતને આ બધાથી અલગ કરી દીધી.

પતિ વિશ્વાસના ઉષ્માભર્યા સાથે એ મહારાષ્ટ્રની ખ્યાતનામ કેન્સર હોસ્પિટલમાં ગઈ. ત્યાંના ડોક્ટરે રિપોર્ટ જોઈને એને સસ્મિત કહ્યું, 'અરે, ઈતની સી તો હૈ, ઈસમેં ક્યા ડરને કા? વો તો ઓપરેશન સે રિમુવ હો જાયેગી ઔર જ્યાદા સ્પ્રેડ ભી નહીં હુઆ હૈ.' ડૉક્ટરના આ હૂંફાળા શબ્દોએ જ તો અડધી ટ્રીટમેન્ટ કરી દીધી! ગરિમા તો જાણે સામાન્ય શરદી-ઉધરસ થયાં હોય એવી હળવી થઈ ગઈ. તાત્કાલિક સારવાર ચાલુ થઈ અને ઑપરેશનની તારીખ પણ નક્કી થઈ ગઈ.

ઘરે આવીને એણે લાડકી વૃંદાને માનસિક રીતે તૈયાર કરવા માંડી. ગૂગલ પર કેમોથેરપી લીધેલ મહિલાઓના ફોટોઝ બતાવ્યા. 'મમ્મા, તારા વાળ પણ જતાં રહેશે ? તું ઘરની બહાર નહીં નીકળતી.' એણે સહમીને કહ્યું. પછી એણે સાજી થઈ ગયેલી વ્યક્તિઓના ફોટોઝ જોયાં એમના માથા પર વાળ જોઈને એ તરુણીના ચહેરા પર સ્વસ્થતા આવી અને એણે મમ્મીને હિંમત આપી. 'મમ્મી, જોજે તું પણ સારી થઈ જશે પછી આપણે મસ્તી કરીશું.'

આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો. ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં એણે પ્રેમભરી નજરોએ પતિ અને પુત્રીને નિહાળ્યાં અને એ બન્નેનાં ભરપૂર આત્મવિશ્વાસમાં પોતાને પણ ઉમેરીને એ અંદર ગઈ.

સફળ ઑપરેશન પછી વારો આવ્યો કેમોથેરપીનો, હોસ્પીટલના સાઈકિયાટ્રિસ્ટે સેશન દરમિયાન પોઝિટિવ થિન્કિંગ, સ્પિરિચ્યુયાલિટી, આત્મવિશ્વાસ વગેરે વિકસાવ્યું હતું અને ગરિમાએ પણ એ બધું જ પોતાના રોજિંદા ક્રમમાં સામેલ કરીને આત્મબળ મજબુત કર્યું હતું. ડાયાટિશિયનની સલાહ પ્રમાણે એણે પોતાના સાત્વિક અને પૌષ્ટિક ખોરાકનું સમયપત્રક પણ બનાવ્યું હતું. એટલી હિંમતવાળી કે પતિની નોકરીની મજબુરીના કારણે એ એકલી જ ડ્રાઈવર સાથે મુંબઈ કેમોથેરપી લેવા જતી હતી. કેમોથેરપી એક બાજુ ચાલુ હોય અને એ કાનમાં હેડફોન નાખી કેમોથેરપી વખતે એ જૂના ગીતો સાંભળતી અને ગાતી... 'પ્યારે પંછી બાગો મેં' એ ગીર વારંવાર સાંભળતી. ત્યાંથી આવીને તરત ઘરના બાકી રહેલાં કામો નિપટાવતી હતી. એના ડોક્ટર્સનો પણ સંપૂર્ણ સહકાર મળતો હતો તે ત્યાં સુધી કે સારવાર

# નારી સૃષ્ટિ

માટે ખૂટતી રકમનો પણ ડૉક્ટરે બંદોબસ્ત કરાવી દીધો હતો. કોઈપણ જાતના નાત-જાતના ભેદભાવ વગર! ખરો માનવધર્મ તેમણે બજાવ્યો હતો. ચાર મુખ્ય કેમો વત્તા બાર અન્ય કુલ સોળ કેમોથૅરપી ગરિમાએ ઘરગૃહસ્થી નિભાવવા સાથે એકલાં ઝઝૂમીને કરાવી. એ પછીના છ મહિનાની બીજા ઈન્જેક્શોની ટ્રીટમેન્ટ પણ કરાવીને કેન્સર સામેનો જંગ જીતી ગઈ.

એ પણ એક સ્ત્રીનું જ હૃદય ધરાવતી હતી ભલે એણે પોતાને આંતરિક રીતે મજબૂત બનાવી દીધી હતી, પણ એક માની મમતાની હૂંફની ખોટ એને પણ ખૂબ સાલી. સ્વજનોના સાચા પ્રેમનું કેટલું મૂલ્ય છે એ જીવનની આવી કપરી પળોમાં જ સમજાય. આજે ગરિમા સવાર-સાંજ દોઢ-દોઢ ક્લાક યોગ કરવા દ્વારા અલૌકિક આનંદ સાથે સ્વાસ્થ્ય જાળવી રહી છે. જમતી વખતે સાલતી એકલતા અને ભીની થતી આંખનો પણ એણે અદ્વિતીય ઉપાય શોધી લીધો છે! હવે એ જમવામાં એકલી નથી, પણ કલબલાટ કરતાં પંખીઓ પણ બારીએ સાથે બેસીને જમે છે. હા, સ્વયં ભગવાન પણ દીપક પ્રગટાવતાંની સાથમાં જ એનો સાથ આપે છે. ગરિમા એનો સમય પ્રકૃતિના સાંનિધ્યમાં વિતાવવાનું વધુ પસંદ કરે છે. એક વખત જીવન ટૂંકાવવા તૈયાર થયેલી ગરિમા જીંદગીનો જંગ જીતનાર વીરાંગના બની ચુકી છે. સલામ છે ગરિમા તારા હોસલાને. કેન્સરને પણ માત આપી શકાય છે, જો તમારુ મનોબળ મજબૂત હોય તો. બીમારી તો દરેકને આવશે જ પરંતુ બીમારીથી ગભરાઈ જવાની જરૂર નથી. કેટલીક વાર તો બીમારી કરતાં બીમારીનો ભય વધુ નુકસાન કરે છે. બીમારી આવે તો નિષ્ણાત તબીબ પાસે જાવ, સારવાર લો, ડૉક્ટરની સલાહ અનુસરો અને પૉઝિટિવ થિન્કિંગ કરો. આ જ તમને સાજા અને તંદુરસ્ત કરી દેશે, તમે કોઈ દર્દીના સગા છો તો તેને સારું થઈ જશે એવી હિંમત આપો, નિરાશાજનક વાતો ના કરો. (અહીં આ સત્યઘટનાના પાત્રોના નામ બદલીને લખવામાં આવ્યા છે.)

(અનુ. ૩૨નું શરૂ) **જો તમારૂં ભોજન અશુદ્ધ હશે...**

ખાધા પછી આપણા આચાર વિચાર શુદ્ધ રહી શકે ખરા? છાંદોગ્ય ઉપનિષદમાં ભોજન બાબતે કહ્યું છે...

**"આહારશુદ્ધૌ સત્વશુદ્ધિઃ ધ્રુવા સ્મૃતિઃ સ્મૃતિલંભે સર્વગ્રાન્થિનાં વિપ્રમોક્ષઃ"**

પ્રસિદ્ધ શ્લોકનો અર્થ આ પ્રમાણે થાય છે : આહાર શુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. અંતઃકરણની શુદ્ધિથી સ્મૃતિ-ધ્યાન સ્થિર થાય છે અને ધ્યાન પ્રાપ્ત થતાં અંતરની સર્વ મલિન ગ્રંથિઓ અર્થાત વાસના તત્કાળ નાશ પામે છે.

**કહેવત છે કે અન્ન તેવો ઓડકાર... જેવું અન્ન તેવુ મન...** જુદી જુદી વાનગીઓ બનાવતા રસોયાની ઓરા... તેના નેગેટિવ વાયબ્રેશન એ બધું જ તમારી પ્લેટમાં રહેલી વાનગીમાં સમાઈ જાય છે, ખૂબ જ ગુસ્સામાં રહેલી ગૃહણીએ બનાવેલી રસોઈમાં પણ તેના ગુસ્સા અંશો આવી જાય છે, શુદ્ધના ભાવથી... મનથી પવિત્રતા સાથે, સાત્વિકતા સાથે શરીરની શુધ્ધિ કરીને બનાવેલી રસોઈ, એ ભગવાનના પૂજાના થાળ બરોબર છે, ઉચાટ... ચિંતા... કે ઉદ્વેગ સાથે બનાવેલી રસોઈ ખાધા પછી તમને અચૂક ગ્લાનિ કે ઉદાસી ઘેરી લે છે, ક્યારેક મનમાં ઉદ્દ્ભવતા ઉદ્વેગનું કારણ પણ તમારૂં ભોજન હોઈ શકે છે, અપવિત્ર ભોજન ક્યારેય શુદ્ધ સાત્વિક વિચારોને જન્મ આપી ના શકે, આપણી આજુબાજુ પ્રવાહિત થતી આપણી ઓરા જો પવિત્ર હશે, શુદ્ધ હશે, તો આપણા સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને આપણી ઓરાથી શાંતિનો અનુભવ ચોક્કસ થશે, આવી ઓરા પવિત્ર સંતોમાં જોવા મળતી હોય છે, કારણ કે તેઓ તેમની આહાર શુદ્ધિ જાળવતા હોય છે, લસણ ડુંગળી આવો જ તામસી પ્રકૃતિનો ખોરાક છે, કેટલાક સંપ્રદાયમાં તેને બાન પણ કરવામાં આવેલ છે.

ખેતીમાં ઉગાડવામાં... પકવવામાં આવતા અનાજ... શાકભાજી... રાસાયણિક ખાતર, પેસ્ટીસાઈડ દવાઓ અને કેમિકલ મુક્ત હોય તેના માટે આપણા આદરણીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા ગાય આધારિત ઓર્ગેનિક ખેતીની વારંવાર ભલામણ કરવામાં આવે છે અને તેમના દ્વારા આ માટેના સઘન પ્રયાસો કરવાં આવે છે, આ પ્રયાસોની સફળતા માટે આપણે પણ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ.

ખેતરોમાં ઉગાડેલા શાકભાજીમાં રહેલી જીવાતને મારવા માટે વપરાતી જંતુનાશક દવાઓ શાકભાજીમાં ઊંડે સુધી ઉતરી જાય છે, એ શાકભાજીને પાણીથી ધોવા છતાં આવી દવાઓની હાજરી શાકભાજીમાં જળવાઈ રહે છે અને આવા શાકભાજી ખાવાથી જુદા જુદા રોગો આપણા શરીર ઉપર અડિંગો જમાવી દે છે.. એ પછી ક્યારેય વિદાય થતાં નથી, આખરે આ બધું આપણા શરીરને રોગોનું ઘર બનાવી નાખે છે. ભોજનની શુદ્ધતા અને સાત્વિકતાથી જ આપણા મનની શુદ્ધિ થતી હોય છે અશુદ્ધ ભોજન ખાધા પછી આપણા વિચારો પણ અશુદ્ધ જ રહેવાના, આખરે આપણા ભોજન બાબતે જેટલા સાવધાન રહીશું તેટલા આપણે બચી શકીશું તે નિર્વિવાદ છે.

મો. ૯૮૨૫૦૦૧૪૦૬૩

# નારી સૃષ્ટિ



**શ્રીમતી સુનિતા ડી. વ્યાસ**
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા, ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રી છે.

## "સ્વ"ને ચાહવું એટલે શું ? તમારી જાતને ધ્યાનથી સાંભળો

જીવનના પ્રશ્નો ઉકેલવાની ગડમથલમાં ન પડો, ફક્ત આનંદમાં જીવો. તમારી સંવેદનાને ધ્યાનથી સાંભળો. પોતાની જાતને બંધ ટાપુ જેવી ન બનાવતા નદીની જેમ વહેતા રહો. તમારા મનની વાત તમારા પ્રેમીને ડર્યા વગર કહો. એ તમને છોડી દેશે તો... એવો ડર મનમાં ન રાખો. મિત્રો, ખરો પ્રેમ કદી તિરસ્કારમાં પરિણમતો નથી. સાચો પ્રેમ પોતાના પ્રેમીને ખુશ રાખવા જ ઈચ્છતો હોય છે. ખુશી માંગવી, પ્રેમ માંગવો એ તો સ્વાર્થ છે. પ્રેમ અને ખુશી કદી માંગવાથી મળતી નથી અને મળે તો એનો આનંદ નથી હોતો. પ્રેમ એટલે આપવું. પ્રેમ એટલે સમર્પણ.

સમાજે તમને "સ્વ"ને ચાહવાની મનાઈ ફરમાવી છે. સમાજ તેને સ્વાર્થ કહે છે પણ મિત્રો, સૌથી વધારે પ્રેમ તમે તમારી જાતને કરો. જો તમે જ તમારી જાતને ધિક્કારશો તો બીજા તમને કઈ રીતે પ્રેમ કરશે ? માટે પ્રેમ કરવાની શરૂઆત પોતાની જાતથી કરો. પોતાની જાતને ખૂબ જ પ્રેમ કરો. અસ્તિત્વ તમને ચાહે છે. પ્રભુએ તમારુ સર્જન કર્યું છે, કારણ કે એ તમને પ્રેમ કરે છે. પ્રભુ તમને કેટલો પ્રેમ કરતો હશે કે તમારું સર્જન કર્યા વગર રહી શક્યો નહીં. સંન્યાસનો અર્થ એ જ છે કે સમાજે જે કર્યું તે બધું જ કરવું. હું સમાજની ગુલામીનો સર્વનાશ કરી રહી છું. હું તમને તમારી અંદર વિશ્વાસ પ્રાપ્ત કરવાની તરફેણમાં છું. જ્યાં સુધી તમને પોતાને તમારી અંદર વિશ્વાસ નહીં હોય ત્યાં સુધી તમે કોઈ કાર્યને યોગ્ય ન્યાય કદી આપી શકશો નહીં. માટે તમે તમારા આત્માના અવાજને સાંભળો. દુનિયાના અવાજોને સાંભળવાની જરૂર નથી. તમને પણ પ્રભુએ બુદ્ધિ આપી છે, શક્તિ આપી છે તો તમે વારંવાર બીજા પર આધારિત કેમ થઈ જાઓ છો ? બીજા પર વિશ્વાસ મૂકો પણ સાથોસાથ પોતાની જાત સાથે વાત કરીને પૂછો. બીજા પર આંધળો વિશ્વાસ ન કરો. ધ્યાનમાં બેસી તમારા પ્રશ્નને રજૂ કરીને જવાબ મેળવો કે શું હું જે કરું છું તે યોગ્ય છે કે નહીં ? તમારા અંદરથી મળેલા જવાબને અનુસરી પછી નિર્ણય લેવો ખૂબ જ જરૂરી છે. પછી વિશ્વાસ કરશો તો જીવનમાં દુઃખનો, તકલીફનો સામનો કદી નહીં કરવો પડે.

**આત્માની ગહરાઈમાં ઉતરવું એટલે શું?** જ્યારે તમે એકબીજાના આત્મીય બનો છો ત્યારે તમને તે વ્યક્તિનો ડર નથી લાગતો, કેમ કે ત્યારે તમે બંનેમાંથી એક બનો છો. શું તમે આ વાત સાથે સહમત છો ? જીવન એક યાત્રા છે. પ્રેમ એક ધ્યેય છે. જ્યાં સુધી પ્રેમ મળે નહીં ત્યાં સુધી તે યાત્રા ચાલુ જ રહે છે. પ્રેમમાં આત્મસંતોષની ક્ષણ ક્યારેય આવતી નથી. પ્રેમીઓ પણ જવલ્લે જ આત્મીય હોય છે. કોઈ સાથે શારીરિક સંબંધ બાંધવો એ આત્મીયતા નથી. ખરી મિત્રતા ભૂંસાઈ ગઈ છે. નિખાલસતા કોઈને ગમતી નથી. બધા આર્ટિફિશિયલ (કૃત્રિમ) બની રહેવા માંગે છે એટલે જ આ દુનિયા રંગીન છે પણ સુગંધ વગરની છે. ૯૪૨૯૯૫૫૮૧૭

# સમાજ સૃષ્ટિ

## લગ્ન એક સંસ્કાર



**મનોરભાઈ એમ. પટેલ**
પ્રમુખ, પંદરગામ પાટીદાર સમાજ વિકાસ ટ્રસ્ટ

માનવજીવનના આદર્શને ક્રિયાત્મક સજીવ બનાવવા માટે પ્રાચીન ભારતના મહર્ષિઓએ ચાર આશ્રમની પ્રથાનું નિર્માણ કર્યું છે. તેમાં શ્રેષ્ઠ આશ્રમ 'ગુહસ્થાશ્રમ' ગણવામાં આવે છે. ગૃહસ્થાશ્રમનો મુખ્ય સંસ્કાર છે વિવાહ કે લગ્ન સંસ્કાર. લગ્નવિધીની પવિત્રતાનો અનોખો અવસર હિંદુ સમાજમાં સદીઓથી ચાલ્યો આવે છે. સાગર અને સરિતાનું મિલન તેમ આ બંધનના કારણે બે પરિવાર આજીવન એક સંબંધમાં બંધાઈ જાય છે. આ પ્રસંગમાં બંને પરિવાર તથા સગા સ્નેહીઓને એક બીજા સાથે મળવાની તક હોય છે. લગ્નવિધિના પ્રસંગમાં બે પાત્રો મુખ્ય હોય છે, વર અને વધુ. જે ઉપસ્થિત સહુનું આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. પુરોહિત, સ્નેહીજનો આદિ તો ગૌણ હોય છે. વાદ્ય અને કંઠ્ય સંગીતના સૂરે સ્વજનોની સાક્ષીએ અગ્નિની જવાળાઓથી સર્જાતા વાતાવરણની પ્રશ્ચાદભૂમિમાં પુરોહિત દ્વારા ઉચ્ચારતા મંત્રોથી યુવક-યુવતી એક બીજા સાથે આજીવન જોડાય છે, જેને આપણે લગ્ન કહીએ છીએ. લગ્ન ખરેખર એક સંસ્કાર છે જેની સાથે અનેકવિધિ જોડાયેલી હોય છે. પ્રસંગની શુભ શરૂઆત ગણપતિની પૂજા કરીને પોતાના કુળદેવીને યાદ કરી કંકોતરી લખવામાં આવે છે. લગ્નના માંગલિક પ્રસંગોમાં રિદ્ધિ-સિદ્ધિ સાથે ગણપતિની પૂજા કરી માણેકસ્તંભ અને મંડપમુહૂર્તની શુભ શરૂઆત થાય છે. ત્યારબાદ કુળની પરંપરા મુજબ ગૃહશાંતિ, ગોરમટી, ઉકરડી નોતરવી, પીઠી ચોળવી વગેરે વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગ એક મુલ્યવાન હોય છે અને ગણતરીના દિવસો માટે જ હોય છે. પરંતુ તેની યાદગીરી આજીવન ટકી રહે છે. આ અનુભવ માત્ર તસ્વીરોમાં સમાયેલો હોતો નથી પરંતુ દિલમાં સમાયેલો હોય છે અને આજીવન સાથે રહે છે.

અગાઉના સમયમાં લગ્નનો અવસર ચાર થી પાંચ દિવસ સુધી ઉજવવામાં આવતો હતો. પરંતુ સમય જેમ જેમ પસાર થયો તેમ દિવસો ઓછા થતા ગયા અને હવે તો ઘણા પરિવારોમાં સગવડિયા લગ્ન એટલે કે એક જ દિવસમાં પ્રસંગ કરવાની શરૂઆત થઈ ગઈ છે. લગ્નવિધિમાં પુરોહિત દ્વારા ઉચ્ચારાતા મંત્રોથી લગ્નવિધિ કરવામાં આવે છે પરંતુ આપણે જોઈએ છીએ કે આધુનિક યુવક-યુવતી ક્યારેય મંત્રોચ્ચારની ક્ષમતા ધરાવતા નથી તો ક્યારેક એ લગ્નની વિધી તરફ સૂગ સેવે છે. વર-વધુને પુરોહિત દ્વારા ઉચ્ચારાતા મંત્રો ઉચ્ચારવા હોય છે પરંતુ તેમની નજર ફોટોગ્રાફી કે વિડીયો ઉતારનારની સામેજ મંડાયેલી રહે છે. જીવનના આ એક વિશિષ્ટ વળાંકને નહિ સમજી શકવાને કારણે ઘણીવાર તેઓ જીવનમાં કલેશના ભાગી પણ બની જાય છે. લગ્નવિધિને કંટાળો નહિ અનુભવતા તેનું સાચું રહસ્ય જાણી આદરભાવ ધારણ કરી લગ્ન સંસ્કારના પ્રત્યેક મંત્રમાં કેટલી મહાન ભાવના છે તેનો પરિચય થશે તો ચોક્કસ અહેસાસ થશે કે આ પ્રસંગ કેટલો મુલ્યવાન છે, **ખરેખર લગ્ન એક સંસ્કાર જ છે.** મો. ૯૮૨૫૦૨૬૧૭૫

# સમાજ સૃષ્ટિ




**ડો. ભાવેશ જેતપરિયા**
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# વાણી સાચી જાણ

ભાષા કે વાણી વિચારનું માધ્યમ છે. શબ્દમાં તેનું લિખિતરૂપ મળે છે. વિચાર પ્રકૃતિનું રમકડું છે. પ્રકૃતિ પ્રાણ સાથે વણાયેલી છે. માનવપિંડ-પ્રકૃતિ-વિચારનું પ્રગટીકરણ શબ્દમાં થાય છે. વાણીમાં થાય છે. શબ્દ-વાણી એ માણસને મળેલું વરદાન છે. માણસ પશુઓ કરતા અહિંયા વિશેષ જુદો પડે છે. બાળકની વાણી વારસો અને વાતાવરણ ઘડે છે. શિક્ષણ અને સતત અભ્યાસ તેને વિશેષ ઉજાગર કરે છે. જ્યાં જે શબ્દની જરૂર પડે ત્યાં તે શબ્દ પ્રયોગ કરનારો કવિ, વક્તા કે વ્યવહારુ માણસ સફળ થાય છે.

વાણીમાં વિવેદ એ સાચી કેળવણીનું પ્રમાણ છે. કથાકારો કે લેક્ચરર વાણીથી જ વ્યવસાયમાં સફળ-નિષ્ફળ થાય છે. કવિ લેખક શબ્દથી જ સફળ-નિષ્ફળ થાય છે. મહાન કવિ, લેખકો, સંતો, ભક્તો, ધર્મપ્રચારકો, સમાજસુધારકો શબ્દો કે વાણીના બળે પ્રભાવક બન્યાના છે. વાણીથી જાતિ અને કુળનું પ્રમાણ મળે છે.

શાસ્ત્રોમાં વાણીના સંયમને ઉત્તમ તપ કહેવામાં આવ્યું છે. વાણીથી થતા વ્યવહારનું આપણાં જીવનમાં ઘણું મહત્વ છે. ડાયરામાં, સમારોહમાં, મીટીંગમાં જોઈએ છીએ કે લોકો અમુક શબ્દો બોલવા પર સહકાર આપે, તાળીઓ પાડે તો તો અમુક શબ્દો બોલવા પર સાંભળનારા વિરોધ કરે, સામા પક્ષો ઉભા કરે, વેર પણ બંધાય જાય. શબ્દનું ભાન ન રાખે તો ઘણીવાર પરિસ્થિતિ વણસી જાય છે. જાહેર માણસો એક વિચિત્ર, ચર્ચાસ્પદ વાક્યથી ફેંકાઈ જાય છે. મહાપુરૂષોના એકાદ બે અમર વાક્યો




**મોરબીના જાણીતા સર્જક-વિવેચક-સંશોધક**
**ડો. ભાવેશ જેતપરિયાના ગ્રંથોનું પ્રકાશન**

મોરબી ઉદ્યોગની નગરી તરીકે જાણીતી છે. મોરબી કલા-સાહિત્યકારથી પણ સમૃદ્ધ છે. એમાં એક સાહિત્ય સર્જક-વિવેચક-સંશોધક-સંપાદક તરીકે ડો. ભાવેશ જેતપરિયાનું નામ અને કામ સુવિદિત છે. રવિ-ભાણ સંપ્રદાયના સંતકવિ જીવા ભગત પરનું સંશોધન ગુજરાતી સંતસાહિત્યમાં બહુમૂલ્ય રહ્યું છે. તેઓના ચાર ગ્રંથો પ્રકાશિત થયા છે. બીજા ચાર ગ્રંથો પ્રકાશનમાં છે. ત્યારબાદ ચાર ગ્રંથો એમ કુલ બાર ગ્રંથો સ્વધ્યાય શ્રેણી દ્વારા પાર્શ્વ પ્રકાશન દ્વારા પ્રકાશિત થશે. જેમાં હંસ વિવેક, બત્રીસ લક્ષણું બલિદાન અને ચાલો સંતો સદગુરુના દેશમાં ચરિત્રાત્મક ગ્રંથો પ્રકાશિત થશે. જે મોરબી જિલ્લા સાહિત્ય જગતની ગૌરવશાળી ઘટના છે. ડો. ભાવેશ જેતપરિયા ઉમાસૃષ્ટિના નિયમિત લેખક હોવાથી તેમની આ સિધ્ધિ માટે આપણે અભિનંદન આપીએ છીએ.

માણસ વરસો પછી પોતાની વાતમાં વણે છે.

શબ્દ વિશે ટૂંકી સમજ એવી આપવામાં આવે છે કે જ્યાં જ્યાં અર્થ છે ત્યાં ત્યાં શબ્દ છે. શબ્દો ક, ખ, ગ વગેરે ધ્વનીઓના બનેલા હોય છે. ધ્વનીને કોઈ અર્થ ન હોય પણ એને બદલતા જઈએ તો અર્થભેદ ઊભો થાય છે. કાલ, ચાલ. ખાલ, ગાલ, પાલ, ફાલ, બાલ, ભાલ, માલ વગેરેમાં ધ્વની બદલતા અર્થ બદલતા જાય છે. શબ્દમાં અર્થનું મહત્વ હોય છે. એક શબ્દને અનેક અર્થ હોઈ શકે. એક અર્થ માટે અનેક શબ્દ હોઈ શકે છે. શબ્દમાંથી સંદર્ભ પ્રમાણે પહેલો (મુખ્યાર્થ) બીજો (લક્ષ્યાર્થ) અને ત્રીજો (વ્યંગ્યાર્થ) અર્થ મળે છે. કાવ્યમાં ત્રીજો અર્થ (વ્યંગ્યાર્થ) મહત્વનો હોય છે.

વ્યાકરણશાસ્ત્રી પાણિનીએ વાણીના ચાર પ્રકાર બતાવ્યા છે : પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. જ્યારે બોલવાની ઈચ્છા થાય અને નાભિમાંથી વાયુ ઉત્પન્ન થાય તે પરા વાણી, નાભિમાંથી છૂટો પડેલો વાયુ જ્યારે હૃદયમાં પ્રવેશે ત્યારે મળે તે પશ્યન્તિ વાણી, હૃદયમાં ઘૂંટાઈને આ વાયુ ગળામાં-કંઠમાં આવે ત્યારે જે મળે તે મધ્યમાવાણી અને જીભ દ્વારા ક, ખ, ગ, રૂપે વહી જાય તે વૈખરીવાણી. વાગ અવયવથી બોલાતી વાણી બાહ્ય સૌંદર્ય ધરાવે છે. પ્રાર્થના ત્યારે જ સાચી જ્યારે તે પરામાંથી આવેલી હોય. ગમે ત્યાંથી બોલાય પણ વાણીમાં વિવેક ન હોય તો તેનો

# સમાજ સૃષ્ટિ

કોઈ અર્થ નથી. એટલે જ કહ્યું છેઃ भाषा एक ऐसा वस्त्र है जिसको यदि शालीनतासे नहीं पहेना तो संपूर्ण व्यक्तित्व निवस्त्र हो जाता है ।

'બોલે તેનાં બોર વેચાય' એ ન્યાયે બોર ત્યારે જ વેચાય કે તેમાં વિવેક હોય. કડવું બોલનારાનું દૂધ ન વેચાય પણ મીઠું બોલનારાની મમરા નાખેલી ખાટી છાશ પણ વેચાઈ જાય. 'કોયલ અને કાગ વાને વરતાય નહી પણ જીભલડીમાં જવાબ.....' અહિંયા ભેદકતાનું પરિણામ વાણી સર્જે છે તે બતાવવામાં આવ્યું છે.

આપણે મધુર અને ભાવસમૃદ્ધ વાણીનો પ્રયોગ કરવો જોઈએ. વાણીમાં અસત્ય, કડવાશ, વિકૃતિ, અહંકાર, કુથલી વગેરે આવે તો વાણી દુષિત બને છે. એનાથી જ બોલનારની મુશ્કેલી વધે છે. સમજીને બોલવામાં મજા છે. તલવારના ઘા રૂઝાય છે પણ વાણીના ઘા રૂઝાતા નથી. મહાભારતના યુદ્ધનું નિમિત્ત બનતી વાણીઃ આંધળાના આંધળા જ હોય દ્રોપજીના આ શબ્દોના પરિણામથી આપણે પરિચિત છીએ.

આપણે બોલીએ અને ખાસ લખીએ ત્યારે આપણા શબ્દોને ખૂબીપૂર્વક, વજનથી પ્રયોજવા જોઈએ. શબ્દની સાચી સમજ હોવી જોઈએ. નીચેની સુપ્રસિદ્ધ પંક્તિઓનો મર્મ સમજીએ તો શબ્દ-વાણી પ્રયોજનનું મહત્વ સમજાઈ જશે.

शब्द शब्द बहू अंतरा, शब्द के हाथ न पावं ।<br>
एक शब्द करे औषधि, एक शब्द करे घाव ॥<br>
शब्द सम्भाले बोलिये, शब्द खींचते ध्यान<br>
शब्द मन घायल करे, शब्द बढाते मान ॥<br>
शब्द मुँह से छूट गया, शब्द न वापस आय।<br>
शब्द जो हो प्यार भरा, शब्द ही मन में समाएँ।<br>
शब्द में है भाव रंग का, शब्द है मान महान ॥<br>
शब्द जीवन रुप है, शब्द ही दुनिया जहान ॥<br>
शब्द ही कटुता रोप दें, शब्द ही बैर हटाएं ।<br>
शब्द जोड दे टूटे मन, शब्द ही प्यार बढाएं ॥

માનવજીવનની સમગ્ર ગતિ શબ્દની આસપાસ ફર્યા કરે છે. ઉઠતા, બેસતા કે વિચારના ચગડોળે ચડતાં ભાષાનું માધ્યમ હાથમાં આવે છે. વાણી મધુર હોય તો સરળતાથી બધાને મિત્ર બનાવી શકાય અને કડવી વાણીથી મિત્ર પણ શત્રુ બની જાય છે. સંતકવિ કબીરસાહેબે કહ્યું છે.

ऐसी वानी बोलिए, मन का आपा खोय।<br>
औरन को शीतल करें, आपहु शीतल होय।

વાણીથી ખુશ રહી શકાય જો બીજાને વાણીથી ખુશ કહેલા હોય. કવિ દંડી તો ત્યાં સુધી કહે છે કે શબ્દરૂપિ જ્યોતિથી જ આ સંસાર ઝળાહળા છે. શબ્દ વિના સૃષ્ટિમાં કાયમ અંધારૂ છે. માણસ અને જગતનો વિકાસ શબ્દ પર ટકેલો છે. ગૂંગેકો સપન ભયો સૂન સૂન પસ્તાય. મૂંગાની દુનિયામાં શબ્દ નથી એટલે તેનો વિકાસ અટકી ગયેલો છે. પ્રજ્ઞાચક્ષુ સાહિત્યકાર હોય, રાજપુરુષ હોય, ફિલોસોફર હોય, કથાકાર હોય, બિઝનેસમેન હોય, શિક્ષક હોય, કેળવણીકાર હોય, વકિલ હોય, કલાકાર હોય, એના જ્ઞાનના દરવાજા ખુલ્લા રહે છે કારણ કે શબ્દ એને હાથવગો હોય છે.

માનવજીવનનો સમગ્ર વિકાસ ભાષાથી થયો. ભાષામાં શબ્દ-પદ નાનામાં નાનું એકમ ગણી શકાય. શૈક્ષણિક સંસ્થાઓ, સાહિત્યની દુનિયા, પ્રસારણનું જગત, ફિલ્મની દુનિયા શબ્દોના આધારે ચાલે છે. ભગવતગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, હે પાર્થ ! જે વાણી ધારણ કરવાથી માણસને યશ અને પ્રતિષ્ઠા મળે છે, જેનાથી મનુષ્યની વિદ્વાન તરીકે ઓળખ ઊભી થાય છે. આવા વ્યક્તિને વાણીના દેવ કહેવાય. ભાષા માણસે શોધી છે.

જીભ અને દાંતનો રસિક સંવાદ સુપરિચિત છે. દાંત કહે છે કે તું સખણી રહેજે અમે બત્રીસ છીએ. તને ચગદી નાખતા વાર નહી લાગે. જીભે દાંતને વળતે જવાબ આપ્યો કે જો હું એક જ વાર ન બોલવાનું બોલી નાખીશને તો બત્રીસને પાડતા વાર ન લાગે ! એકાગ્રતાથી સાંભળવાનું કહે પણ બોલવા બાબતે હજારવાર વિચારીને બોલવું. એવું કહેવાય છે, બે મગજ, બે કાન, બે હાથ, બે પગ, આંખ એ બધું જરૂરી છે એટલે પ્રભુએ સમજીને બબ્બે આપ્યા છે અને જીભ એક જ આપી છે. તેનું કારણ એ જ હશે કે ઓછું બોલવું, ઉપયોગી બોલવું, જરૂર પુરતું જ બોલવું. આપણી વાણીમાં સત્યનું પાણી હોવું જોઈએ દંભ કે છેતરપિંડીનો એંઠવાડ ન હોવો જોઈએ. વાણી વિસર્જનનું કાર્ય પણ કરે છે તેમ સર્જનનું કાર્ય પણ કરે છે. વ્યક્તિ પાસે જયારે સત્તા, બળ હોદો, ઐશ્વર્ય અને સંપત્તિ હોય ત્યારે તેના કેફમાં, અભિમાનમાં વાણીમાં અવિવેક આવે તો તેનું વિસર્જન થાય છે. ઘણીવાર વાણી કરતા મૌન પ્રભાવક બની જાય છે.

મો. ૯૮૭૯૮૩૫૭૧૭



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# જો તમારું ભોજન અશુદ્ધ હશે... તો તમારું મન પણ અશુદ્ધ જ રહેવાનું

રોડ રસ્તે જતા હોઈએ અને ટ્રાફિકનું લાલ સિગ્નલ બંધ થતાં જ આપણે આકુળ વ્યાકુળ થઈ જઈએ છીએ, બેબાકળા થઈ જઈએ છીએ, સિગ્નલ ખૂલવામાં ફક્ત બે ત્રણ મિનિટની વાર હોય છે એમ છતાં આપણે કારણ વગરના હોર્ન માર્યા કરીએ છીએ, આજુબાજુ ઉભેલા આપણા જ ભાઈઓ ઉપર આપણે કારણ વગરના ઘુરકીયા કર્યા કરીએ છીએ, જાણે રેડ સિગ્નલ બંધ થવામાં તેઓનો હાથ ના હોય !!, વળી ઘડી ઘડી આજુબાજુ જોયા કરીએ. વળી પાછળ કોણ ઉભું છે તે પણ ડોકી વાંકી કરીને જોઈ લઈએ છીએ, ગ્રીન સિગ્નલ થાય તે પહેલા તો આપણે પાંચ દશ ફૂટ આગળ પહોંચી જઈએ છીએ, વારંવાર એક્સિલીટર અને કલચ દબાવતા રહીએ છીએ, જેવું ગ્રીન સિગ્નલની લાઈટ થાય તેવા માંતેલા સાંઢની જેમ વાહન લઈને દોડીએ છીએ, આ બધું થવાનું કારણ એક જ છે અને તે છે તમારૂં અસ્થિર મન. તમારું મન અસ્થિર છે કારણ કે તમારું ભોજન અશુદ્ધ છે, અશુદ્ધ ભોજન ક્યારેય તમારા મનને સ્થિર કરી ના શકે, ભોજનમાં રહેલી સાત્વિકતા તમારા વિચારોને પણ સાત્વિકતા આપશે તે નક્કી.

તમારા ભોજનની શુદ્ધતા નહિ હોવાને કારણે તમારું મન પણ અશુદ્ધ રહેવાનું, અશુદ્ધ મનનો ઉકળાટ.. આકુળતા....વ્યાકુળતા... મનની અસ્થિરતામાં પરિણમવાની તે નક્કી, અને આવી અસ્થિરતા તમારા જીવનનો સુખ આનંદ ભરખી જશે. સળંગ એક માસ ઓછા મસાલા વાળું.. ડુંગળી લસણ વગરનું સાત્વિક લિમિટેડ ભોજન જમો પછી જુઓ તમારા વિચારો પણ સાત્વિક થઈ જશે, હાલક ડોલક થતું તમારું મન પણ સ્થિરતા ધારણ કરશે, ધીરજ... ધૈર્ય અને સમતાના ગુણો વિકસશે અને આ બધું તમારા વ્યક્તિત્વમાં ઉભાર લાવશે.

બંધ ટ્રાફિક સિગ્નલની બે ત્રણ મિનિટ પણ સહી ના શકતા આપણે રવિવારે હોટેલની જમવા માટેની વેઈટિંગની લાઈનમાં એક કે દોઢ ક્લાક શાંતિથી ઉભા રહીએ છીએ, અઠવાડિયે એક કે બે વખત રેસ્ટોરન્ટમાં જમતા આપણે આપણા ટેબલ ઉપર આવેલી આકર્ષક રીતે સજાવેલી ડીશની શુધ્ધતા વિશે ક્યારેય વિચાર્યું છે ખરું? તે કેવી રીતે બની ?, તેનો બનાવનાર કોણ છે ? જે પનીર આપણી પ્લેટમાં પરીસાયું છે તે પનીરની શુદ્ધતા વિશે આપણે ક્યારેય વિચાર્યું છે ખરું? આપણે શુદ્ધ શાકાહારી હોવા છતાં જાણે અજાણે કોઈ માંસાહારી ચીજ તો નથી ખાઈ રહ્યા ને ? ક્યાંક કોઈ પશુની ચરબીમાંથી બનેલું ઘી કે પછી પનીર શું શાકાહારી હોઈ શકે ? બ્રેડ કે ખારીમાં ઈંડાનો ઉપયોગ થતો હોય છે તો આવી બ્રેડ કે ખારી ખાઈને આપણે આપણી જાતને શાકાહારી તરીકે મૂકી શકીશું? હમણાં જ કેટલાય ન્યૂઝ પેપરમાં અને સોશ્યલ મીડિયામાં સમાચાર હતા કે જાણીતી પ્રખ્યાત બ્રાન્ડેડ રેસ્ટોરન્ટમાં  પણ મસાલા પાપડમાં વંદો, પીઝામાં જીવડું, કીડા કે અન્ય જીવાત નીકળી છે, સિંગના ડબ્બામાંથી ઈયળો નીકળી, આ ઉપરાંત શુદ્ધ શાકાહારી ભોજનમાં નોન વેજ ના અંશો જોવા મળ્યા, મ્યુનસિપાલિટી દ્વારા આવી રેસ્ટોરન્ટને મામૂલી દંડ કરીને અમલવારી કરીને સંતોષ માની લેવામાં આવે છે.

પરંતુ મુખ્ય વાત એ છે કે શું આપણે આવો અશુદ્ધ ખોરાક ખાવો જોઈએ? રેસ્ટોરન્ટ કે ભાજીપાંઉની લારીમાં વપરાતા શાકભાજી પાણીથી ધોવામાં આવે છે? પેસ્ટીસાઈડ દવાના છંટકાવ કરેલા શાકભાજી ડાયરેક્ટ ભાજીપાંઉ કે રેસ્ટોરન્ટમાં ઉપયોગમાં લેવામાં આવતા નહિ હોય તેની શું ખબર? તમે જે રોટલા સાથે રીંગણનો ઓળો ખાવ છો તે રિંગણ સડેલા હોઈ ના શકે ? તે સડેલા રીંગણમાં ઈયળ હોવાની શક્યતા હોઈ ના શકે ?

આવા બધા જીવ જંતુ, કીડા, વંદા, મંકોડા ઉપરાંત રસોડામાં દોડા દોડી કરતા અને ભરપેટ ભોજન કરતાં ઉંદરો, વળી આ જ ઉંદરો ખોરાક ખાઈને એ જ તપેલામાં હગાર કરતા હોય ત્યાં જે તે વાનગી શુદ્ધ કઈ રીતે રહી શકે ? ચાર રસ્તા ઉપર ખુલ્લા રોડ ઉપર આવેલી ગંધાતી ચા ની કીટલીઓ, પાન મસાલાના ગલ્લાઓની આજુબાજુ બીડીઓના ઠૂંઠા... પાન મસાલા ખાઈને ત્યાં જ ગલ્લાની આજુબાજુ પિચકારી મારી થુંકતા અને ફૂંકતા લોકો, વળી આવી ગંદકીની વચ્ચે કેટલાક નિવૃત્ત લોકો ખુરશી નાખીને વાતોના ગામ ગપાટા મારતા બેઠા હોય, આવી ગંદકી અને પ્રદૂષણ વચ્ચે શું આપણે આપણા મનને શુદ્ધ રાખી શકીએ ? હરગિજ નહિ...બિલકુલ નહિ.

ખુલ્લા રસ્તામાં ઊભેલી નાસ્તાની લારીઓ ઉપર રાખેલા ખુલ્લા ખાદ્ય પદાર્થો કે જેમાં રસ્તાની ધૂળ, વાહનોમાંખથી નીકળતો ધુમાડો ભળતો હોય, વળી ક્યાંક કોઈએ મારેલી પાન મસાલાની પિચકારીના છાંટા પણ ઉડ્યા હોવ, વળી કોઈએ થયેલી શરદીમાં નાક ખેંચીને રોડ ઉપર નાક સાફ કરીને ગળફો કાઢીને રોડની ખુલ્લી છાતી ઉપર થૂંકીને ગંદવાડ કરતા હોય છે, આ બધાની બિલકુલ નજીક ઊભેલી લારીઓ ઉપર સ્વાદિષ્ટ નાસ્તાનો આનંદ ઉઠાવતા લોકો, ક્યાંક વળી કોમન મ્યુનિસિપાલિટીનાં સંડાસને અડીને ઊભેલી લારીઓ કે દુકાનના સ્વાદિષ્ટ નાસ્તાનો લુફ્ટ ઉઠાવતા લોકો ને પણ જોઈ શકાય છે, નાસ્તો કર્યા પછીની એંઠી ડિશો એક જ ડોલના ગંદા પાણીમાં નાખીને તરત જ બહાર કાઢીને ગંદા ભીના કપડાથી ચોખ્ખી કરીને એ જ ડીશમાં નવા આવનાર ગ્રાહકને નવો નાસ્તો પીરસતા હોય.. શું આવું ભોજન આપણા મનને શુદ્ધ રાખી શકે ? આ બધું

(અનુ. પેઈજ નં. ૨૮ ઉપર)

# સમાજ સૃષ્ટિ




**અરૂણ આર. પંડ્યા**

જાણીતા લેખક અને સમાજ સેવક - સુરત


# વસ્ત્રદાનની અવિરત સેવા - શ્રમ, સમય અને સેવા

દાન એટલે સહજ આપવું. દાન એટલે આપણાં થકી કોઈપણ વ્યક્તિ કે જીવને આનંદ મળે, સુખ મળે તે માટે કરેલ કર્મ. દાન એટલે ખુશ થઈને કંઈક આપવું. વસ્તુ કે ધનનાં સ્વરૂપે આપવું એ પૂર્ણ નથી. કોઈ પણ વ્યક્તિ પોતાનાં મન, વચન અને કાયાથી સામેની વ્યક્તિ કે જીવને આનંદ, સુખ કે તૃપ્તિ આપે એ પણ દાન છે.

દાદા ભગવાને દાનનાં ચાર પ્રકાર કહ્યા છે. આહાર દાન, ઔષધ દાન, જ્ઞાનદાન, અભયદાન કોઈપણ પ્રકારનું દાન આપો પણ ભાવ કે હૃદય વગર આપેલ દાનની કોઈ કિંમત નથી. વાહ વાહી માટે નામ માટે કે મોટાઈ માટે આપેલ દાન માત્ર દેખાડો છે. દાન માત્ર આપનાર ને ખુશી મળે તે માટે જ હોવું જોઈએ. દાન આપવાથી જીવને સુખ મળ્યું એટલે એનું રિએક્શન (આપનારને) સુખ જ આવે.

દાન આપનાર પાસે ધન હોવું જ જોઈએ એવું નથી. જેમની પાસે ધન છે તેઓ ધનદાન કરે છે. પણ જેમની પાસે પર્યાપ્ત ધન નથી તો તેવી વ્યક્તિએ નિરાશ થવાની જરૂર નથી. તેઓ સમયદાન, શ્રમદાન, રક્તદાન, નેત્રદાન, દેહદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન જેવાં દાન દ્વારા જરૂરિયાતમંદ પરિવાર કે વ્યક્તિનાં જીવનમાં ખુશીઓ લાવી શકે છે. જે વ્યક્તિ પાસે સારા વિચાર અને શબ્દો છે એ વ્યક્તિ એનાં આ બે ગુણો દ્વારા કોઈપણ વ્યક્તિને દાન માટે પ્રેરિત કરી મદદરૂપ થઈ શકે છે. આ પણ દાન જ છે. શબ્દદાન.

અહીં મારે ખાસ વાત કરવી છે વસ્ત્રદાનની પણ યાદ રહે દાન સુપાત્રને જ હોય, કુપાત્રને કદાપી દાન ન અપાય. દાન આપનારનો હેતુ પવિત્ર હોય. ભાવ હોય તો જ દાન ઉપયોગી નિવડે. માટે દાન ખાસ કરીને વસ્ત્ર દાન, ખરેખર જે વ્યક્તિ ને (સુપાત્ર) જરૂર છે તેને આપવાથી તે આવી વસ્તુઓ અડધી કિંમતમાં વેચીને રોકડા કરી વ્યસન કે જુગારમાં વેડફે છે. દાનનો હેતુ વેડફાઇ છે અને જરૂરિયાતમંદ લાભથી વંચિત રહી જાય છે.









વસ્ત્રદાન કરવાથી વ્યક્તિઓ અને પર્યાવરણ બંનેને અનેક ફાયદાઓ મળે છે.ભારતમાં ખાસ કરીને અંતરિયાળ ગામડાંઓમાં કેટલાય ગરીબો પાસે બે જોડ કપડા પણ નથી. ચોમાસાની ઋતુ દરમિયાન આવા લોકો લાચારી અનુભવતા હોય છે. શિયાળામાં ઠંડી સામે રક્ષણ માટેનાં કપડાંનો તો વિચાર જ નથી કરી શકતાં. બીજી તરફ ઉચ્ચ માધ્યમ વર્ગથી લઈને શ્રીમંતો પાસે કબાટો ભરીને વધારાનાં કપડાં છે જે સારી સ્થિતિમાં છે. આવા કપડાં જરૂરિયાતમંદ માટે દાન કરવાથી કેટલાય પરિવારને મદદરૂપ થઈ શકાય છે. આપો ત્યારે લેનારનાં ચહેરા પર જે સ્મિત અને ખુશી વ્યક્ત થાય છે તે પુણ્ય કરતાં વધુ મૂલ્યવાન હોય છે. કપડાના બદલામાં વાસણ લેવા કે કપડાને ફેંકી દેવાને બદલે દાન કરવાથી જરૂરિયાતમંદના દિલથી આશીર્વાદ મળશે.

ગોપાલ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત, અર્પણ પટેલ, કિશોર પટેલ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ આર.પી.પટેલ અને સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર, સમાજ પ્રવીણ પટેલ, સુરત(અમીકુંજ) તથા રોહિતભાઈ પટેલ અને એમની ટીમ વસ્ત્રદાન માટે અદ્‌ભૂત કામ કરી રહ્યા છે. લોકમંગલ્‌મ ચેરિટેબલ ટ્રસ્ટમાં ગાંધીવાદી વિચારસરણીને સમર્પિત નિલમ પટેલ અને અજય પટેલ, હેતલ પટેલ - સુરત અનો રોટરી ક્લબ ઓફ સુરત તાપી ડિસ્ટ્રીક્ટ તુષાર શાહ, પણ આ સમાજોપયોગી કાર્યમાં કાર્યરત છે. રોહિત પટેલ, નિલમભાઈ પટેલ અને એમની ટીમે વસ્ત્ર દાની બનાવી મુકેલ છે. લોકોનો પ્રતિસાદ પણ ખૂબ સારો છે. લોકો આ દાની વસ્ત્રદાન કરે છે. રોહિત પટેલ અને એમની ટીમ નિયમિત વસ્ત્રદાની ખોલી તેમાં મળેલ વસ્ત્રોને એકત્રિત કરે છે. પુરુષ, સ્ત્રી, બાળકો, યુવાનો, વૃધ્ધોને ઉપયોગી થાય તેવા વસ્ત્રોને અલગ કરે છે. પહેરી ન શકાય તેવા વસ્ત્રો અલગ કરે છે. દાનમાં મળેલ તમામ વસ્ત્રોને ઈસ્ત્રી કરી જોડ બનાવાય છે. અલગ અલગ

# સમાજ સૃષ્ટિ

પેકેટ્સ બનાવે છે. આદિવાસી(છેવાડાનાં) વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવાર માટે વાહનો દ્વારા સ્થળ પર જઈ વસ્ત્રો વિતરણ કરે છે. કાપડની થેલીઓ બનાવી વિના મૂલ્યે વિતરણ કરે છે.આપણી આસપાસ એક એવી આભાસી દુનિયા બની રહી છે જેમાં દરેક શૉઓફ કરવો છે ત્યારે વસ્ત્રદાનની આ કામગીરી થાક્યા વિના, સંપર્ક સેતુ રચીને, ચહેરા પર આનંદ અને કોઈક ને સતત મદદરૂપ થવાની ભાવનાથી આ મિત્રો કરી રહ્યા છે. સમાજ કલ્યાણની આ પ્રવૃત્તિઓ પ્રશંસનીય છે. નીજનું (પોતિકા)તો સૌ કોઈ કરે એ બહુ મોટુ પુણ્યનું કામ નથી પણ પારકાને આપવાની શરૂઆત કરે એ સાચુ પુણ્યનું કામ છે.




વસ્ત્રદાનની સાથે મેડીકલ ચેકઅપ કેમ્પ, અન્નદાન, વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ, શિક્ષણ યજ્ઞ અને વાંચન પરબ (પુસ્તકાલય) પણ કરી રહ્યા છે. કોઈપણ પ્રકારનાં દેખાડા વગર તથા પર્યાવરણનાં જતનની તથા શિક્ષણ અને સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરી રહેલા રોહિત પટેલ, નિલમભાઈ પટેલ અને એમની ટીમના નિસ્વાર્થ સેવાકાર્યની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

- પાંચ લાખથી વધુ વસ્ત્રોનું દાન મેળવી જરૂરિયાતમંદ ને વિતરણ કરાયું છે. દિલથી અભિનંદન.
- પર્યાવરણનાં જતન અને સંવર્ધન માટે ૧૬,૨૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી, ઉછેરવાનું (વૃક્ષારોપણનું) અદ્દ્ભૂત કામ કર્યું છે. (વિના મૂલ્યે)
- પ્લાસ્ટિકની બેગથી થતા નુકસાનથી વિદિત આ સમાજસેવકો કપડાની થેલીઓ બનાવીને વિનામૂલ્યે વિતરણ કરવાનું કામ પણ કરી રહ્યા છે.

મેડીકલ ચેકઅપ કેમ્પ, (સર્વરોગ નિદાન કેમ્પ), રક્તદાન શિબિરનું આયોજન સમયાંતરે કરે છે. દર શુક્રવારે મેડીકલ કેમ્પ યોજવાનો સિલસિલો ચાલુ જ છે. જુદા જુદા ૧૦૮ ગામોમાં આ કેમ્પ યોજાય છે. આ કેમ્પમાં આવનાર પેશન્ટ ને જરૂરિયાત મુજબ વસ્ત્રદાનનો પ્રવાહ અવિરત ચાલે છે. ગુજરાતનાં પ્રતિષ્ઠિત દૈનિક અખબારો એ પણ આ સેવાયજ્ઞની નોંધ લઈ કાર્યને બિરદાવેલ છે. સુરતનાં મેયર શ્રી દક્ષેશભાઈ માવાણીએ પણ સમાજસેવાનાં(વસ્ત્રદાનનાં) પ્રશંસનીય કાર્યનો હૃદયથી વખાણ્યા અને શુભેચ્છાઓ પાઠવી છે.



**શિક્ષણ પરબ :** આરોગ્યની સેવા સાથે શિક્ષણ ક્ષેત્રે પણ સેવાયજ્ઞની ફોરમ 'લોક મંગલમ્ વિદ્યાપીઠ ખોબા' નામની શૈક્ષણિક સંસ્થા સ્થાપી ફેલાવી રહ્યા છે. અહીં આશ્રમમાં છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ છે જેમાં ૧૦૮ બાળકોને જમવાનું, રહેવાનું, ગણવેશ તથા શૈક્ષણિક સામગ્રી વિનામૂલ્યે આપવામાં આવે છે.

**વાંચન પરબ :** વાંચનથી વિચાર બદલાય અને વિચારોથી જીવન બદલાય, પુસ્તકોની મૈત્રી કેળવાય અને વાચકોની વાંચન ભૂખ સંતોષાય એ વિચારોને ચરિતાર્થ કરવા ગુજરાતનાં શિક્ષણવિદ આદરણીય શ્રી ડો. જય વશી સાહેબનાં અનુભવ અને માર્ગદર્શનથી એક સુંદર પુસ્તકાલય બનાવવામાં આવેલ છે. જેનો લાભ આજુબાજુનાં ગામના વાચકો લઈ રહ્યા છે.

**"હું દરેક મનુષ્યનાં હૃદયમાં બેઠેલો છું. દરેક જીવ મારો અંશ છે." - શ્રીકૃષ્ણ**

બસ આજ વિધાન મુજબ ઉપર દર્શાવેલ ટ્રસ્ટ, શ્રી રોહિતભાઈ પટેલ, શ્રી નિલમભાઈ પટેલ સહિત સમય અને શ્રમદાનનો ભેખ ધરીને માનવજાતને ઉપયોગી થઈ રહ્યા છે. માનવ સેવા એજ પ્રભુ સેવાનાં સેવાયજ્ઞમાં યથોચિત યોગદાન આપનાર સૌને વંદન સહ અભિનંદન ખૂબ ખૂબ શુભેચ્છાઓ. વિભુવરને અભ્યર્થના કે સૌને તંદુરસ્તમય જીવન બક્ષે.

**પ્રાર્થના :** એક દાન જે આપણાં સૌની પાસે છે ટકાવારી વધતી ઓછી હશે પણ છે જરૂર. અને એ દાન છે 'નડતર દાન' આપણે બીજા કોઈ દાન ન કરીએ તો વાંધો નથી પણ કોઈ ને નડવાનું બંધ કરીએ તો એ મોટામાં મોટુ દાન છે. નડતર દાનની આહુતિ આપી સમાજોપયોગી કાર્યને વેગ આપીએ.

શ્રી આર. પી. પટેલ સાહેબનાં વક્તવ્યમાંથી
-ઉમિયા ફાઉન્ડેશન.
મો.૯૮૨૫૯ ૬૦૭૫૦

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE




રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items


# Shree BALAJI FIBRE GLASS


2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com





# યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# ભારતના વિશ્વ વિખ્યાત હિલ સ્ટેશનો...

## કુલ્લૂ - મનાલી - ડેલહાઉસી - ચમ્બા - ધરમશાલા

### મનમોહક મનાલી

બિયાસ નદીના બંને કાંઠે ચીડના વૃક્ષો અને દેવદાર વૃક્ષોથી ઘેરાયેલ આ ઘાટી ૨૦૫૦ મી.ની. ઊંચાઈએ ઓલ છે. આ મનમોહક નગરીમાં મધુરજની મનાવવા હજારો લોકો આવે છે. મે-જૂનમાં વિદેશી પર્યટકોની ભારે ભીડ રહે છે. સ્કીઈંગ પૈરાગ્લાઈડીંગ અને ટ્રેકીંગના શોખીન યુવા-યુવતિઓ માટે મનાલી આદર્શ સ્થળ છે. પ્રકૃતિ પ્રેમીઓ અને ફોટોગ્રાફરો માટે મનાલી ધરતી પરનું સ્વર્ગ છે. બરફની ચાદરથી આચ્છાદીત મનાલી ખૂબ જ આકર્ષક લાગે છે. આ ઘાટી પોતાના પ્રાકૃતિક સૌંદર્ય માટે વિશ્વ પ્રસિદ્ધ છે. અહીં જવા માટે એપ્રિલથી મધ્ય જુલાઈ અને સપ્ટેમ્બરથી ડીસેમ્બર સુધીનો સમય શ્રેષ્ઠ છે. મનાલીની આસપાસ અને દર્શનીય સ્થળો આવેલા છે.

**હિડિમ્બાદેવી મંદિર :** મનાલીથી ૩ કિમી. આવેલ પેંગોડા શૈલીમાં બંધાયેલ આ મંદિર ૧૯૫૩ માં બંધાયેલ છે. ઉનાળામાં અહીં મોટો મેળો ભરાય છે. ભીમની પત્ની હિડિમ્બાને આ મંદિર સમર્પિત છે.

**વશિષ્ઠ કુંડ મંદિર :** મનાલીથી ૬ કિમી. દૂર પહાડી પર કુંડ અને મંદિર આવેલા છે. અહીં ગંધકના પાણીના ત્રણ ગરમ પાણીના કુંડ છે. સ્નાન કરવા માટે ખાસ સ્નાનાગારનો વ્યવસ્થા પણ છે.

**નહેરુ કુંડ મંદિર :** મનાલીથી ૫ કિમી. દૂર અર્જૂન ગુફા પાસે આવેલ આ સ્થળ પીકનીક માટે ઉત્તમ છે. અહીંનું શાંત વાતાવરણ અને ઠંડો નિર્મળ જળપ્રવાહ આકર્ષક અને મનમોહક છે.

**સોલંગ ઘાટી :** મનાલી થી ૧૩ કિમી. દૂર આવેલ આ ઘાટી પરથી હિમાચ્છાદીત પર્વતો અને પહાડી ખીણો જોઈ શકાય છે. શિયાળુ રમતો માટે આ સ્થળ મુખ્ય આયોજનનું કેન્દ્ર છે.

**રોહતાંગ ઘાટી :** મનાલીથી ૫૧ કિમી. દૂર આવેલ રોહતાંગ ઘાટીની મુલાકાત વિના મનાલીની મુલાકાત અધુરી ગણાય. આ ઘાટી કુલ્લૂ-મનાલી અને લાહૌલ સ્પીતી ખીણોને વિભાજીત કરે છે. આ સ્થળ ચારે બાજુ બર્ફાચ્છાદીત પર્વતો આવેલા છે. તે વિશ્વની સૌથી વધુ હિમાચ્છાદીત અને દૂર્ગમ ખીણો પૈકીની એક છે. આ માર્ગ વર્ષમાં માત્ર ૪ મહિના જૂનથી સપ્ટેમ્બરમાં ખૂલ્લો રહે છે. આ સ્થળ ૧૭૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ છે. ત્યાંથી હરિયાળી ભૂમિ પાછળ છોડી હિમાલયની ભવ્ય વેરાન ભૂમિમાં તમે પ્રવેશ કરો છો. અત્યારે અહીંથી છેક લદાખ સુધીનો માર્ગ બની ગયો છે. તેની પૂર્વમાં તિબેટનો પ્રદેશ આવેલો છે. સુરક્ષા વ્યવસ્થાને કારણે આ વિસ્તારનો મર્યાદીત ભાગ જ પ્રવાસીઓ માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે. રોહતાંગ ઘાટી પાર કર્યા બાદ લાહુલ અને સ્પીટીનો વેરાન, સૂક્કો અને અનેક ઝંઝાવાતો વચ્ચે ઝોલા ખાતો આ પ્રદેશ આવે છે.

**મુખ્ય શહેરનું અંતર :** ચંદીગઢ : ૩૧૨ કિમી. ધરમશાલા : ૨૫૪ કિમી. દિલ્લી : ૪૨૫ કિમી. સીમલા : ૨૪૦ કિમી. ડેલહાઉસી : ૪૦૨ કિમી. હરદ્વાર : ૪૦૦ કિમી.

દેવાત્મા હિમાલયની ગિરિમાળાઓના રમણીય વિસ્તારમાં આવેલો હિમાલય પ્રદેશ અનેક બર્ફાચ્છાદીત ગિરિમાળાઓ, લીલીછમ ઘાટીઓ, ઊંડી ઊંડી ખીણો, વન્ય પશુઓથી ભરેલા જંગલો, શીતલ અને શાંત સરોવર, લીલાછમ ગાલીચા જેવા મેદાનો દ્વારા કુદરતી સૌંદર્યથી પોતાના આગવી ઓળખ આપતો હિમાચલ પ્રદેશ દેશ-વિદેશની સહેલાણીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. એકલા હિમાચલ પ્રદેશમાં જ ૧૬૦૦૦ ફૂટથી વધુ ઉંચાઈવાળા ૧૫૦ થી વધુ પર્વતો આવેલા છે. પૃથ્વી પર સદેહે સ્વર્ગ ન ઉતર્યું હોય એવી એની રમણિયતા છે. વન્ય પશુ, પક્ષી સંપદાથી ભરપુર આ પ્રદેશ સાહસીકો અને પર્વતારોહકોને હમેશાં લકારતો આવ્યો છે. આ પ્રદેશની નદીઓ અને ઘાટીઓમાં તેમજ જંગલોમાં અનેક જાતના પક્ષીઓ જોવા મળે છે. હિમાચલ પ્રદેશની હરિયાળી ઘાટીઓમાં અનેક પ્રાચીન મંદિરો આવેલા છે. તેથી જ દેવોના દિવ્ય પ્રદેશ તરીકે ઓળખા છે. પ્રવાસનું આકર્ષણનું મુખ્ય કેન્દ્ર કુલ્લુ મનાલી અને સીમલા છે. આ ઉપરાંત ડેલહાઉસી, ખજીયાર, ચંબા અને ધરમશાલા જેવા હિલ સ્ટેશનો પણ આવેલા છે.

### કામણગારુ : કુલ્લૂ

બિયાસ નદીના કિનારે વસેલું આ પર્વતીયનગર દશેરાનો સાંસ્કૃતિક ઉત્સવ. સફરજનના બગીચા, ઉનીશાલ અને ત્યાંના પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રખ્યાત છે. દૂર સુધી વિસ્તરેલા બગીચા અને લીલાછમ મેદાનોથી ઘેરાયેલ આ ખીણની લંબાઈ ૮૦ કિમી. અને પહોળાઈ ૨ કિમી. છે. કુલ્લુ લગભગ ૧૨૦૦ મી.ની. ઊંચાઈએ આવેલું છે. કુલ્લૂ ઘાટીનો વિસ્તાર વૃક્ષાચ્છાદિત અને વનરાજીથી હર્યોભર્યો છે. કુલ્લૂના સ્વાદીષ્ટ સફરજન તો વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ ઉપરાંત અહીં પીચ, પ્લુમ, જરદાલુ અને ચેરીના બગીચા આવેલા છે. વસંતઋતુમાં તો આ સમગ્ર વિસ્તાર પુષ્પોની સુગંધથી મહોરી ઉઠે છે અને પહાડી પક્ષીઓની સુરાવલીથી ગુંજી ઉઠે છે. સમગ્ર ઘાટી ૭૬૦ મી.ની. ઊંચાઈથી ૪૦૦૦ મી.ની. ઊંચાઈ એ ક્યાંક સાંકડી તો ક્યાંક પહોળી થઈને પથરાયેલી છે. કુલ્લૂની આસપાસ અનેક દર્શનીય સ્થળો છે.

**બીજલી મહાદેવ :** કુલ્લૂથી ૮ કિમી. દૂર બિયાસ નદીને સામે કાંઠે એક ઊંચી પહાડી પર આ શિવમંદિર આવેલું છે. મંદિરમાં ૨૧મીટર ઊંચો સળિયો છે. એના વિષે કહેવાય છે કે વર્ષમાં એકવાર ઈશ્વરના આશિર્વાદરૂપે આ સળિયા પર વિજળી ત્રાટકે છે અને ગર્ભગૃહમાં રહેલા શિવલિંગના ટૂકડે ટૂકડા કરી નાંખે છે. દર વર્ષે પૂજારી એને સાંધીને એને અખંડ આકાર આપે છે.

**મણીકર્ણ તીર્થ :** કુલ્લૂથી ૪૫ કિમી. દૂર પાર્વતી નદીની ઘાટીમાં આવેલ આ સ્થળે ગરમ પાણીનું ઝરણું આવેલું છે. આ ઝરણાનું પાણી ખૂબ જ ગરમ હોવાથી ઠંડુ પાણી મેળવીને જ સ્નાન કરી શકાય છે. અહીં સ્નાન કરવાથી સંધીવા અને ચર્મરોગ મટી જાય છે. પાર્વતીના કર્ણનું મણીભૂષણ અહીં પડી ગયેલ જે નાગદેવતા પાતાળલોકમાં લઈ ગયા. શિવજીએ

# યાત્રા સૃષ્ટિ

સમાધી દ્વારા એ જાણી લઈ નાગ દેવતાને એ કર્ણભૂષણ પરત કરવા જણાવ્યું. જ્યારે નાગરાજ કર્ણભૂષણ આપવા બહાર નીકળ્યા ત્યારે તેમની સાથે જ પાતાળમાંથી એક ગરમપાણીનું ઝરણું નીકળ્યુ આ ઝરણું મણીકર્ણ નામે પ્રસિધ્ધ થયું મે-જૂનમાં અહીં ખૂબ જ ટ્રાફીક રહે છે. અહીં એક વિશાળ ગુરુદ્વારા પણ આવેલ છે.

### ગિરિમથક : ડેલહાઉસી

અંગ્રેજોના રાજયકાળથી સીમલા માટે જાણીતા હિમાચલ પ્રદેશની સાચી ઓળખ પામવા ઈચ્છનાર કુલ્લૂ-મનાલી અને સીમલાથી પણ ચાર ચાસણી ચડી જાય એવા અંગ્રેજોની જાહોજલાલીની ઓળખ આપતું 'ડેલહાઉસી' હિંદુ સંસ્કૃતિ અને દેવોના સાક્ષાત નિવાસસ્થાન સમાન 'ચંબા' અને આત્મગૌરવ તેમજ માનવ આધિકારો માટે લડત આપનાર બૈદ્ધ સાધુ દલાઈલામાનું નિવાસસ્થાન 'ધરમશાલા' અને ભારતના સ્વીટ્ઝરલેન્ડ તરીકે ઓળખાતા ખજીયારની મુલાકાત અવશ્ય લેવી જ જોઈએ. પ્રાકૃતિક સૌંદર્ય થી છલોછલ આ ચારેય સ્થળો પઠાણકોટથી માત્ર ૧૫૦ કિમી.ના અંતરે આવેલા છે. હિમાલયની પ્રખ્યાત 'ધૌલધાર' ગિરિમાળાની તળેટીમાં ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ ડલહૌજી તેના કુદરતી સૌંદર્ય, સ્વાસ્થપ્રદ હવાપાણી તેમજ ચીડના વૃક્ષોથી ઘેરાયેલ સૌંદર્ય માટે પ્રખ્યાત છે. ૧૩ કિમી.નું ક્ષેત્રફળ ધરાવતા આ નગરની સ્થાપના અંગ્રેજ શાસક હેલહાઉસીએ કરી હતી. આ ગિરિમથકનો પ્રારંભ ૧૮૫૧માં થયો હતો. અહીં રાવી, બીયાસ અને ચીનાબ નદી વહે છે. તેની આસપાસ અનેક જોવાલાયક સ્થળો છે.

**પંજપુલા :** એટલે પાંચ પુલવાળી જગ્યા શહેરથી ૨ કિમી. દુર આવેલ આ સ્થળે પુલ નીચેથી પાંચ નાના નાના ઝરણા વહે છે. આસપાસનું ગાઢ જંગલ અતિ રમણિય છે. **ડેનકુંડ :** ડેલગાઉસીથી ૧૦ કિમી. દૂર ૨૮૦૦ મી.ની. ઊંચાઈએ આવેલ આ સ્થળ એક સુંદર પીકનીક પોંઈટ છે. અહીં બિયાસ, રાવી અને ચિનાબ નદીઓના વહેતા પાણીને એક સાથે જોઈ શકાય છે. **કાલા ટોપ :** ડેલહાઉસીથી ૭ કિમી. દૂર આવેલ આ સ્થળેથી આસપાસના લીલાછમ મેદાનો ખેતરો અને ગાઢજંગલનું મનમોહક દ્રશ્ય જોવા મળે છે. **સતધારા :** ડેલહાઉસીથી પંજપુલા જતાં રસ્તામાં આવતા અભ્રકના પહાડ પરથી એક મોટી ધારારૂપે પડતા ઝરણાંમાંથી સાત નાની નાની ધારાઓ વહે છે. આ સ્થળ અતિ રમણીય છે. ઝંદરી ઘાટ : ડેલહાઉસી થી ૨ કિમી. દૂર આવેલ દેવદાર તથા ચીડના વૃક્ષોથી ઘેરાયેલ સ્થળે ચંબાના શાસકોનો મહેલ આવેલો છે. આ ઘાટનું પુરાતત્વીય મહત્વ પણ છે.

### ભારતનું સ્વીટઝરલેન્ડ : ખજીયાર

ડેલહુસીથી ચંબા જતાં રસ્તામાં ૨૨ કિમી. દૂર ખજીયારનું અતિ સુંદર મેદાન અને સરોવર આવેલ છે. રાવી નદીના કિનારે આવેલ ચીડ અને દેવદારના ગાઢ જંગલથી ઘેરાયેલું આ સ્થળ ૨૦૦૦ મીની. ઊંચાઈએ આવેલ છે. અહીંનું આસપાસનું પ્રાકૃતિક સૌંદર્ય આપણને સ્વીટઝરલેન્ડમાં હોવાથી અનુભૂતિ કરાવે છે. અહીંથી આગળ બરફવાળો વિસ્તાર શરૂ થતા પહેલા ગાઢ જંગલમાં રીંછ, ચિત્તો, દીપડો અને કસ્તુરી મૃગ જેવા પ્રાણીઓ જોવા મળે છે. ખજીયારના મેદાનમાં બેસીને ચારે બાજુ દૃષ્ટિ ફેરવતા એક અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે. ખજીયાર હિમાચલ પ્રદેશનું સર્વશ્રેષ્ઠ સૌંદર્ય ધામ છે.

### દેવનગરી : ચમ્બા

ખજીયારથી મોટર માર્ગે નીચે ઉતરતા ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ ચંબા આવેલ છે. ડેલહાઉસી થી ૫૬ કિમી. દૂર આવેલ, રાવી નદીના કિનારે વસેલું ચંબા રીયાસતની રાજધાની હતુ. અહી ત્રણ શિવમંદિરો અને ત્રણ વૈષ્ણવ મંદિરો આવેલા છે. ચક્ર ગુપ્તેશ્વર, ગૌરીશંકર અને ત્ર્યંબકેશ્વર એ ત્રણ શિવમંદિરો અને રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણના વૈષ્ણવ મંદિરો પર્વતીય પ્રદેશના યાત્રાધામો છે. ઈસ. ૯૩૦ માં શાહીવર્મા એ તેની પુત્રી ચંપાવતીના કહેવાથી ચંબા ખાતે નવુ પાટનગર વસાવ્યું હતું. ચંપા વતીના કારણે આ નગરી ચંબા તરીકે ઓળખાય છે. ચંબાનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્વિતિય છે. શિવાલીક ગિરિમાળાને અડીને હિમાલયની હિમાચ્છાદિત ગિરિમાળામાં વસેલુ ચંબા તેની કલા માટે પ્રખ્યાત છે. ચંબામાં આવેલ ભુરીસિંહ મ્યુઝિયમમાં પ્રાચીન વાસ્તુકલા તથા કાંગડા અને વૈશાલીના ચિત્રો રખાયા છે. અંબાથી ૮ કિમી. રાવી નદીના તટ પર 'સરોબ' નામનું સુંદર સ્થળ આવેલ છે.

### ધરમશાલા

ધૌલધાર ગિરિમાળાની ગોદમાં વિસ્તરેલી કાંગડાની હરિયાળી ઘાટીનું ધરમશાલા એ સુપ્રસિધ્ધ હીલસ્ટેશન છે. ૨૦૦૦ મી.ની. ઊંચાઈએ આવેલ આ સ્થળ અપર અને લોઅર ધરમશાલા એમ બે ભાગમાં વહેંચાયેલ છે. અહીં તીબેટી સંસ્કૃતિ અને બૌદ્ધ ધર્મનો પ્રભાવ જોવા મળે છે. ધરમશાલાની આસપાસ અનેક દર્શનીય સ્થળો આવેલા છે. **ભાગસુનાથ મહાદેવ :** શહેરથી ૧૧ કિમી. દૂર ડાલ સરોવર પાસે એક નાના ધોધ પાસેઆ સુપ્રસિધ્ધ શિવમંદિર આવેલ છે. અહીં મહાશિવરાત્રિ પર મોટો મેળો ભરાય છે. **કાંગડાનગર :** ધરમશાલાથી ૨૯ કિમી. દૂર બાણગંગા નદીના તટ પર વસેલુ કાંગડા સમૃધ્ધ ઐતિહાસીક નગર હતું. અહીં સ્વર્ણશિખરથી શોભતું વ્રજેશ્વરી દેવીનું મંદિર છે. આ મંદિરના સમૃધ્ધ ખજાનાને લૂંટવા મહમદગઝની. તૈમુરલંગ અને ફોરજશાહ તઘલખે આક્રમક કરેલ. **જ્વાલામુખી :** ધરમશાલાથી ૯૦ કિમી. અને કાંગડાથી ૩૦ કિમી. દૂર આ સ્થળ સમગ્ર હિમાલચ પ્રદેશનું સુપ્રસિધ્ધ તિર્થસ્થાન છે. ભારતની સુપ્રસિધ્ધ ૫૧ શક્તિપીઠોમાંનું તે એક છે. સતીની જીભ આ સ્થળે પડેલ મંદિરના ભૂતળમાંથી સતત જ્વાળા ભભુકતી રહે છે.

**બૈજનાથ :** ધરમશાલાથી ૫૦ કિમી. અને પાલમપુર ગિરિમથકથી ૧૬ કિમી. દૂર સુપ્રસિધ્ધ શિવમંદિર આવેલ છે. અહીં મહાશિવરાત્રીએ ભવ્ય મેળો ભરાય છે. ઘણા શ્રધ્ધાળુ શિવભક્તો તેને સ્વંયભૂ જ્યોતિર્લિંગ માની પૂજા અર્ચના કરે છે.

**મુખ્ય શહેરોથી અંતર :** મનાલી : ૨૬૦ કિમી., દહેરાદૂન : ૩૯૦ કિમી., સીમલા : ૨૬૫ કિમી., દિલ્લી : ૫૧૫ કિમી., ડેલહાઉસી : ૧૨૮ કિમી., ચંબા : ૧૯૨ કિમી., પઠાણકોટ : ૦૮૫ કિમી. અમૃતસર : ૨૨૦ કિમી., જમ્મુ : ૨૨૦ કિમી.

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫

## આરોગ્ય સૃષ્ટિ



**ડો. સૌરભ વણઝારા**
ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલ અમદાવાદમાં પલ્મોનોલોજિસ્ટ તરીકે
છેલ્લા ૬ વર્ષથી સેવારત કૂલ ૧૭ વર્ષનો અનુભવ, ILD ફાઈબ્રોસિસ
દર્દીઓ ( ઘરે ઓક્સિજન લેતા )ની સારવારમા વિશેષ રૂચી

# આપણાં ફેફસા

ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ને અમુક વાર એન્જિનિરીંગ અને મેડિકલ, આ બે વચ્ચે શું પસંદ કરવું એવું અસમંજસ હોઈ છે. આ બધા વિદ્યાર્થી મિત્રો ને હું એવું કહીશ કે દુનિયા જોવી હોઈ તો એન્જિનિરીંગમાં અને આપણું શરીર જોવું હોઈ તો મેડિકલમાં એડમિશન લેવું. કહેવાનો તાત્પર્ય એ છે કે એક તરફ આપણું શરીર અને એની સંરચના અને બીજી તરફ આખી દુનિયા.

**આજ અનુસંધાનમાં આજે ફેફસા અને આપણા શ્વસનતંત્રના વિષે થોડી વાત કરીશ.**

આપણું શ્વસનતંત્ર નાકથી શરુ થઈ ફેફસાના કોષો એટલે કે (alveoli) સુધીનું છે. આપણે જ્યારે નાક થી શ્વાસ લઈએ છીએ ત્યારે આ હવા નાક થી ગળામાં રહેલી શ્વસન નળીમાં જાય છે. આ શ્વસન નળી ડાબા અને જમણા એમ ૨ ભાગમાં વિભાજીત થાય અને અનુક્રમે ડાબા અને જમણા ફેફસામાં જાય છે. અહીંયા દરેક શ્વસન નળીની નાની નાની શાખાઓ થતી જાય અને છેલ્લે એ ફુગ્ગા જેવી કોશિકા બનાવે જેને એલ્વિઓલાઈ (alveoli) કહેવાય છે. આ alveoli ની ખુબ જ નજીક રક્ત વાહિની હોય છે. આ જગ્યા પર ઓક્સિજન રક્ત વાહિનીમાં પ્રવેશ કરે છે અને કાર્બન ડાયોક્સાઈડ alveoli માંથી ઉચ્છવાસ વડે બહાર નીકળે છે.

સામાન્ય રીતે ૧ વ્યક્તિ ના ફેફસામાં ૪૦ થી ૬૦ કરોડ alveoli હોય છે. જો આ બધા alveoli ખોલીને ૧ સપાટી પર પાથરવામાં આવે તો લગભગ ૧૦૦ ચો.મીટરનો વિસ્તાર થાય.

બંને ફેફસા પર ૨ પડનું કવર હોઈ છે જેને પ્લુરા કહેવાય છે. આ આખું માળખું છાતી ના પીંજારામાં ગોઠવાયેલું છે જે પાંસળીયો અને સ્નાયુઓનું બનેલું હોઈ છે.

ફેફસામાં લોહીનું શુદ્ધિકરણ થાય છે. એની સાથે વાતાવરણમાંથી આવતા બેક્ટેરિયા અને વાયરસને ફિલ્ટર કરે છે અને એમને લોહીમાં જતા અટકાવે છે અને આપણને સુરક્ષિત રાખે છે. ફેફસા આપણા શરીરના તાપમાનને પણ નિયંત્રિત કરે છે.

**ફેફસા અથવા શ્વસનતંત્રમાં કોઈ રોગ થાય તો સામાન્ય રીતે નીચે જણાવેલ તકલીફો થતી હોય છે.**



૧. ખાંસી - એવી ખાંસી કે જે ૧૫ દિવસ થી વધુ રહે.

૨. શ્વાસ ચડવો - સીડી ચડતા થાક લાગવો, હાંફી જવું.

૩. ગળફા - સતત ગળફા નીકળવા ગળફામાં લોહી આવવું.

૪. શ્વાસ લેતી વખતે સીટી જેવો અવાજ આવવો.

કોઈ વ્યક્તિને આમાંથી કોઈ લક્ષણ હોઈ તો બની શકે કે તેમને ફેફસાની કોઈ સમસ્યા હોય. ફેફસામાં ચેપ સિવાયના રોગની વાત કરીયે તો બે પ્રકારના રોગ જોવા મળતા હોઈ છે.

૧. ઓબ્સ્ટ્રક્ટીવ ડિસીઝ  ૨. રિસ્ટ્રિક્ટિવ ડિસીઝ

ઓબ્સ્ટ્રિટિવ ડિસીઝ એટલે કે જેમાં શ્વસન નળી પર સોજો હોઈ એવા રોગ. તમે અસ્થમા અને સીઓપીડી વિષે સાંભળ્યું હશે. આ રોગોમાં શ્વાસ ચડવો અને ખાંસી મુખ્ય તકલીફ હોઈ છે. એની સારવાર માટે ડોક્ટરો મુખ્યતઃ નેબ્યુલાઈઝર, ઈન્હેલર અથવા પંપ આપતા હોઈ છે જે ખુબ જ અસરકારક હોઈ છે આ ઉપરાંત અમુક દવાઓ અને ઈન્જેક્શન પણ સારવારમાં મદદ કરે છે.

**રિસ્ટ્રીસીટીવ ડિસીઝ** જેમ કે ઈન્ટરસ્ટીટીઅલ લંગ ડિસીઝ (ILD), ફાઈબ્રોસિસ વિગેરે. આ રોગોમાં ફેફસાના માળખાના કોષો સુકાઈ જતા હોઈ છે. ખાસ કરીને કોવીડ પછી આપણે આ ફાઈબ્રોસિસ વિષે બહુ જ બધું સાંભળ્યું એ. ILD અને ફાઈબ્રોસિસમાં સ્ટેરોઈડએ એક ખુબ જ ઉપયોગી દવા છે અને ડૉક્ટરની સલાહ મુજબ એને લેવામાં કોઈ સમસ્યા હોતી નથી.

માટે ઈન્હેલર અને સ્ટેરોઈડનો ડર આપણે બિલકુલ ના રાખવો જોઈએ. આપણા શ્વસન તંત્રની કાળજી રાખવા માટે નીચેના ઉપાયો

# આરોગ્ય સૃષ્ટિ

મદદરૂપ થઈ શકે.

**કસરત :** ૧. ઊંડા શ્વાસની કસરત કરવી. ૨.યોગ અને પ્રાણાયામ ૩. સ્નાયુઓની કસરત

**વાતાવરણ :** ૧. ધૂળ, ધુમાડા વાળી જગ્યાઓથી દૂર રહેવું. જો એવી જગ્યા પર જવાનું થાય તો નાક પર રૂમાલ અથવા કપડું બાંધવું. ૨. ઘર અને ઓફિસની સફાઇ માટે ભીનું પોતું વાપરવું. ૩. કિચનમાં ચીમની અથવા એક્સહોસ્ટ ફેનનો પ્રયોગ કરવો. ૪. દેશી ચુલ્હાનો ઉપયોગ ના કરવો.

**શરીરની સ્વચ્છતા :** ૧. નિયમિત રીતે હુંફાળા ગરમ પાણીથી નાસ લેવો. ૨. હૂંફાળા ગરમ પાણી થી કોગળા કરવા.

**ચેપથી બચવા :** ૧. ખુબ જ ઠંડા અને ખુબ જ ગરમ પદાર્થોનું સેવન ટાળવું. ૨. નિયમિત રીતે ડૉક્ટરની સલાહ મુજબ વૅક્સિન લેવી. વૅક્સિન બાળકો અને પુખ્તો એમ બંને માટે હોઈ છે. ૩. પૂરતા પ્રમાણમાં પાણી પીવું.

**ચેપ થાય ત્યારે :** ૧. ડૉક્ટર પાસે તપાસ કરી નિદાન કરાવવું અને સારવાર લેવી. ૨. જરૂર પ્રમાણે ડૉક્ટરની સલાહ મુજબ ટેસ્ટ કરાવવા જેમ કે એક્સ રે, સી.ટી. સ્કેન, બ્રોન્કોસ્કોપી, ગળફાની તપાસ વિગેરે. ૩. જણાવ્યા મુજબ દવા પુરી કરવી.

**રોગ પ્રતિકારક શક્તિ વધારવા :**

૧. સારો તાજો ખોરાક લેવો. ૨. પૂરતા પ્રમાણમાં પ્રોટીન લેવું. ૩. ગરમ કરેલું દૂધ અને દૂધની બનાવટો લેવી.

છેલ્લે લેખ પૂર્ણ કરતા પહેલા નાની વાત ફેફસાના પ્રત્યારપણની એટલે કે લંગ ટ્રાન્સપ્લાન્ટની કરીએ. અત્યારની સ્થિતિ મુજબ ભારતમાં લંગ ટ્રાન્સપ્લાન્ટ હજુ શરૂઆતના તબક્કામાં કહી શકાય. પણ જો ટ્રાન્સપ્લાન્ટ યોગ્ય સમયે કરવામાં આવે તો પરિણામ પ્રોત્સાહક છે.

(અનુ. ૪૪નું શરૂ) **બાલસૃષ્ટિ**

વાનર કેરાં મોં ને પગ તો, હજુય ચાડી ખાતા. લાલ રંગ ઘોડાના કીધા, વર્ષોથી નથી જાતા.

હોળી રમતાં કૈંક રંગાયા, રંગ ન જેવા તેવા લાલ પીળા ને ફૂલ ગુલાબી, યાદ કરે સહુ કેવા...

બધાં આનંદમાં હતાં ગીત તો હતું મજાનું કોયલડીનું. બીજું બધું બાજુએ મુકી બધાં ગાતાં હતાં.

'લાલ-પીળા ને ફૂલ ગુલાબી...'

નાચતાં ગતાં બધાંને યાદ આવ્યું, 'અલા, પશુ પંખીના મેળામાં મોર કેમ ભુલાયો? આમ ચાલે ના હોં. જાવ.... જા... ને બોલાવી લાવો મોરલાઓને.' હૂપાહૂપ કરતા વાંદરાઓ ભાગ્યા. દૂર દૂર વગડામાં મોરલા તો નૃત્ય કરતા કરતા ગીત ગાતા હતા. વાંદરાઓએ કહ્યું, 'ઓ... મોરલાઓ, પછી ગાજો ગીતો. ચાલો, અબઘડી બોલાવે છે રાજા સંતાસિંહ.'

સંતાસિંહનું નામ સાંભળી મોરલાઓને યાદ આવ્યું, અરે... અરે... કેમ કરતાં ભુલાઈ જવાયું ? ચાલો આવી પહોંચીએ છીએ તમારી પાછળ પાછળ જ. મોરલાઓ ત્યાં પહોંચ્યા આનંદ મંસ્તીમાં માહોલમાં. મોરલાઓને જોતાં જ બધાં ફૂંગર્યાં, પરંતુ રંગો ખૂટી ગયા હતા. જેને જે રંગ મળ્યો તે, જેને જે હાથ લાગ્યો તે એક-બીજાના ડિલેથી ખંખેરી ખંખેરીને મોરલાઓને રંગી નાખ્યા. પાછળ હતા કૂકડાઓ, એ પણ રંગાયા અવનવા રંગે.

સંતાસિંહ આજે બહુ ગેલમાં હતા. મોરલાઓના ડિલે એકેય રંગ બાકી રહ્યો ન્હોતો. એ જોઈ હસ્યા ખડખડાટ. સંતાસિંહના સિંહાસન પાસે ઊભા રહેલા પોપટડાએ હરખને વધાવતાં ગાવા માડ્યું.

હસી હસીને બેવડ વળી ગ્યા, પોપટડા જોને લીલા. પિચકારી ભરી છાંટી ત્યાં તો, મોરપીછે થયા ટીલા.

ધોતાં જીવન જાય ખરચાઈ, ભલે પડે પરસેવા... લાલ પીળા ને ફૂલ ગુલાબી, યાદ કરે સહુ કેવા.

ધાંધલ ધમાલ, મજાક મસ્તી, હા.. હા.. હી.. હી.., ગાવું બજાવું, હસા હસીમાં સહુ મશગૂલ હતા. ત્યાં સંતાસિંહ બોલી ઊઠ્યા, 'અરે...અરે....! આપણા મંત્રીશ્રી શનાજી ક્યાં ?'

'શનાજી ક્યાં ? શનાજી ક્યાં ?' સહુ શોધવા લાગ્યાં. નાનકડા કુરકુરિયાને પણ બધાં જોઈ લેતાં, કે આ શનાજી નથી ને ? રંગોની રામાયણમાં કોઈ ઓળખાતા ન્હોતા. છેવટે બધાય તળાવમાં પડી ખૂબ ખૂબ ન્હાયા. બધું રંગેચંગે પત્યું. પણ ફડક પેસી ગઈ છે શનાજીને, તે બધાયથી ભાગે છે દૂર દૂર. રંગોની રામાયણથી ને રંગાયેલાં બધાં પશુ પંખીથી. જરાક પાંદડાં ખખડે ને જાય ભાગ્યા, જાય ભાગ્યા.... 'મને કોઈ રંગી દેશે તો?'

સંતાસિંહ એમની ગુફામાં ભરાણા તો... શનોજી એમની ગુફામાં. બાકીના બધાય સાથે ખાય છે, પીવે છે ને ગાય છે મસ્તીથી. એકબીજાને પૂછે છે, 'હોળી કેવી ? લાલ પીળી ને ફૂલ ગુલાબી....' જવાબ છે પશુ પંખી સહુનો.

## આરોગ્ય સૃષ્ટિ



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# પોત પોતાના ડોક્ટર ન બનો

મિત્રો,

મારી એક ભાણેજ છે. જે કોમર્સ કોલેજમાં ભણે છે. તેને જ્યારે ગળામાં દુખે ત્યારે ૨૫૦ મી.ગ્રા.ની બે એરીથ્રોસીન દવાની દુકાનમાંથી ખરીદીને લે છે અને તેનો દાવો છે કે તેનું ગળામાં દુખવાનું તેનાથી મટી જાય છે.

મારા એક મિત્ર છે. જેઓ અમદાવાદના સૌથી મોટા મંદીરના હર્તાકર્તા છે. તેમનો લોહીના ઉંચા દબાણની બીમારી છે. તેઓને ડોક્ટરે લોહીનું દબાણ નીચેના લેવલે ટકી રહે તે માટે રેગ્યુલર લેવાની દવાઓ લખી આપી છે. પણ આ મહાશય તેમને મહાશય તેમને જ્યારે ગભરામણ થાય, માથું દુખે કે ચક્કર આવે ત્યારે નોવેલ્જીનની જેમ જ એક ગોળી લઈ લે છે. પછી પાછી બંધ કરી દે છે.

મારા પિતાશ્રીને જીંદગીના છેલ્લા પાંચ-સાત વર્, સુધી તેમની મેળે જ ડાયજીન અન હરડે ખાવાની આદત પડી ગયેલી. બીજો મારો એક મિત્ર છે તે કોલ્ડ્રીન લેવાનો શોખીન છે. જ્યારે પણ તાવ આવે, શરદી થાય, માથું દુખે કે કંઈ પણ થાય તો પાન સોપારીની જેમ કોલ્ડ્રીન ખાય છે.

શું આ રીતે પોતાની જાતે જ નિદાન કરી, દવા ચાલુ કરવી અને પોતાના મનથી જ બંધ કરવી તે સારું કહેવાય ? તો તેનો જવાબ છે ના. દરેક વ્યક્તિને એક સરખી ફરિયાદ હોય પણ તેનું નિદાન જુદું જ હોઈ શકે. દા.ત. માથાનો દુખાવો. કોઈ એક



વ્યક્તિને લોહીના ઊંચા દબાણને કારણે માથું દુખતું હોય તો બીજી વ્યક્તિને મગજના કેન્સર ને કારણે માથુ દુખે તો વળી કોઈ ત્રીજી વ્યક્તિને આંખના નંબર આવ્યા હોય અને ચશ્મા ન પહેરતો હોય તો માથુ દુખે. આમ આ બિમારીઓનું લક્ષણ માથાનો દુખાવો છે પણ આ બધી જ બીમારીઓ જુદી જુદી છે અને તેનો ઈલાજ પણ જુદો જુદો છે. હવે જો તમે દરેક માથાના દુખાવાને એક બીમારી સમજી નોવેલ્જીનની ગોળીઓ ગળ્યે રાખો તો શું થાય?

એક તો એ કે નોવેલ્જીનની ગોળીની અસર રહે ત્યાં સુધી તમને રાહત રહે. પણ અંદરની બીમારીતો જમે હોય તેમ જ રહે અને તમને વધારે પડતી નોવેલ્જીન ખાવ તેથી તમે માથાના દુખાવાનું નિદાન કરાવવા ડોક્ટર પાસે મોડા જાવ. તથા નોવેલ્જીનની ગોળીની ભયંકર આડઅસર તમારા શરીર પર થાય.

મારા બનેવીને ડાયાબીટીસ છે તેમને ડોક્ટરો એ દવા લખી આપેલી અને કહેલ કે જો તંદુરસ્ત જીવવું હોય તો આ દવાઓ નિયમિત લેજો જેથી તમારા લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ નિયંત્રણમાં રહેશે. મેં પણ તેમને દવા બંધ નહીં કરવા મારી દરેક મુલાકાતમાં સમજાવેલ પણ જ્યારે બંધ હોય ત્યારે પુછું કે કેમ હાલ દવા બંધ છે તો તે મને કહે કે મારી સ્યુગર કંટ્રોલમાં જ છે. હું જ્યારે પુછું કે તમે બ્લડ સ્યુગર ટેસ્ટ ક્યારે કરાવોય અને તેમાં શું રીપોર્ટ આવ્યો તો કહેતા કે ટેસ્ટ નથી કરાવ્યો પણ મારા શરીરમાં શું થાય છે તે મને તો ખબર પડી જ જાય ને? જ્યારે પણ લોહીમાં સ્યુગર વધી જાય ત્યારે મને વગર ટેસ્ટે જ ખબર પડી જાય છે. આવી દલીલ સાંભળીને હું ચુપ થઈ જતો. પણ આમની આવી ટેવને કારણે તેમના હૃદયની બે કોરોનરી આર્ટરી બ્લોક થઈ ગઈ જેનું મુખ્ય કારણ કંટ્રોલ વગરનું ડાયાબીટીસ હતું. પછી તો ૧ લાખ રૂપિયા ખર્ચી બાયપાસ સર્જરી કરાવવા દિલ્હી ભાગવું પડ્યું.

મિત્રો, એક વાત યાદ રાખો. પ્રાથમિક સારવાર સુધી જ આપનું જ્ઞાન અને આવડત સિમિત રાખો. એ થી આગળ વધવાથી આપ ખૂબ મોટું જોખમ ઉઠાવી રહ્યા છો, તો સમજો. ડોક્ટરની પાસે જઈ પોતાની બીમારીનું બરાબર નિદાન કરાવી પછી જ દવા શરૂ કરો અનો ડોક્ટરની સલાબ મુજબ જ ખાવ - તમારી મેળે જ દવાનો કોર્ષ ચાલુ બંધ ન કરો. તમે પોતે જ તમારા પોતાના ડોક્ટર ન બનો.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# વિજ્ઞાન સાથેની વિશિષ્ટ આવડતની ગૂંથણી - "ભૂતળમાં પાણી કળણ"

ભૂતળમાં કઈ જગ્યાએ કૂવો કે બોર કરશું તો આપણી મોલાતોને સિંચાઈ માટેનું પાણી મળી આવશે એ જાણવું ખેડૂતો માટે સહેલું નથી. મોટા ભાગના ખેડૂતોએ વાડીઓમાં "અહીં પાણી હશે", "ત્યાં પાણી હશે", "ત્યાં પાણી હોવું જોઈએ" - માત્ર એવા અનુમાનોના આધઆરે જ ઠેક ઠેકાણે કૂવા કે રીંગ બોર કરીને ધરતીને ત્રોફી નાખી છે. પરિણામે દેવાના ડુંગર નીચે દબાઈ જવા છતાં પાણીવાળા ન થયાનાં ઝાઝાં ઉદાહરણો આપણા ખેડૂતોમાં મોજૂદ છે. ક્યો વિસ્તાર યા જગ્યા 'કંઈકેય વધુ પાણીવાળો છે' એવો ખ્યાલ મળવા માત્રથી શૂરાતન ચઢે અને મરણિયા લડવૈયાની ઢબે દુશ્મનોની વચ્ચે ઘેરાયા પછી પણ પરાક્રમ દેખાડી દેવાની મરદાઈ આપણા ખેડૂતોમાં તો છે ખરી, એની ના નહીં ! વરસાદની આગાહી-એક વિજ્ઞાન : રેડિયો કે ટી.વી. સમાચારમાં હવામાન ખાતા તરફથી વિગત અપાય કે "આવતા ૪૮ કલાકમાં સૌરાષ્ટ્રમાં જોરદાર વરસાદ પડવાની વકી છે." એટલે કંઈ સોએ સો ટકા સાચું પડતું નથી. હા, હવામાન બંધાય, પણ વરસાદ આવે જ એ નક્કી નહીં. "આગાહી" એ વરસાદ પહેલાંના વર્ષો જૂના કુદરતમાં બનતા ફેરફારો-ચિન્હો ના અભ્યાસ પરથી કરવામાં આવતું એક "અનુમાન" છે. "અનુમાન"માં નિશ્ચિતપણું ભલે નથી, છતાં એ અનુમાનના આધારે ઘટતાં ખેતીકામો શરૂ કરવા કે અધૂરાંને વહેલાસર આટોપવાના આયોજનો ઘડતાં જ હોઈએ છીને ને !

બસ ! એના જેવું જ "પાણી કળણ" એ પણ એક અનુમાન છે. ભલે તે ૧૦૦% સાચું ન હોવા છતાં ખેડૂતોને આડેધટ ગમે ત્યાં કૂવો કે બોર કરી, ખોટી રીતે ખરપાઈ મરવાની સરખામણીએ થોડું પણ રાહતવાળું સાબિત થતું હોય છે. આવા કિસ્સાઓમાં ૧૦૦માંથી ૭૫-૮૦ પોઈંટ પાણીવાળા પ્રાપ્ત થતા હોય તો આપણા માટે અપનાવવા યોગ્ય આં કાઈ નાનીસૂની વાત નથી હો ભાઈઓ.

**ભૂતળનું પાણી :** પાણી પ્રાપ્તિનું મુખ્ય સ્ત્રોત વરસાદ છે. પર્યાવરણ અને પરિસ્થિતિ મુજબ જે તે સ્થળે ઓછા-વધુ, વધુ-ઓછા વરસાદ વરસે છે તે પાણી જમીન સપાટી પર રેલાતા પૂર્વે અમુક જથ્થો વૃક્ષો-વનસ્પતિનાં મૂળિયાં દ્વારા, જમીન પર પડેલી તિરાડો કે ફાટો દ્વારા, રાફડાઓ જેવી છિદ્રાળુ જગ્યાઓ દ્વારા નીચે જમીનમાં ઉતરી જાય છે. ઉપરાંત ધરતીકંપ જેવા અકસ્માતોથી તૂટી પડેલી સપાટીઓથી સર્જાયેલાં પથ્થરોનાં પોલાણોમાં ઉતરી જઈ ઊંડાણમાં "સરવાણી" રૂપે વહેતું હોય છે.બસ ! આ પાણીનો જથ્થો કઈ જગ્યાએ વધુ પ્રમાણમાં હશે, તેનું અનુમાન કરવા જેમ અવકાશ ફેરફારોનાં પરિક્ષણો પરથી "વરસાદનો વરતારો" નક્કી કરાય છે. તેમ ધરતી પર દેખાતાં કુદરતી અને વિશિષ્ટ પ્રકારના ચિહ્નો ઉપરથી ભૂતળમાં પાણી ક્યાં અને કેટલું ભરાઈ કે વહી રહ્યું છે. તેવાં અનુમાનો વિજ્ઞાનનાં સાધનો અને એના જાણકારો મારફત કરી શકાય છે.

**સૌ પહેલાં પ્રાથમિક અનુમાન :** "શેઠ શેઠ! નમતું જોખજો !" કહેનાર ગ્રાહકને ક્યાં ખબર છે કે શેઠે વાસણનો "ધડો" જ નથી કરેલો ! પછી ઈ નમતાનો કંઈ અરથ રહે ખરો ? એમ જ ધરતીની ઉપરની સપાટીની પાણીના સંજોગ દેખાડતી પરિસ્થિતિ કેવીક છે. તેવું સ્થળનું પરિક્ષણ કર્યા વિના જ નીચેનાં તળનું પાણી વિપુલ માત્રામાં મેળવવાની ઉતાવળનો કોઈ અર્થ ખરો ?

**વરાહમીહિરનું અનુમાન :** આવું અનુમાન પ્રાચીન ઉજ્જૈનમાં વસતા આચાર્ય વરાહમીહિરે ધરતી પર કુદરતી રીતે ઊગેલી વનસ્પતિઓ, ઊભેલા વૃક્ષો, વૃક્ષો પર વસતા પક્ષીઓ, જમીન પર બાજેલા રાફડા, જમીનમાં વસતા ઝીણા જીવો વગેરે પરના ઝીણવટ પૂર્વકના અભ્યાસ પછી પૃથ્વીના પેટાળમાં સંગ્રહાએલા જળસ્ત્રોતોના આધારભૂત સંકેતો સૂચવતી જે વિગતો મેળવી હતી તે તેમના "બૃહદ્સંહિતા" નામના ગ્રંથમાં આલેખી છે. જે ભૂતળમાંથી પાણી શોધનારા રસિકો માટે બહુ ઉપયોગી સાબિત થઈ છે. એમાં જમીનનો પ્રકાર, રંગ, દળ, ઢોળાવ અને એ વિસ્તારમાં વરસતા વરસાદનું પ્રમાણ સ્થળની દરિયાઈ સપાટીથી ઉંચાઈ જેવી અનેક બાબતોનો ખ્યાલ પણ કરાયો છે.

**ધરતીના પેટાળમાં પાણી હોવાના - બહારથી દેખાતા કેટલાક સંકેતોઃ** (૧) શિયાળાની સ્થિર હવા અને ઠંડી રાત્રિમાં ચોફાળ કે ધાબળો ઓઢ્યા વિના ખુલ્લા ખેતરમાં આંટો મારતાં જે જગ્યાએ પળ "હુંફાળું" લાગે, જ્યાં થોડો થોડો ગરમાવો જણાય તે સ્થળે થોડું વધારે પાણી હોવાનું માની શકાય. (૨) લીમડો, જાંબુડો, કરંજ, વડ, પીપળો, ગુંદી, રાયણ, ખીજડો, ખાખરો કે અરણી જેવાં કુદરતી રીતે ઊગેલા વૃક્ષોમાં આસપાસની સરખામણીએ વધુ ઘટાવાળા અને તેજસ્વી જણાતાં વૃક્ષોના ઝૂંડની જગ્યાએ વધુ પાણી હોવાની શક્યતા ખરી. (૩) જ્યાં ઊધઈને રાફડા, દેડકા, કાચબા કે ઉંદરો જેવી જીવસૃષ્ટિનો વધુ પડતો વસવાટ દેખાય એ સ્થળ પણ પાણી બાબતે સારું ગણાય. પ્રથમ આવું વિશિષ્ટ સંકેતોવાળું સ્થળ શોધી, ત્યાં નીચેના તળમાં ઉંડી તપાસ કરવાથી પાણી હોવાની ખાતરી મજબૂત બને છે.

**ભૂગર્ભ જળ કળણની પદ્ધતિઓ :** ભૂગર્ભમાં પાણી કેટલુંક છે તે જોવા-તપાસનાની પદ્ધતિઓ ઘણી છે. (૧) હોકાયંત્ર દ્વારા તપાસ (૨) લોહચુંબક અને ઓળંભા થકી તપાસ (૩) રડારના માધ્યમથી થતી તપાસ (૪) મેન્ગેટોમિકલોકેટર પદ્ધતિ (૫) ધાતુના સળિયા દ્વારા તપાસ (૬) ઈલેક્ટ્રોનિક રેજિસ્ટીવી મીટર થકી તપાસ (૭) અન્ય લૌકિક રીત થકી થતી તપાસ.

**અનુભવ એ પણ "વિજ્ઞાન" છે :** જ્યારે જમીન તપાસવાની પ્રયોગશાળાઓ અસ્તિત્વમાં નહોતી ત્યારે એ કામ "જીભ" દ્વારા જમીન ચાખીને તેની સ્વાદ પારખવાની વિશિષ્ટ શક્તિ દ્વારા એનું પરિક્ષણ કરી

# કૃષિ સૃષ્ટિ

દેનારાં માણસો મળી આવતા હતા. જેને ''ભોંયચખા''નું બિરૂદ દેવાતું. અરે ! ચોરી કરનારાના ''સગડ'' પારખી, સગડ પરથી ચોર શોધી આપનાર વિશિષ્ટ શક્તિવાળાને ''પગી'' કહેતા, તેવા જ આ ભોંયચખા ગણાતા.

તેમ આજેય ધરતીના પેટાળમાં પાણી કઈ જગ્યાએ છે તે શોધી આપનાર વિજ્ઞાનની રીતો ઘણી છે, પણ તે વધુ ખર્ચાળ અને વધુ સમય લેનારી હોવાથી એની જગ્યાએ કેટલાક પોતાની આગવી સૂઝ અને હાથવગાં સાધનો દ્વારા ભૂતળમાં સંગ્રહાયેલ પાણીના જથ્થાને વિંધતા નિશાન દેખાડનારા ''પાણીકળા'' ગણ્યાંગાંઠ્યા વિરલાઓ છે, જેનો લાભ ખેડૂત સમાજ સારીપેઠે લઈ રહ્યો છે. તેમની થોડી રીતો જોઈએ.

**(૧) ....''કહ'' અને ''આડવાણ''ના પથ્થરો તપાસીને :** લીમડિયા ગામમાં ઘેલાદાદા હતા. મેં એની પાસે ૧૯૭૨માં કૂવો ક્યાં કરવો એ અંગે તળ તપાસ કરાવેલી. તેમણે વાડીની બાજુમાં નીકળેલી નદીના કિનારે ખુલ્લા થયેલા પથ્થરો, એના કાંકરા અને રંગ તપાસ્યા. પછી ચાર-પાંચ જગ્યાએ ઉપરની માટી પૂરી થાય એટલા ઊંડા ખાડા કરાવ્યા અને એમાં નીચે કેવા કાંકરા કે ટાશમોરમ આવે છે તે તપસ્યા પછી, કઈ જગ્યાએ ''કહ'' નીકળેલ છે, અને એની બાજુમાં ક્યાંથી ''આડવાણ'' શરૂ થાય છે તેનું સંધિસ્થાન શોધી કૂવો કરવાનો પોઈંટ આપેલો. જેમાં ૧૦૦% સફળતા મળી. આજેય એ કૂવો પાણી બાબતે ખૂબ સારો આધાર છે.

આપણે સૌ જાણીએ છીએ કે ''આડવાણ'' એટલે જે પત્થરોમાં આડા પોલાણવાળા કઠણ પત્થરોના થરો, જેમાં સાંધા આડા હોય, અને એ સાંધા કે પોલાણમાં પાણીની સેરો વહેતી હોય. જ્યારે ''કહ'' એ બે આડવાણની વચ્ચે આવતો પોચા પાણાનો પડ વગરના ઊભા સુંઠિયા જેવા પત્થરોનો બંધ આડવાણમાંથી વહી આવતું પાણી વચ્ચે 'કહ' આવતાં તેને ઓળંગી શકતું નથી. તેથી ત્યાં પાણી અટકી ગયું હોય અને ત્યાં કહના પડખામાં જ આડવાણના પત્થરોમાં કુવો કે બોર કરાય તો પાણી થવાની શક્યતા વધુ રહે છે. પણ ઘણા અનુભવ પછી આ પારખી શકાતું હોય છે.

**(૨) તાંબાના સળિયાની મદદથી :** ૨ થી ૩ જાડાઈના દોઢ-પોણાબે ફૂટ લાંબા, મુઠ્ઠીમાં હાથાની જેમ પકડી શકાય તેટલી લંબાઈના કાટખુણિયા સળિયા બે હાથમાં એકબીજાની સમાંતર રહે તે રીતે નાભીસ્તરે પકડીને જમીન પર ધીરે ધીરે ચાલવાનું. જ્યાં નીચે ભૂતળમાં પાણી હોય ત્યાં હાથમાં પકડેલા બન્ને સળિયાના છેડા એકબીજાથી અપાકર્ષિત થઈ વિરૂધ્ધ દિશામાં પહોળા પડી ધીરે ધીરે ૧૮૦ અંશનો ખૂણો બનાવે છે. આ જગ્યા વધુ પાણીવાળી હોવાની શક્યતા છે. ડૉ. અનિલ ગુપ્તાના કહેવા મુજબ કોઈપણ પરમાણું તત્વમાં ઘનભાર હોય છે. એટલે બન્ને સળિયામાં અપાકર્ષણની એક સરખી અસર ઉપજતી હોવાથી બન્ને એકબીજાથી દૂર જાય છે. જે વધુ પાણી હોવાનો અણસાર આપે છે. આ પદ્ધતિ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. ૮૦-૮૫% અનુમાન સાચું પડતું હોય છે. માલપરામાં બાબુભાઈ જાદવાણી, કરમશીભાઈ સવાણી, દાસભાઈ રામાનુજ આ પદ્ધતિથી ભૂતળમાં ભરાઈ રહેલ પાણીને શોધવા સફળ રહે છે. જ્યારે ઘણાબધાની જેમ મારા હાથમાં આ સળિયા જરાયે અપાકર્ષણ દેખાડતા નથી, આ ય એક કોયડો જ ગણાય ને મિત્રો !

**(૩) વાય (Y) આકારની લીલી ડાળી દ્વારા :** ટચલી આંગળી જેવી જાડાઈનું એકાદ ફૂટ લાંબુ, બે ડાળીઓવાળું બેલાખું લઈ, તેના બે છેડા બે હાથની મુઠ્ઠીમાં પકડી છાતી સમાંતરે એકલિયો છેડો આગળ રાખી જમીન પર ચાલતાં જ્યાં પાણી હોય ત્યાં બેલાખું નીચું નમે છે. ચારે બાજુ તપાસતાં જ્યાં કેન્દ્રબિંદુ નક્કી થાય તેને દાર-બોર માટે યોગ્ય પોઈંટ ગણવામાં આવે છે.

**(૪) ધાતુના એક સળિયાની મદદથી :** મહેતા ખંભાળિયાના ગાંગજીભાઈ કાપડિયાને પાણી-પોઈંટ શોધતાં જેમણે નિહાળ્યા હોય એમને ખબર હશે કે પોતાના ડાબા હાથમાં બે ફૂટનો એક પણ જ્યાં નીચે પાણી હોય એવું સ્થળ આવતાં સળિયો મુઠ્ઠી ફરતો ગોળ ગોળ રાઉંડ ફરવા માંડે છે. બસ ! અહીં જ ગાંગજીભાઈ કૂવો કે દાર કરવાનું ચિંધતા હોય છે. મેં ૧૯૮૮માં તેમની પાસે પોઈંટ જોવરાવી દાર કરાવેલ છે. જે સારું કામ આપે. તેમણે કેટલીય સામાજિક સંસ્થાઓને દુશ્કાળોમાં વિનામૂલ્યે પાણીની પોઈંટ દેખાડી પાણીખેંચ હળવી કરાવી છે. જોકે આવી પદ્ધતિઓથી ભૂતળમાં ''પાણીનો જથ્થો છે'' એવો અંદાજ કરી શકાય છે. પરંતુ તે વહેતિયાણ છે કે બંધિયાર, તેમ જ કેટલી ઊંડાઈએ છે તેનો ચોક્કસ અંદાજ આવતો નથી.

**(૫) ઈલેક્ટ્રોનિક રેજિસ્ટીવીટી મીટર થકી :** ભૂતળનું પાણી તપાસવાની આ પદ્ધતિમાં જમીન પર મીટરને જે કેબલ જોડાયેલ હોય તેમાંથી ૯૦ વોલ્ટની સૂકી બેટરીથી જમીનમાં કરંટ પસાર કરવામાં આવે અને બીજે છેડે કરંટ પહોંચતાં કેટલી વાર લાગે છે, અને વચ્ચે ક્યા ક્યા અવરોધો ઝિલાય છે તેનો અભ્યાસ કરી પાણી ક્યાં કેટલું છે તેનો અભ્યાસ કરાય છે. પદ્ધતિ સંપૂર્ણ વૈજ્ઞાનિક હોવાછતાં એની મોટી મર્યાદા કે ઘડીકમાં નિર્ણય આપી શકતો નથી. વળી પોઈંટથી ૩૦૦ મીટર ખુલ્લી જમીન જોઈએ. ખર્ચાળ પણ ઘણી અને વાપરવાની રીત પણ ઘણી જટિલ એટલે તાલીમી માણસ વિના ચાલે નહીં. આણંદવાળા રતિભાઈ સુદાણી અગાઉથી સમય લીધો હોય તો આ પદ્ધતિથી પાણીવાળો પોઈંટ શોધી આપે છે.

જોકે આ પદ્ધતિ સિવાય પણ લીલા-સૂકા છાલા ઉખાડેલ નાળિયેરને હથેળીઓ પર ઘુમાવીને, પાટલા પર શ્રીફળ ઘુમાવીને, પાટલા પર શ્રીફળ દોડાવીને, તો કોઈ વળી ઘેર બેઠા વાડીનો નકશો દોરી તળનું પાણી શોધી આપવાનું કહી ખેડૂતોને ભરમાવનારી રીતો નીકળી પડી છે. આવી પદ્ધત્તિઓના આધારે કૂવાનો ખોપ ખોદવાની ઉતાવળ હું તો ન જ કરું. જેમાં વિજ્ઞાન ભેર ન કરતું હોય તેવી બાબતમાં આપણે પડાય નહીં. એનાથી બચવું હા, અનુભવીઓના અનુભવનો લાભ જરૂર લેવાય, પણ પાણી તો સાત ગળણે ગાળીને જ પીવાય.

મેં શાંતુ કે. દેસાઈના લખાણમાં વાંચ્યું છે કે જેઓ ''ડાબોડી'' હોય અથવા પગેથી જન્મેલા હોય એમનામાં એક વિશિષ્ટ આભા હોય છે. અને એમના હાથે મેગ્નેટિક સિસ્ટમના સાધનોનો ઉપયોગ વધુ સચોટ જણાતો હોય છે. આંતરખોજ કરજો. જે કોઈ આવી આભાવાળા હોય તે ભૂતળનું પણી શોધવાનું શીખી જાય તો સૌરાષ્ટ્રની ''નપાણિયાખેતી'' ખેતી ''પાણીદાર'' બનવાનું ભાગ્ય ખુલી જાય. **મો.-૯૩૨૭૫ ૭૨૨૯૭**

# બાલ સૃષ્ટિ




**સંપાદક :**
**ડૉ. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.


# હોળી... લાલ-પીળી ને ફૂલ ગુલાબી




**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**


બીકણ શનોડું સસલું મંત્રી બન્યું. હા, રાજા સિંહના દરબારમાં વનવગડામાં સહુ શનોડું... શનોડું કહે, પણ... મંત્રી બની ગયા પછી શનોડામાંથી શનોજી બની ગયા.

રાજા સિંહ તો ગુફામાં પડ્યા રહે, ને રાજ કરે. શનોજી મંત્રી મીઠા એવા કે ના પુછો વાત ! વ્હાલા થતાં તો બહુ આવડે. આમ ને આમ શનાજીની બોલબાલા વધી ગઈ.

'શનાજી, જંગલના રાજા સિંહ સંતામાંથી સંતાસિંહ બન્યા. તમે પણ મંત્રી તરીકે ચૂંટાયા... હવે કંઈક એવા પ્રસંગનું આયોજન કરો જે કાયમને માટે યાદગાર રહી જાય.' ગટ્ટુ ઘોડાએ એક દરખાસ્ત મૂકી.

ગટ્ટુની વાત સંતાસિંહે ધ્યાનમાં લીધી. 'શનાજી, એવું કંઈક શોધી કાઢો કે જંગલમાં બધાયને આનંદ આનંદ થઈ જાય.'

'હા... હા... ચોક્કસ મહારાજા ! તમે કામ સોંપ્યુ એ સારી રીતે પાર પાડવા માટે હું તત્પર છું. યાદ કરશે બધાય એ માહોલને.' શનાજી બોલી ઉઠ્યા.

વાત ત્યાં પૂર્ણ થઈ. બધાં સહુ સહુના સ્થાને જવા રવાના થયાં. શના સસલાને ચેન પડતું ન હતું. મગજ સતત કંઈક નવું કરવાના કામમાં વ્યસ્ત રહેતું, એટલે દર આવી ગયું છતાં ચાલતા જ રહ્યા. ચાલતા ચાલતા છેક ગામમાં આવી ગયા તોય ભાન રહ્યું નહીં.

ગામમાં હોળીના કારણે રંગો ઊડતા હતા. ગુલાલે જાણે આખું આભ ગુલાબી બનાવી દીધું. કેસૂડાંએ પણ કામણ કર્યું. ને પેલાં નાનાં નાનાં ટાબરિયાં પિચકારી ભરી એકબીજા સાથે રમતાં હતાં. એમના નાનકડા દૂધ જેવા દાંત ચમકતા હતા, બાકી બધાય થયા હતા કાબર ચીતરા. એક બાજુ ઈંટોના ઢગલા પડ્યા હતા... એની ઓથે છુપાઈને શનાજી જોઈ રહ્યા, સાંભળી રહ્યા. બસ, આવો દ માહોલ વગડામાં ઊભો કરું. આવો જલસો તો નથી સાંભળ્યો કે જોયો. સારું થયું ધૂનમાં ને ધૂનમાં અહીં સુધી આવી ગયો. "ઈશ્વ જે કરે છે તે સારા માટે" એ કહેવત મારા માટે તો સો ટકા સાચી સાબિત થઈ.

શનાજીએ તેમની ટીમના બધા સભ્યોને એકઠા કર્યાં, અને બધાને કામ સોંપી દીધું. માહોલ મજાનો હશે પરંતુ ખાનગી રાખવાની આપણી સઘળી વાત. બધાંના આનંદનો પાર ન્હોતો. "શનાજી તો શનાજી, કંઈક નવું લઈ આવવામાં એમનો જોટો ન જડે." એવાં વખાણ કરતાં સહુ છૂટા પડ્યા. નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો.

'સાંભળો.... સાંભળો.... સાંભળો... મહારાજા સંતાસિંહ અને મંત્રી શનાજીની આગેવાનીમાં સહુ મળવાના છીએ. બધાંએ અચૂક હાજર રહેવું. રાજા અને મંત્રીશ્રીની આગેવાની હેઠળ જલસા પાર્ટીનું આયોજન થયું છે. સાંભળો... સાંભળો... સાંભળો... સ્થળ છે ધારેશ્વરનો વડ.'

આખા વનવગડામાં વાત જાહેર થઈ ગઈ. સાંજના ચાર હજુ વાગ્યા ન્હોતા. નાનાં નાનાં બચ્ચાં ઉતાવળાં થઈ દોડી ગયાં. જોતજોતામાં તો ધારેશ્વરના વડલા હેઠળ બધાં ભેગાં થઈ ગયાં.

રાતો રંગ ઝાળ ઉપર બેઠેલા વાંદરાઓએ ઉડાડવા માંડ્યો... હો..હા..એ..હા.. આંખુ આભ રાતુંચોળ. વાંદરાઓ તો ફરી વળ્યા હતા મૂઠેમૂઠા ભરીને નીચે ઉભા રહેલા ઘોડાઓ રાતાચોળ.

બકરીઓ બેં... બેં... કરતી ફરી વળી, કાળો રંગ લઈને. ભાન ભૂલેલી ભેંસો રંગાઈ ગઈ કાળા રંગે. વાંદરાઓ વીફર્યા, ઝાલી બકરીઓને. પછી તો ભાઈ ભેંસો ઉપર પડેલા કાળા રંગો ઉછાળ્યા બકરીઓ ઉપર. બકરીઓ પણ બની બેઠી કાળી મેંશ. ભેંસો ઉપર બેઠેલા કાગડાઓ બાકાત રહે ? કાળીમેંશ ભેંસો જોવા કોયલડી ને કાબરો દોડી આવી તો એય રંગાઈ ગઈ કાળીભમ્મર.

આમ કરતાં કરતાં વાંદરાઓના હાથ બન્યા કાળા. બધાંને પકડી પકડીને કાળા કરતાં વળી ગયો પરસેવો, તે લૂછ્યું પોતાનું મોં. વાનરો તો ભાન ગયા ભૂલી... ચારે પગનાં તળિયાં ને મોં કાળું થયું. એટલે ગભરાયા ને નાઠા ઝાડ ઉપર 'બાપા, હવે હેઠા ઊતરવું જ નથી ને.' કહેતાં.

લીલાં પાંદડાંઓનો રસ કાઢી પોપટડાઓને રંગ્યા. પછી તો જેને જે હાથ લાગ્યો એ રંગ લઈ એકબીજાને રંગવા લાગ્યા. રાજા સંતાસિંહના હરખનો પાર ન્હોતો, તો કાળા ડામર જેવો રંગ જોઈ શનાજી ભાગી ગયા. આસપાસ જ્યાં બખોલ દેખાણી તેમાં ભરાઈ બેઠા. તોફાન મસ્તીમાં બધાં મશગૂલ હતાં. બચ્ચાંને તો આમ તોફાન કરવાનું જાણે શૂરાતન ચડ્યું હતું. રંગો લાવવાની જાણ ક્યાં હતી બધાને? એટલે માટી લઈ ફરી વળ્યા. હાથીને તો માટીથી જ રંગી નાંખ્યો. દૂર બેઠેલા સતાંસિંહ ઉપર પણ ધૂળ માટી ઊડ્યા વિના રહે ખરી ?

આજે વગડો વધારે રંગીન બન્યો. અવનવા રંગો ને જાત જાતના અવાજો. ઝાઝો શોરબકોર ને એમાં કોયલડીનાં ગીતો....

(પેઈજ નં. ૩૯ ઉપર)

# પ્રવૃત્તિ અહેવાલ




**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન


## કેન્દ્રિય સંગઠન મિટીંગ





વિશ્વ ઉમિયાધામ ખાતે તમામ સંગઠનના હોદ્દેદારશ્રીઓની મીટિંગ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન અને કેન્દ્રિય સંગઠનના ચેરમેનશ્રી ડી.એન.ગોલના અધ્યક્ષ સ્થાને મળી. જેમાં સંસ્થાના સંગઠન તેમજ વિવિધ પ્રવૃત્તિઓ અંગે ચર્ચા - વિચારણા કરવામાં આવી.

## વડોદરા રીજીયન મિટીંગ





તા. ૦૮-૦૫-૨૦૨૫ ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વડોદરા શહેર - જીલ્લા સંગઠનની મીટિંગ સંસ્થાના પ્રમુખશ્રી આર.પી. પટેલની અધ્યક્ષતામાં મળી. જેમાં મીટિંગ દરમિયાન વડોદરા શહેરમાં સંસ્થાનું કાર્યાલય શરૂ કરવા બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

## પાટડી દરબારશ્રી કર્ણીસિંહજી કિશનસિંહજી દેસાઈ મા ઉમિયાના દર્શનાર્થે





તા. ૦૯-૦૫-૨૦૨૫ ના રોજ વિશ્વ ઉમમિયાધામ - અમદાવાદ ખાતે પાટીદાર દરબાર કર્ણીસિંહજી દેસાઈએ જગતજનની મા ઉમિયાની પૂજા-અર્ચના - મહાઆરતી કરી ધન્યતા અનુભવી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે મહાઆરતી - ધર્મસભા





વિશ્વ ઉમમિયાધામ ખાતે દર રવિવારે સામાજીક, સનાતન ધર્મ તેમજ બૌદ્ધિક વિષયો ઉપર મા ઉમિયાની સંધ્યા આરતી બાદ ધર્મસભાનું આયોજન કરવામાં આવતું હોય છે, તે અંતર્ગત તા. ૧૧-૦૫-૨૦૨૫ ના રોજ વક્તાશ્રી મૌલિકભાઈ સોની - મોટીવેશનલ સ્પકીર દ્વારા બૌદ્ધિક વિષય ઉપર ધર્મસભા કરેલ, જેમાં મોટી સંખ્યામાં ભાવિક-ભક્તો ઉપસ્થિત રહી લાભ લીધેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે નવચંડી યજ્ઞનું આયોજન





વિશ્વ ઉમિયાધામ ખાતે દર પૂનમે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવતું હોય છે. તે અંતર્ગત તા. ૧૨-૦૫-૨૦૨૫ વૈશાખ પૂનમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી મયુરભાઈ બી. પટેલ - પરિવાર સાથે જોડાઈને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ શુભ પ્રસંગે હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ ભાવિક - ભક્તોએ ઉપસ્થિત રહી પૂજા - અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી.

## ધોળકા ખાતે દિવ્યરથ પરિભ્રમણનું આગમન





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા જગતજનની મા ઉમિયાના દિવ્યરથના પરિભ્રમણનો શુભારંભ અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકા ખાતે કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ/બહેનોએ ઉપસ્થિત રહી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## VUF - ભુજ તાલુકા મહિલા સંગઠન દ્વારા રક્ષાશક્તિ કાર્યક્રમનું આયોજન









વિશ્વ ઉમિયાધામ ખાતે VUF - ભુજ તાલુકા સંગઠન દ્વારા રક્ષાશક્તિ - એક કદમ આત્મરક્ષાકી ઓર અંતર્ગત તલવાર બાજી તેમજ માર્શલ આર્ટ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં સર્વે સમાજની દિકરીઓ જોડાઈને સુંદર તલવાર બાજીનું આકર્ષક લાઈવ પર્ફોર્મેન્સ રજૂ કરેલ. આ દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સંસ્થા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ.

## મહાઆરતી - ધર્મસભા





વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે તા. ૨૫-૦૫-૨૦૨૫ ના રોજ શ્રીમતી અભિતાબેન પટેલ (લોકગાયિકા) જેમના મધુર કંઠે મા ઉમિયાની આરતી ગવાયેલ છે, તેઓ પરિવાર સાથે આરતી - દર્શન કરીને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. ત્યારબાદ ધર્મસભાના વક્તા પ્રો. ડો. જે. એમ. પનારા (તંત્રીશ્રી ઉમાસૃષ્ટિ) દ્વારા ઉપસ્થિત ભાવિક-ભક્તોને ધર્મજ્ઞાન તેમજ મંદિર નિર્માણ અંતર્ગત જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

VUF INSTITUTE CIVIL SERVICES

Vishv UMIYA Foundation

## First Time In India

### After 12th (H.S.C)

**Your Journey to becoming an IAS/IPS Officer starts here...**

# Bachelor of Arts in Civil Services

### A Gateway to UPSC, GPSC & Beyond !




**Invented & Execution By**

## Vishv Umiya Foundation

**Degree & Campus Offered by**

**Swaminarayan University Kalol** | **Institute of Advance Research Gandhinagar**

**Enrollment Started from May - 2025 | Limited Seats. Apply Today.**

# Why Choose B.A. Civil Services?




A specialized **undergraduate program designed for 12th (HSC) pass-out** students (any stream) who aim to succeed in UPSC, GPSC, and other competitive government exams. This course blends core humanities education with focused, exam-oriented learning to build a strong foundation for future civil servants.

While earning your degree, you also prepare for UPSC/GPSC — **saving 2–3 years of post-graduation preparation.** The degree is **fully recognized and equivalent to any Bachelor of Arts program**, making you eligible for further studies and government job opportunities.

## Course Highlights :

- **Dual Advantage :** BA Degree + UPSC/GPSC Preparation
- **Integrated preparation** for UPSC/GPSC Prelims, Mains & Interview
- **Core subjects:** History, Polity and Governance, Geography, Economy.
- **Specialized modules** on Current Affairs, Essay Writing, and Civil Services Aptitude Test (CSAT)
- **Mentorship** by experts and former civil servants
- **Fully P to I Approach :** Regular mock tests, Interview training, and answer writing Practices
- **Visit** to Historical Sites, Heritage & Cultural Sites, Government Offices, Police Training Academy.
- **Dissertation**
- **Sports activities**
- **Skill Enhancement & Development** to get Officer's Like Qualities, (OLQ's)

Vishv UMIYA Foundation




## : Eligibility :

10 + 2 (any stream)
from a recognized board

## What Makes Us Different?

- Civil Services-focused curriculum from Day 1
- Updated study material aligned with UPSC/GPSC trends
- Peer learning, debates, and public speaking platforms
- Ethics, Integrity, and Aptitude sessions
- Access to digital libraries and test series
- Field Visits

## : Career Opportunities :

**UPSC**
IAS, IPS, IFS, IRS & Other Central Govt. Officers

**GPSC (Class 1 & 2)**
SDM, Dy.SP, Asst. Comm. State Tax (ACST), Mamlatdar, Chief Officer, TDO Etc.,

**Banking & Staff Selection Commision**

**Research & Policy Think Tanks**

**Recruitments under**
High Court & Other Lower courts, GSSSB, GPSSB, Gujarat Police Recruitment Board, Municipalities, Public Sector Jobs (Center & State), Other Government bodies

**NGOs and International Agencies**

**Legislative Assistant to Member of Parliament (LAMP)**
Fellowship Role for MPs & MLAs:
Policy research, Drafting questions, Speeches & Other Public Relation Officer role.

ENROLL NOW

# ADMISSION

OPEN

Vishv
UMIYA
Foundation

**Invented & Execution By**

## Vishv Umiya Foundation

**Degree & Campus Offered by**

**Swaminarayan University**
At & Po. Shree Swaminarayan Vishvamangal
Gurukul, Ahmedabad, Mehsana Highway,
Tal. Saij, Kalol, Gujarat 382725
1800 203 7800 / 72020 80202

**Institute of Advance Research**
Institute of Advanced Research,
Koba Institutional Area,
Gandhinagar - 382426, Gujarat
+91 99249 58138

For any query contact us on
72020 80202

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025

Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721




siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229

GUJRERA.GUJARAT.GOV.IN